संक्षिप्त धर्मारण्य.

किंमत रु. १) ४५

ગ્રહશાળા બનાવી મેહેલના આકારનાં અને ચુનાથી
ોભાયમાન ઘરો, વેદ ભણવાને શાળાઓ સુશોભીત
ાળાઓ, જુદા જુદા પ્રકારની હોમ કરવાની જગાએ,
શાળ પોળો, મેહેલો, મઠો, યોગીના આશ્રમો, ધર્મશા-
ઓ, અખુટ જળવાળી કમળ જેવી પાળથી દીપતી હંસ
ંડ નામના પક્ષીઓએ સેવન કરેલી પગથીઆંવાળી વાવ
ારકોટ અને મધ્યમાં શેવકોને સારૂ છત્રીશ હજાર ઘર
ાં આ પ્રમાણે વિશ્વકર્માએ શોભાયમાન વિશાળ ન-
ાવી પરમાત્મા વિષ્નુને દેખાડયું. પછી એ ત્રણે દે-
. મળીને યોનીદ્વારોએ નહી ઉત્પન્ન થએલા અઢાર
જાર ત્રેવીધ બ્રાહ્મણોને વસાવ્યા. તેમાંના છ હજાર સાત્વીક
ુવાળા વિષ્નુએ છ હજાર રાજસ ગુણવાળા બ્રહ્માએ,
છ હજાર તામસ ગુણવાળા શીવે ઉત્પન્ન કર્યાં. એ
ે ઉતમ, મધ્યમ અને અધમ એવા ત્રેવીધ બ્રાહ્મણો
ા. ચોવીસ ગોત્ર સ્થાપન કર્યા એ ગોત્રમાં પ્રવર અને
ગોત્રદેવીઓની કલ્પના કરી. બ્રાહ્મણોની જીવીકાને સારૂ ગામ
શોભાયમાન પૃથ્વી અને ધાન્ય પાકે એવાં વીવીધ ખેતરો
આપ્યાં ઠેકાણે ઠેકાણે શોભાયમાન વન અને વાડીઓ
આવી રહીછે. કોયલ ટોકા કરી રહી છે અને ઝાડોથી બેઉ
ારફના રસ્તા છવાઈ રહ્યા છે. ત્યાં આગળ વાવ, કૂવા, અને

ૈરો આવી રહેલાં છે. જ્યારે ત્યાં વાસ્તુ પૂજ્ન કર રાચરચીલાં સહીત દેવતાના ઘરની બરોબરી કરે તે ઘરો દાનમાં આપ્યાં. હે ભારત સઘળાં તિર્થમાં શ્રેષ્ટ એ જે ધર્મારણ્ય પૃથ્વી વિષે છે તેની મેં તને આ પ્રમાણે ત્પત્તી કહી સંભળાવી હે નૃપ ત્યાં આગળ ધર્મ રાજા વિષ્નુએ, સૂર્યની સ્ત્રીએ, અને મુનીઓએ પૂર્વે તપ કર્યું એ અશ્વિની કુમારને સૂર્યે સંજ્ઞાથી ઘોડાનું રૂપ ધારણ રીને ત્યાં ઉત્પન્ન કર્યા હતા ત્યાં આગળ સૂર્યકુંડ અ વીત્ર છાયાકુંડ છે, ખ્યાતી પામેલો બકુલ નામનો કસ્યપનો પુત્ર છે, ધર્મ કુપ અને ધર્મેશ નામના મહાદ નદીઓમાં શ્રેષ્ટ એવી રૂપ્પા નામની નદી છે, દેવ સરો છે, પવીત્ર ધારા કૂપ છે, નાગ કૂપ તેમજ પવીત્ર હિ નામની વાવ છે, પ્રખ્યાત લંબોદર ગણપતી દક્ષિણ દ બ્રહ્મ તિર્થ, વિષ્નુ તિર્થ, રૂદ્ર તિર્થ, ઇંદ્ર તિર્થ, વાયુ રવી તિર્થ, વરૂણ તિર્થ વન્હી તિર્થ, અને કુબેરનું ભુવ.૭.

હે ભૂપતિ યુગે યુગે ધર્મારણ્યનાં જુદાં જુદાં નામ થાયછે તે વિષે કહું તે તું એક ચીત્તથી સાંભળ. કૃત યુગમાં (સત્ય યુગમાં) તેને ધર્મારણ્ય કહેછે, ત્રેતાયુગમાં તેને સત્ય મં દિર કહેછે, દ્વાપર યુગમાં તેને વેદ ભુવન કહેછે. અને ક ળીયુગમાં તેને મોહેરકપુર કહેછે. યુધિષ્ટિર બોલ્યા, હે મ

.ારાજ ત્યાં જે બ્રાહ્મણોને ઉત્પન્ન કર્યા તેમનાં ગોત્ર, પ્રવ
અને ગોત્ર દેવીઓ વીસ્તારી કહો, બ્રાહ્મણો કેવા શાન્ત પ્ર
ીના હતા ધર્મ કેવી રીતે પાળતા હતા, અને તેમનામાં
, વિનય, અને વિત શું હતું તે પણ વિસ્તારી કહો.
.:જન હું તને ચોવીસ ગોત્ર, તે ગોત્રોમાં જે પ્રવરો છે
પ્રવરો અને ગોત્ર દેવીઓ એ સઘળું વિસ્તારી કહુંછું તે
ાંભળ.

ંગ્યાયન—તેનાં પાંચ પ્રવર છે (૧) ભાર્ગવ (૨) ચ્યવન
૩) આપ્નવાન (૪) ઉર્વ (૫) જમદગ્ની તેના મુખ્ય
મુની કહેવાએલા છે તેમાં હમેશાં શાન્તી કરનારી
શાન્તા નામની ગોત્રદેવી છે. સર્વ સંકટને દૂર કરનારી
તે મોટા ક્ષેત્રમાં રહેછે. જે બ્રાહ્મણો આ ગોત્રમાં છે
તે વેદ અને વેદાંગનો પાર પામેલા છે. તેઓ શામ
વેદી છે અને યજ્ઞના વિશેષાધીકારી છે. ઉદ્‌ગાતાના
કર્મમાં સઘળા કુશળ છે. ને હમેશાં દાન આપવા-
માં ને-ધર્મ પાળવામાં તત્પર છે રૂગવેદ, યજુરવેદ,
અને શાંમ વેદમાં કુશળ અને યજ્ઞ કરતા છે. શાસ્ત્રને
જાણવાવાળા, જ્ઞાનની ઈચ્છાવાળા શાંખ્ય યોગમાં
કુશળ, અન્ન આપનાર, જળ આપન.ર, શાન્ત સ્વભા-
વવાળા સત્ય અને શૌચ પાળનાર અને ઘણાજ
દયાળુ છે.

) શાંખ્યાયન—તેનાં ત્રણ પ્રવર છે (૧) વિશ્વામિત્ર, (૨ બીલ્વ (૩) અને કાત્યાયન. ગોત્રદેવી સુખ અને ઇચ્છેલાં ફળ આપનારી વીખ્યાતા છે. જે બ્રાહ્મણો ગોત્રમાં છે તે છ કર્મ કરવામાં તત્પર છે. વેદ ઘામાં નીપુણ, ધર્મ શાસ્ત્ર જાણનાર, અને પાપ ગરના છે.

(૩) કૃષ્ણાત્રેય—તેનાં ત્રણ પ્રવર છે. (૧) અત્રીય (૨ વંનામા (૩) શાબાશ્વ. તેમાં સુખ આપનારી વી ભદ્રાયોગીની છે. આ ગોત્રમાં થએલા નઠારા, દ્વેશ કરનારા, લડાઈ કરવામાં હુશીઆર વેદ પાઠને જાણવાવાળા છે.

(૪) માંડવ્ય—તેનાં પાંચ પ્રવર છે (૧) ભાર્ગવ (૨) (૩) આપ્નુંવાન (૪) ઉર્વ (૫) જમદગ્ની. યશ પનારી ધારા ભટ્ટારીકા નામની ગોત્રદેવી છે. ગોત્રના બ્રાહ્મણો સારા વેશવાળા, અહંકારી, અને સ્નાન કરવામાં તત્પર, રોષ અને લોભવાળાછે.

(૫) વૈશંપાયન—તેનાં ત્રણ પ્રવર છે (૧) અંગીરસ (૨) અંબરીશ (૩) યૌવનાશ્વ મોટા દુઃખનો નાશ કરનારી છત્રાખ્યા નામની દેવી છે. આ ગોત્રના બ્રાહ્મણો બીજાનું છીદ્ર ઉઘાડું કરનાર, શીળ અને સાચા વ્રતને

પાળનાર, પંડીત, દૂશી, વાદવીવાદ કરનારા, અને વેદ ભણુવાવાળા છે.

ત્સ્યસ—તેનાં પાંચ પ્રવર છે (૧) ભાર્ગવ (૨) ચ્યવન આપ્નુવાન (૪) વત્સ (૫) પુરોધસ પ્રખ્યાત ા નામની ચાર ભૂજાવાળી ગોત્રદેવી છે. આ ા બ્રાહ્મણો દાન આપનારા વિદ્યા ભણુવામાં હું-રાઆર, બ્રાહ્મણોને ભોજન કરાવવામાં તત્પર, અને ાસ્તુ પૂજાને જાણુવા વાળા છે;

યપ—તેનાં ત્રણ પ્રવર છે (૧) કશ્યપ (૨) વજત્રન (૩) ધ્રુવ. ખ્યાતીવાળી મનોહર ચાર ભૂજાવાળી શોભાયમાન અને શુભ કરનારી સિંહ ઉપર સ્વારી કરનારી ગત્રાડા નામની ગોત્ર દેવી છે. આ ગોત્રના બ્રાહ્મણો ગુરૂની ભક્તિવાળા, તામસી, શૂરા, લઢાઈની ઈચ્છાવાળા અને જમવામાં તત્પર છે.

(૮) ધારણુસ—તેનાં ત્રણુ પ્રવર છે, (૧) અગસ્તિ (૨) દત્તિવ્ય (૩) વેધ્યાવાહ. ગોત્રદેવી છત્રજા છે. આ ગોત્રના બ્રાહ્મણો જપધ્યાન કરવાવાળા, પૈસાદાર, ક્રોધી અને અદેખાઈ કરનારા છે.

(૯) લોગાક્ષ—તેનાં ત્રણ પ્રવર છે (૧) કશ્યપ (૨) શરદ્વાત (૩) શારસ્તંબ કુળદેવી ભદ્રાયોગીની છે. આ ગોત્રના

બ્રાહ્મણો ક્રોધી, ધર્મમાં તત્પર, સારા આચરણવા
દયાવાળા તેમજ ભોજન કરનારા છે.

(૧૦) કૌશીક—તેનાં ત્રણ પ્રવર છે (૧) વિશ્વામિત્ર, (૨
વરાજ (૩) ઉદ્દાલક. હમેશાં રક્ષણ કરનારી "
નામની ગોત્રદેવી છે. આ ગોત્રના બ્રાહ્મણો
ઘામાં વીચીક્ષણ, અભિમાની, લોભી અને
ણીઓપર દ્વેશ કરનારા છે.

(૧૧) ઉપમન્યુ—તેનાં ત્રણ પ્રવર છે (૧) વસિષ્ટ (૨
૬ (૩) ભારદ્વાજ સુખ આપનારી ગત્રાડા "
ગોત્રદેવી છે. આ ગોત્રના બ્રાહ્મણો હુશીઆર, :
માની, લોભી, ઘણી આશાવાળા; પાઠ ભણનાર અને
જીતેંદ્રીય છે.

(૧૨) વાંચ્છાયન—તેનાં પાંચ પ્રવર છે. (૧) ભાર્ગવ (૨)
ચ્યવન (૩) ઉદ્દાંત (૪) આપ્નુંવાન (૫) ઉર્વ ભટ્ટા-
રીકા નામની ગોત્રદેવી છે. આ ગોત્રના બ્રાહ્મણો શા-
ન્ત પ્રકૃતીવાળા, ધર્મશાસ્ત્રમા નીપુણ, યોગ સાધવાની
ઈચ્છાવાળા; અભીમાની, અને ભીક્ષુક છે.

(૧૩) કુત્સ—તેનાં ઉપર કહેલાં પાંચ પ્રવર છે. ગોત્ર દેવી
ચંડીકા છે. આ ગોત્રના બ્રાહ્મણો ધર્મ પાળનાર, દ-
યાળુ, સારા રૂપાળા અને દેવી ભક્ત છે.

ભારદ્વાજ—તેનાં ત્રણ પ્રવર છે. (૧) આંગીરસ (૨) બાર્હસ્પત્ય (૩) ભારદ્વાજ ઘણા બળવાળી ગત્રાડા નામની ગોત્ર દેવી છે. આ ગોત્રના બ્રાહ્મણો વિદ્વાન, કર્મ કરવામાં શીળા, વિવાદ કરનારા, માનવાળા, અને [illegible] કરનારા છે.

[illegible]ય—તેનાં ત્રણ પ્રવરછે (૧) ગાંગીય (૨) ગંગીય (૩) શંખીની. સુખ આપનારી શિંહા રોહા નામની ગોત્રદેવી છે. આ ગોત્રના બ્રાહ્મણો શૂરા, આયુર્વેદને જાણનારા, જોતિષ જાણનારા, ભાગ્યશાળી, મોહને વશ થએલા, અને મદવાળા છે.

(૧૬) શૌનક—તેનાં ત્રણ પ્રવર છે (૧) ભારદ્વાજ (૨) ગાર્ત્સમદ (૩) શૌનક. શાન્તી કરનારી પ્રખ્યાતી પામેલી શાન્તા નામની ગોત્રં દેવી છે. આ ગોત્રના બ્રાહ્મણો વેદના અર્થ કરનારા, તત્વને જાણનારા, સલાહ આપનાર, શીવનું આરાધન કરનારા અને ક્રોધી છે.

(૧૭) કુશીકસ—તેનાં ત્રણ પ્રવર છે. (૧) વિશ્વામિત્ર (૨) દેવરાજ (૩) ઉદ્દાલક ઘણી બળવાન તારણા નામની ગોત્રદેવી છે. આ ગોત્રના બ્રાહ્મણો નઠારા, ક્રૂર, દ્વેશી, કાળજાણનારા, મંદ બુદ્ધિવાળા, અને એક બીજાની સાથે કજીઆ કરનારા છે.

(૧૮) ભાર્ગવી—તેનાં પાંચ પ્રવર છે. (૧) ભાર્ગવ (૨) ચ્યવન (૩) જૈમિનિ (૪) આપ્નુવાન (૫) મંથિવિસા
ક્ષી ચામુંડા ગોત્ર દેવી છે. આ ગોત્રના બ્રા
સ્ત્રીઓ સાથે વાદ કરનારા અને ક્રૂર કર્મ કરનાર

(૧૯) પૈલમ—તેનાં ત્રણ પ્રવર છે. (૧) અત્રીરર્ચિ (
(૩) કણ્વ. દ્વારવાસિની નામની ગોત્ર દે
ગોત્રના બ્રાહ્મણો ઘણા ભાગ્યશાળી, શાન્ત સ્વ
અને સર્વ શાસ્ત્રમાં કુશળ છે

(૨૦) અંગીરસ—તેનાં ત્રણ પ્રવર છે. (૧) અંગીરા
ઔતથ્ય (૩) ગૌતમ. ગોત્ર દેવી માતંગી છે. આ
ત્રના બ્રાહ્મણો વેદનો પાર પામેલા, યજ્ઞ કરવાના
ચ્છાવાળા, અને ઘણું તપ કરનારા છે.

(૨૧) અત્રિ—તેનાં ત્રણ પ્રવર છે. (૧) આત્રેય (૨) આર્ચનામા (૩) શાબાશ્વ કુળદેવી ચંડીકાછે. આ ગોત્રના બ્રાહ્મણો શ્રુતીશાસ્ત્રના અર્થ અને તત્વને જાણવાવાળા તેમજ યોગ શાસ્ત્રમાં વિચીક્ષણ છે.

(૨૨) અઘમર્ષણ—તેનાં ત્રણ પ્રવર છે. (૧) ભારદ્વાજ (૨) ગૌતમ (૩) અઘમર્ષણ ગોત્રદેવી દુર્ગા છે, આ ગોત્રના બ્રાહ્મણો અગ્નિહોત્રી ધર્મશીળ, સોમવલ્લીનું પાન કરનારા, સત્ય બોલનાર, સારી મતીવાળા, અને વેદ માર્ગ પ્રમાણે ચાલનારા છે.

૧) જૈમિની—તેનાં ત્રણ પ્રવર છે. (૧) વિશ્વામિત્ર (૨) દેવરાજ (૩) ઉદ્દાલક સર્વ ઈચ્છા પૂરી પાડનાર વિ-શાલાક્ષી ગોત્રદેવી છે. આ ગોત્રના બ્રાહ્મણો કવિ, વે-દના પાઠ કરનારા, જુના ઈતીહાસમાં નીપૂણ, વિદ્વાન, પૈશાદાર, અને ધર્મમાં તત્પર છે.

ગાર્ગ—તેનાં ત્રણ પ્રવર છે. (૧) ભાર્ગવ (૨) ચ્યવન આપ્નુંવાન ગોત્રદેવી ચામુંડા છે. આ ગોત્રના બ્રા-હ્મણો સત્ય, શોચવાળા, અને દયાળુ છે.

ષ્ઠિર બોલ્યા, સઘળા વાણીઆ કેવી રીતે, શેમાંથી થયા, કેવા થયા, તેમની સંખ્યા કેટલી હતી, તેમનો ા રીતે આરંભ થયો અને તેઓ શો ધર્મ પાળતા તે મને તમે કૃપા કરી કહો. તેઓ સઘળાની જીવીકા શી હતી, તે-મનાં કુળ અને કુળદેવતાં કોણ હતા, તેમનો આચાર શો હતો, તેઓની સ્ત્રીઓને કેવી રીતે ગ્રહણ કરી, કેની આ-જ્ઞાથી વસ્યા, ક્યાં આગળ રહ્યા, અને તેઓના કેવી રીતે સંસ્કાર કર્યા તે વિસ્તારી મને કહો. સૂત બોલ્યા, જ્યારે યુધિષ્ઠિર રાજાએ આ પ્રમાણે પૂછ્યું ત્યારે ધૌમ્ય સનાતન વિષ્નુને નમસ્કાર કરીને બોલ્યા, હે રાજન, બ્રહ્મા, વિષ્નુ અને શીવે બ્રાહ્મણોને સ્થાપ્યા, તેથી તે ત્રૈવિદ્ય કહેવાયા, તેઓએ એ ત્રણે દેવાને કહ્યું કે અમારામાંના કેટલાક હમે-

શાં તપ કરવા વાળા છે, કેટલાક યજ્ઞ કર્મ કરવાની ઈ
વાળા છે, કેટલાક યોગાભ્યાસ કરવાની ઈચ્છાવાળા છે,
ટલાક વેદાભ્યાસ કરવાની ઈચ્છાવાળા છે, કેટલાક સાં
વિચાર કરવાવાળા છે કેટલાક બ્રાહ્મણો જ્ઞાની છે, કે
ભણવાની ઈચ્છાવાળા છે, કેટલાક વિશ્નુની ભક્તિ
વાળા છે, કેટલાક રૂદ્રની સ્તુતી કરવાની ઈચ્છાવા
અને કેટલાક ધર્મ વિશે વાદવીવાદ કરવાવાળા છે,
સઘળા બ્રાહ્મણો ધર્મચર્ચા કરવાવાળા છીએ માટે
સરા ગ્રહ કૃત્ય સારૂં એક ક્ષણ નવરા નથી, મનુષ્ય
લભ છે; તેમાં દ્વિજપણુંતો ઘણુંજ દુર્લભ છે. આ સ
ગરના સંસારમાં દેહ ક્ષણભંગુર છે; ઘરના કામમાં રોકાએલા
અમે ધર્મનું ચિંતવન કેવી રીતે કરીએ અને અમારા મ-
નોરથ સિદ્ધ યતા નથી માટે હે દેવો અમે શું કરીએ.
કરોડો નદીઓને સમુદ્ર પાણીથી ભરેછે તેમજે તમે ઘરના
કામસારૂં મનુષ્ય પૂરાં નહીં પાડાતો નીચ માણસો ઘરનાં
કામસારૂં ભટકશે, તેથી કરીને તેઓમાં તૃષ્ણાને લોભનો
ઉદય થશે અને જ્યારે લોભ થશે ત્યારે ધર્મ, જ્ઞાન, તેમજ
સુખ ક્યાંથી મળવાનું એકલા લોભથીજ સઘળી વિદ્યા તે-
મજ સઘળા ગુણો નાશ પામે છે તેમાં સંશય નથી. લોભ
તેમજ બીજા દુર્ગુણોથી જેનાં ચિત્ત ઘેરાએલાં છે તેવામાં

ં રહેતો નથી તેથી હે દેવ જે કરવાથી અમને સુખ થાય
કરો. સુખથી અને ધર્મ જાળવવાથી ઘરનું કામ થાય
તેથી હે દેવો અમારા ધર્મમાં વિઘ્ન ન થાય તેમ કરો.
નાં આવાં વચન સાંભળીને બ્રહ્મા, વિશ્નુ, અને શંકરે
પ્રસન્ન થઈ કામધેનુનું ચિંતવન કર્યું એટલે તે ગાય ત્યાં
. ગાએ નમસ્કાર કરી દેવોને કહ્યું કે મારે જે
હોય તે મને કહો. તમે મને શું કામ કરવા બોલાવી
્રહ્માએ તેને કહ્યું કે હે દેવી મારૂં વચન તું સાંભળ.
ોની મા છે, આદીત્યોની બેનછે, વસુની દીકરી છે, અને
ાાં ફળ આપનારી છે. બ્રાહ્મણોના હીતને માટે તું અ-
કાર્ય કર. યોનીમાંથી ઉત્પન્ન થએલા નહી એવા ઘણા
ભાગ્યશાળી, સઘળા કામમાં કુશળ કામદેવના જેવા રૂપ
વાળા હમેશાં સેવા કરે એવા, ધર્મની ઇચ્છાવાળા, વિશ્નુની
ભક્તિ કરનારા છત્રીસ હઝાર સેવકોને ઉત્પન્ન કર. આવી
રીતનું બ્રહ્માનું વચન સાંભળીને કામધેનુએ પોતાના આગલા
પગની ખરીથી પૃથ્વીને ખોદી એટલે તેમાંથી યોનીમાંથી
ઉત્પન્ન નહી થએલા એવા છત્રીસ હજાર વાણીઆ ઉત્પન્ન
થયા તે સઘળાએ હાથ જોડીને બ્રહ્માને કહ્યું કે હે દેવનાદેવ
તમે અમને શા સારૂં ઉત્પન્ન કર્યાં; અમારૂં કર્મ શું છે, અ-
મારી આજીવીકા શી, કીયો ધર્મ ને અમારે રહેવાનું ઠે-

કાણું કયાં અને અમારૂં નામ શું તે હે વિભો તમે કાં
આચાર કીઓ, અમારા સંસ્કાર શા, ગોત્ર, અને ગોત્ર દે
ઓ કઈ, અમારે કોની સાથે સંબંધ રાખવો; અ
સ્ત્રીઓ નથી માટે વૃદ્ધિ કેવી રીતે થશે. બ્રહ્મા બોલ્યા,
યની ભુજામાંથી ઉત્પન્ન થયા માટે તમે ગોભુજા (ગ
કહેવાશો. ત્રણ દેવના વચનથી થયા માટે ત્રૈવિધ્ય
ના તમે શેવકો થાઓ તેમની સ્ત્રીઓ સારૂં દેવતાએ
વસુ ગાંધર્વનું ચિંતવન કર્યું. બ્રહ્માએ આંખ મીચીને સ્મ
કર્યું તેવોજ પ્રજાપતિ ગાંધર્વનો રાજા આવ્યો. જમીન
પર માથું નમાવીને નમસ્કાર કરી બ્રહ્માના પગને
કરી નમ્ર વાણી બોલ્યો હે મહારાજ, મને શા વાસ્તે
લાવ્યો; જે કામ હોય તે તમે સુખેથી કહો. હું તમારે વશ
છું અને તમારો શેવક છું માટે મને આજ્ઞા આપો. બ્રહ્માએ
ગાંધર્વનું આવું વચન સાંભળીને મેઘ જેવી ગંભીર વાણીથી
કહ્યું કે બ્રાહ્મણોની સેવા કરવાને કામધેનુ ગાએ બળવાન
વાણીઆ ઉત્પન્ન કર્યા છે; તેઓ ગોભુજા કહેવાય છે.

તેમને ઘરના કામ સારૂં સ્ત્રીઓ આપવી કે જેથી તેઓ
ધર્મિષ્ટ બ્રાહ્મણોના શેવકો થાય મનવડે ઉત્પન્ન કરીને સ્મીત
હાસ્યવાળી, ધર્મ જાણનારી, સારાં આચરણવાળી, પતિવ્રત
ધર્મ પાળનારી કન્યાઓ આપો ગાંધર્વે આવું વચન સાં-

મળીને અદ્દભુત, શોભાયમાન, રૂપાળી, અને મનોહર કન્યા-
ઓનું નિર્માણ કર્યું. ગ્રહસ્થાશ્રમની સીદ્ધીસારૂં દિવ્ય રૂપવાળી
વરારોહા, સારા કેશવાળી, અને જેની કેડો પાતળી છે તેવી
કન્યાઓ વાણીઆઓ માટે નિર્માણ કરી પછી બ્રહ્માએ તે-
મને પોતાના ધર્મ નીચે પ્રમાણે કહી સંભળાવ્યા. પંચ યજ્ઞ
કરનારા, વેદને જાણનારા બ્રાહ્મણો જાત કર્માદી સંસ્કાર કરશે
તમારે તેમની હમેશાં સેવા કરવી તેઓના ઘરનું સઘળું
કામકાજ કરવું. બ્રાહ્મણના ગામનું જેમ બને તેમ રક્ષણ
કરવું ધાન વાવેલાં ખેતરોનું રક્ષણ કરવું. ગાઓને પાળવી
નિર્મળ મનથી વહેપાર ચલાવવો. લોભ અભિમાન, દંભ
અને ક્રોધ કરવો નહિ કોઇપણ વખતે અસત્ય ભાષણ ક-
રવું નહિ. હમેશાં સત્ય બોલવું બ્રાહ્મણોને ઠગવા નહિ કારણ
કે તેઓ તમારા ગુરૂ છે જે માણસ બ્રાહ્મણનો દ્રોહ તથા
[illegible]પટ કરેછે તે મારૂં, વિષ્ણુનું, અને રૂદ્રનું હાસ્ય કરેછે. બ્રા
[illegible]ણ અમારા પ્રાણ છે અને અમારૂં સ્વરૂપ પણ બ્રાહ્મણોજ
[illegible] તેઓ વેદ વેદાંગને ધારણ કરેછે. પોતાના ધર્મની ઈચ્છા-
[illegible]ળા વેદ સંપન્ન બ્રાહ્મણો વિષ્ણુરૂપ, શીવરૂપ અને બ્રહ્મારૂપ
[illegible]ણાએલા છે હે વણીકો આ પ્રમાણે જાણીને ત્રૈવિધ્ય બ્રાહ્મ-
[illegible]ની અને અમારી દંભ વિના શેવા કરો. ત્રણે દેવોએ વા-
[illegible]ીઆઓને આ પ્રમાણે આજ્ઞા કરીને બ્રાહ્મણોના ઘર પાછળ

કિલ્લાની બહાર રહેવાને ઘર આપ્યાં. આવી રીતે સઘળા બ્રા-હ્મણો અને વાણીઆઓ તે શોભાયમાન નગરમાં વસ્યા.

તે નગરમાં વાવ, કૂવા, સરોવરો અને સઘળે સ્થળે નવાણો આવી રહેલાં છે. રમણીક અને પ્રિય લાગે એવી વાડીઓ છે. શાળ, તાડ, તમાલ, જાંબુ, આંબો કેળ, અને શેરડીનાં ખેતરો સઘળે ઠેકાણે છે. બકુલ, અશોક, તીલ, મંદાર, ચંપા, અશ્વથ્થા (વડ) પીંપળા, અખોડ અને દે-વદારૂનાં ઝાડો ત્યાં આવી રહેલાં છે.

દાડમ, વરખડો, ભુતખંડો, ખજુરી, નાળીએરી, પૂગ (સોપારી) ચંદન વૃક્ષો, ફનસ, બીજપૂર, જંબીર, નાગકે-સર, કદમ, મુચુકંદ, માલતી, મલિકા, વગેરે ઝાડો જેના ઉપર ભમરા ભમેછે એવાં કેતકીવાળા વન ત્યાં આગળ છે સર્વ ઠેકાણે સ્થંભ અને પવીત્ર વેદીઓ તેમજ શોભાયમાન પવીત્ર વનો આવી રહેલાં છે. ઘેર ઘેર બ્રાહ્મણો વેદનો પાઠ કરેછે અને હોમના ધુમાડાથી આકાશ છવાઇ જાયછે તેથી તે મેઘના જેવી શોભાવાળુ દેખાય છે. એ પ્રમાણે સર્વ શ્રેષ્ટ દેવોએ નિગમ તેમજ નિલયવાળું રમણિક સ્થળ બ-નાવી બ્રાહ્મણોને વસાવ્યા. તેમને કેવા કેવા પ્રકારનું સુખ મળ્યું તે વિષે થોડું વર્ણન કરવું જોઇએ. બે માસના ક્રમ વાળી વસંત રૂતુ ત્યાં હમેશાં સર્વ પ્રાણીઓને સુખ આપે

છે. સઘળાં મનુષ્યો સુખી છે. પૃથ્વી પૈસાથી ભરપુર છે. ત્યાં ઘણી જાતના રોગ તેમજ પરસ્પર વેર નથી દૂશ, મચ્છર, દંભ, અને ઇર્ષા પણ બીલકુલ જોવામાં આવતી નથી. સુંદર સ્વરવાળા બાળકોને વાંચતાં સાંભળીને શુક અને સારીકા નામનાં પક્ષીઓ સંહીતાના પાઠ બોલે છે. ત્યાં બ્રાહ્મણો ઠેકાણે ઠેકાણે વેદના પાઠ કરેછે. કેટલેક ઠેકાણે શાસ્ત્ર વિષે વાદવિવાદ ચાલે છે. નીચ લોકની પેઠે કુથલી બીલકુલ કરવામાં આવતી નથી. કેટલાક કડીઆની સાથે મંડપો રચવાના વિચાર કરેછે. કેટલાક યજ્ઞસ્થંભ તેમજ નાના પ્રકારનાં યજ્ઞનાં સાહીત્યો તૈયાર કરેછે.

કેટલેક ઠેકાણે બ્રાહ્મણો સુત્રનાં ભાષ્ય કહેછે. કેટલેક ઠેકાણે સ્યામ વેદની ચર્ચા ચાલી રહી છે. કેટલેક ઠેકાણે દિક્ષા વિષે વાત થાયછે. કેટલેક ઠેકાણે આશ્રમના આચાર અને ધર્મને પાળનાર મેખલા અને દંડ ધારણ કરેલા બાળકો શૌચ સ્નાનની વિધી ભણેછે. કેટલેક ઠેકાણે લક્ષ હોમ કોટી હોમ, અતિરૂદ્ર, અને બીજા અનેક પ્રકારના હોમ થાયછે. બટુક અને યોગીઓ ગૃહસ્થના ઘર આગળ ભિક્ષા માગવા જાયછે તેથી પોળો શોભાયમાન દેખાયછે. ધજાઓ પતાકાઓ અને મંડપોથી શોભતું મોહેરકપુર સ્વર્ગ જેવું દીપેછે. હે નૃપ આ નગરમાં દુષ્ટ કર્મ કરવાવાળી સ્ત્રીઓ

નજરે પડતી નથી. વણીકો ભક્તિ કરવાવાળા છે. ૩૫ ને યૌવનવાળી બ્રાહ્મણની સ્ત્રીઓ પતીવ્રતા અને સ્વામીની સેવા કરનારીઓં છે. તેઓ પવીત્ર ગીર્વાણ ભાષા બોલનારીઓ છે. ઘરનાં કામકાજમાં સદા તત્પર રહેછે. જ્યારે દ્વાપરના અંતે બીજો યુગ થયો ત્યારે મોહેરકપુરમાં સઘળી વર્ણને કળિયુગનો સ્પર્શ થયો નહિ. આ યુગમાં બ્રાહ્મણો ખોટી રીતે પૈસો પેદા કરતા નહોતા. તેઓ ફક્ત વૃત્તીને સારૂં પાઠ કરતા નહોતા તેમ પાઠ કરાવતા પણ નહોતા. અભ્યાગીને અન્નદાન દેતા, પણ પ્રતિગ્રહ કરતા નહિ. યુવાન પુરૂષો દાન લેવાથી, પર સ્ત્રી જોવાથી, પારકાનું ખોટું બોલવાથી, અને બીજાના ધનની ઇચ્છા કરવાથી કર આપનારા થાયછે. યુધિષ્ટિર બોલ્યા, હે સ્વામીન તે ઘણા પવીત્ર અને વિશાળ ધર્મારણ્યમાં રહેલા એનકો તેમજ બ્રાહ્મણોની શા વ્રતિ હતી તે વિસ્તારી કહો. ધૌમ્ય બોલ્યા-દેવોએ બ્રાહ્મણોને ધાન્યવાળાં ખેતરો સહીત ગામો બક્ષીસ આપ્યાં. તેઓએ દિક્ષા લીધેલી હતી અને વ્રતમાં બેઠેલા હતા તેથી કેવી રીતે ગૃહકાર્ય કરી શકે તેટલા માટે તેમનું કામ ગોભુજા વાણીઆ કરતા હતા. તેઓ ખેતરો ખેડતા, પશુનું ચોરોથી રક્ષણ કરતા, બળવાન દુશ્મનો સામે રક્ષણ કરતા, અને ધાન્ય આં આગળ લાવતા તેના બદલામાં તેમની આજીવીકા ન્ય

પ્રમાણે મળતી હતી. સઘળા વાણીઆઓ બ્રાહ્મણોની સેવા કરતા તે શીવાય તેમની બીજી વૃત્તી નહોતી, બ્રાહ્મણો ગોરનું કામ કરી જેઓ વેદ રહીત, દીન, યજ્ઞ કર્મથી ભ્રષ્ટ થએલા હોય, મંત્ર જેમણે ત્યાગ કર્યાછે. સંસ્કાર તેમજ પંચ યજ્ઞ કર્મ કરતા નથી એવા સેવકોને ધર્મમાં પ્રવર્તાવવાને બોધ કરતા. વણીકો બ્રાહ્મણોની આજ્ઞા પાળનારા, લોભ રહીત, ક્રોધ વગરના, અને હમેશાં સાચુ બોલનારા તા. આવી રીતે જે ઠેકાણે ધર્મ રાજાએ વાસ કર્યો છે એવું જગતની અંદર ખ્યાતી પામેલું ધર્મારણ્ય પૂર્વે જય પામતું હતું.

યુધિષ્ટિર બોલ્યા, હે દ્વીજ સત્તમ ધર્મારણ્ય નામ શાથી પડ્યું, અને ત્યાં ધર્મ કૂપ કેવી રીતે થયો તે મને વિસ્તારી કહો. ધૌમ્ય બોલ્યા, ઘણા બુદ્ધિશાળી સૂર્યના પુત્ર ધર્મરાજા બ્રહ્મ લોકમાં ગયા; ત્યાં તેમણે પવીત્ર ધર્મારણ્યની કથા સાંભળી. કથા સાંભળીને ત્યાં જઈ તપ કરવા માંડ્યું. તપ કરતાં પાંચ હજાર વર્ષ થયાં ત્યારે પૃથ્વી કંપવા લાગી તેથી ઇંદ્ર ભય પામીને ઉર્વશીને ધર્મરાજાને તપમાંથી ચલાયમાન કરવા મોકલી ઉર્વશી ધર્મરાજાને તપમાંથી ચલાયમાન કરી શકી નહી પણ તેમને પ્રસન્ન કર્યા તેથી તેમણે તેને વરદાન માગવા કહ્યું. ઉર્વશીએ તે સ્થળે વિઓળ નામનું પવીત્ર અને પુણ્ય

આપનાર સરોવર થાઓ એવું વરદાન માગ્યું. તથાસ્તુ કહી ધર્મરાજાએ તેણીને તે વરદાન આપ્યું એટલે તે સ્વર્ગ પ્રત્યે પાછી ગઈ. ધર્મરાજાએ ઘણુંજ દારૂણ તપ કર્યું તેથી શંકરે પ્રસન્ન થઈ તેમને વરદાન માગવા કહ્યું. ધર્મરાજા બોલ્યા, હે દેવેશ જો આપ મારા ઉપર પ્રસન્ન થયા હો તો મારા નામ ઉપરથી આ વિસ્તારવાળા અરણ્યનું નામ પાડો અને મારા નામનું એક શીવલીંગ સ્થાપો. શંકરે ધર્મરાજાનું આવું વચન સાંભળીને કહ્યું—હે ધર્મરાજા, પૃથ્વીની વિં ઘણુંજ પવીત્ર આ ધર્મારણ્ય નામનું તિર્થ થશે, અને ત્રણ લાકમાં વિખ્યાત એવા ધર્મેશ્વર નામે શીવ થશે. યુધિષ્ટિર બોલ્યા, હે મુનીશ્રેષ્ટ ધર્મરાજાએ તપ કર્યું અને ધર્મલીંગ તેમજ ધર્મારણ્યનું મહાત્મ્ય કહ્યું, હવે તમે ધર્મવાપી અને ગંગકૂપની ઊત્પત્તી કહો ધૌમ્ય બોલ્યા, ધર્મરાજાએ તપ કર્યું તે વખતે શીવ પ્રગટ થયા ત્યારે તેમની પૂજા કરવા સારૂ ધર્મરાજાએ ગંગાનુ સ્મરણ કર્યું તેથી ત્યાં ગંગા પ્રગટ થઈ ગંગાની રાજાએ પ્રાર્થના કરીને કહ્યુ કે તું આ કૂપમાં નિવાસ કર. તે સાંભળીને ગંગાએ તેમાં નિવાસ કર્યો, તેથી તે કૂપનું નામ ગંગકૂપ કહેવાય છે, અને ધર્મરાજાએ ત્યાં વાવ બનાવીને તેમાં પણ ગંગામાતાને રાખી તેથી તે ધર્મવાવ કહેવાય છે. એ ગંગકૂપ તથા ધર્મવાવમાં જે મનુષ્ય સ્નાન

કરે તે સર્વ પાપથી મુક્ત થાયછે. આ પ્રમાણે ધૌમ્યમુનીએ યુધિષ્ટિર રાજાને ગંગકૂપ અને ધર્મવાવનું મહાત્મ્ય વિસ્તારથી કહી સંભળાવ્યું. હવે દેવખાતનું મહાત્મ સાંભળો.

કાળના યોગે કરીને ત્યાં વિશ્નુએ હયગ્રિવનો અવતાર ધારણ કર્યો, તે વખતે ત્યાં પુણ્યવાળું દેવ સરોવરનું તિર્થ થયું. વિશ્નુએ હયગ્રિવના રૂપે ત્રણસેં વર્ષસુધી તપ કર્યું, એ-ટલે બ્રહ્મા વિગેરે દેવોએ આવી મોક્ષેશ્વર શીવનું સ્થાપન ર્યું. હે યુધિષ્ટિર તે સ્થળે સૂર્ય કુંડની ઉત્પત્તી શી રીતે થઈ તે સાંભળો.

સૂર્યે અશ્વનું રૂપ ધારણ કરીને બે અશ્વિની કુમારને સંજ્ઞા વિષે ઊત્પન્ન કર્યા. રાજા બોલ્યા હે દ્વિજ સત્તમ સૂર્યે સંજ્ઞા વિષે બે અશ્વિની કુમારને કેવી રીતે ઉત્પન્ન કર્યા તે કહો. ધૌમ્ય બોલ્યા, વિશ્વકર્માની દીકરી સંજ્ઞા સૂર્યની સ્ત્રી હતી, તેનાથી સૂર્યનું તેજ સહન કરી શકાયું નહિ તેથી પોતાના બાપને ઘેર ગઈ. વિશ્વકર્માએ તેને પાછી મોકલી તેથી તેણે સૂર્ય પાસે ન જતાં ધર્મારણ્યમાં આવી તપ કરવા માંડયું અને પોતાની છાયાને સૂર્ય પાસે મુકી. તે છાયાને સૂર્યથી પુત્ર અને પુત્રીઓ થઈ ત્યારે તેણે સંજ્ઞાના છોકરાંની અવગણના કરવા માંડી ત્યારે સંજ્ઞાથી થએલા પુત્ર ધર્મે સૂર્યને કહ્યું કે આ મારી મા નથી, તે સાંભળી સૂર્યે તેનો

ચોટલો ઝાલ્યો તેથી તેણે કહ્યું કે સંજ્ઞાએ મને અહીંઆં મુકી છે; હું તો તેની છાયાછું. આ પ્રમાણે છાયાએ કહ્યું એ-ટલે સૂર્યે સંજ્ઞાની શોધ કરી. શોધ કરતાં માલુમ પડ્યું કે સંજ્ઞા ધર્મારણ્યમાં ઘોડીનું રૂપ ધારણ કરીને તપ કરેછે. સૂર્યે તે સાંભળીને ધર્મારણ્યમાં અશ્વનું રૂપ ધારણ કરીને ગયા, અને સંજ્ઞા વિષે બે અશ્વિની કુમાર ઉત્પન્ન કર્યાં. પછી સૂર્યે પોતાનું મૂળ રૂપ ધારણ કરી સંજ્ઞાને કહ્યું કે તું હવેથી મારૂં તેજ સહન કરી શકીશ. વિશ્વકર્માએ ત્યાં આવી પુત્રી-જમાઈને જોઈ આશિર્વાદ દીધો એટલેસૂર્યે તેમને ત્યાં આ-ગળ એક કુંડ બનાવવાની આજ્ઞા કરી. તે કુંડનું નામ સૂર્ય કુંડ પાડ્યું. સૂર્યે બકૂલના જલનો આશ્રય કરીને તે કુંડમાં સ્નાન કર્યું તેથી સૂર્ય બકૂલાર્ક કહેવાય છે. હવે છાયા કુંડ કેવી રીતે ઉત્પન્ન થયો તેની કથા સાંભળો.

જે વખતે સૂર્ય સંજ્ઞાની શોધ કરવા ગયા ત્યારે છાયા તેમની પછાડી ગઈ. સૂર્યે અશ્વનું રૂપ છોડી દેઇને પોતાનું ખરૂ સ્વ-રૂપ પ્રગટ કર્યું ત્યારે છાયાએ કહ્યું કે મારા નામનો અહીંઆ કુંડ બનાવો. છાયાનું વચન સાંભળીને સૂર્યે વિશ્વકર્માને તે કુંડ બના-વવા આજ્ઞા કરી તે ઉપરથી વિશ્વકર્માએ તે કુંડ બનાવી તેનું નામ છાયા કુંડ પાડ્યું. છાયાકુંડનો એવો મહીમાછે કે કોડવાળો માણસ તેમાં સાત દીવસ સ્નાન કરે તો તે કોડ રહીત થાયછે. હે

મુનીરાજ માતંગી કેવી રીતે ઉત્પન્ન થઈ અને બ્રાહ્મણો તેમનું મોહેરકપુરમાં કેવી રીતે પૂજન કરતા હતા તે મને કૃપા કરી કહો એમ યુધિષ્ટિર રાજાએ ધૌમ્યને પૂછ્યું. ધૌમ્ય બોલ્યા, હે રાજન્ હજુ પણ બ્રાહ્મણોમાં વીવાહ વખતે, જૃત બંધ વખતે, અને સીમંતની વખતે માતંગીની પૂજા કરવાનો ધારોછે. યુધિષ્ટિરે મુનીને માતંગીની ઉત્પત્તી કેવી રીતે થઇ, તેણે શાંશાં કર્મ કર્યાં અને એનું નામ માતંગી કેમ પડ્યું તે સઘળું વિસ્તારી કહેવા કહ્યું. ધૌમ્ય બોલ્યા.—હે નૃપ બ્રાહ્મ-ણોના રક્ષણ સારૂં પૂર્વે દેવોએ શ્રીમાતાનું ત્યાં સ્થાપન કર્યું. તે શ્રીમાતાનું બ્રાહ્મણો સેવન કરતા હતા. એક વખતે હિર-ણ્યાક્ષનો પુત્ર કર્ણાટાક્ષ નામનો અસુર ત્યાં આવી ઉત્પાત કરવા લાગ્યો. તેનો ઉત્પાત જોઈ બ્રાહ્મણો મંહામાયાના દેવાલ-યમાં ગયા અને દેવીની સ્તુતી કરીને સર્વ હકીકત તેને નીવેદન કરી. શ્રીમાતા બોલ્યાં, હે બ્રાહ્મણો હું કર્ણાટાક્ષનો નાશ કરીશ માટે તમે ભયરહીત થાઓ. આવું બોલી દેવીએ ક્રોધાયમાન થઈ માતંગી નામની દેવી પ્રગટ કરી. માતંગીએ પોતાને ઊત્પન્ન કરવાનું કારણ શ્રીમાતાને પૂછ્યું; હે માતા તમે મને શા માટે ઊત્પન્ન કરી, જે કામ કરવાનું હોય તે મને જલ-દીથી બતલાવો. શ્રીમાતા બોલ્યાં, હે માતંગી કર્ણાટાક્ષનો નાશ કરી બ્રાહ્મણોને ભયથી ઉગાર, શ્રીમાતાનું વચન સાં-

બણી માતંગીએ ગર્જના કરી, તે સાંભળી દૈત્ય તેણીની પાસે આવ્યો. દૈત્ય બોલ્યો, હે સુભગે, હે કમળના જેવાં લોચનવાળી તું મને ભજ, હું તને સુખી કરીશ. આવું દૈત્યનું વચન સાંભળી માંતંગી ગુસ્સે થયાં અને બોલ્યાં હે સુંભ હું તારો નાશ કરૂંછું, માતંગીનું આવું વચન સાંભળી દૈત્યે તેમના ઉપર બાણનો વરસાદ વરસાવવા માંડ્યો અને પરસ્પર યુદ્ધ ચાલ્યું. આખરે ક્રોધાવેશમાં આવેલાં માતંગીએ તે દુષ્ટ દૈત્યનો બાણવડે નાશ કર્યો. એટલે દેવોએ દુંદુભી વગાડ્યાં. જ્યારે માતંગીએ દૈત્યનો નાશ કર્યો ત્યારે બ્રાહ્મણો અને તેમના શેવકો તેની શ્તુતી કરવા મંડ્યા. માતંગી બોલી,— હે બ્રાહ્મણો તમારે બીજું જે કામ કરવાનું હોય તે મને સત્વર. બતલાવો. બ્રાહ્મણો બોલ્યા. હે માતા માયે તમે તે રાક્ષસનો નાશ કર્યો એટલે અમારૂં સઘળું કાર્ય થયું અમે એમ માનીએ છીએ. અમે એટલુંજ માગીએ છીએ કે અમને દુષ્ટો પીડા કરે ત્યારે અમારૂં રક્ષણ કરો માતંગી બોલ્યાં, તમારૂં સઘળું દુઃખ દૂર થશે પણ હમેશાં તમારે મને શુભ કાર્યમાં સંભારવી અને વિધી પ્રમાણે મારી પૂજા કરવી. માઘ મહીનાની વદ ત્રીજે તમારે બળી પૂજન કરવું. શ્રીમાતાએ કહ્યું કે વડની શાખા આગળ ઉભા રહીને માતંગીએ દૈત્યને હણ્યો તેથી વડ આગળ બળીસહીત તેનું પૂજન કરવું. આ પૂજન દરેક વર્ષે તેમજ વીવાહ વી-

ગેરે શુભ કાર્ય સંપૂર્ણ થાય ત્યારે પણ કરવું જોઇએ. શ્રીમાતા બ્રાહ્મણોને પૂજનની સઘળી વિધી બતાવીને પોતાના સ્થાનક પ્રત્યે ગયાં, અને માતંગી પણ અંતર્ધ્યાન થઈ ગયાં. હે રાજન તે નગરને વિષે જ્યાં જ્યાં દેવીઓ રહેલી છે ત્યાં પૂજા કરવી જોઇએ. નગરના વાવ્યકોણમાં દ્વારવાસીની દેવીનો વાસછે. તળાવના પૂર્વ ભાગમાં તારણી દેવી ભક્તોને સંકટમાંથી મુક્ત કરનારી છે. વચગાળે ભરાડી નામની દેવીછે. વિવરમાં સાત માતાઓ છે. તેમની જોડે મહાબળા નામની દેવી આવી રહેલી છે. દક્ષિણ દીશામાં સાત ગાઉ છેટે વિંધ્યવાસીની નામની દેવીછે. પશ્ચીમમાં લીંબજા દેવીછે. ઉત્તરે સૂવર્ણા નામની દેવીછે. શેહેરથી એક ગાઉ છેટે કર્ણીકા અને છાગધારણી દેવીછે. સૂવર્ણા નદીના શોભાયમાન તટ ઉપર જળ માતાઓ આવી રહેલી છે. એ પ્રમાણે ધૌમ્યે યુધિષ્ટિરને દેવીઓનાં નામ કહ્યાં. હવે ધૌમ્યમુની રાજાને ઉત્તમ નાગકૂપ અને પ્રયાગથી અધિક ઉત્કટ નામના સરોવર વિષે કથા કહેછે. પવિત્ર, સર્વ દુઃખ હરતા નાગકૂપની પાસે નાગતિર્થ છે. નાગકૂપમાં પાંચ ફેણોવાળો નાગ રહેછે. આ નાગની જે મનુષ્યો નાગપંચમીને દીવસે પૂજા કરેછે તેનું સર્વ કામ સિદ્ધ થાયછે. યુધિષ્ટિર બોલ્યા, હે મુનીરાજ પાંચ ફેણોવાળો નાગ તે નાગકૂપમાં કેવી રીતે પ્રગટ થયો, તે કોનો પુત્ર

હતો, અને કેવી રીતે કૂવામાં રહ્યો તે મને વિસ્તારી કહો. ધૌમ્ય બોલ્યા, પૂર્વે અગ્નીશર્મા નામનો ધનવાન બ્રાહ્મણ હતો. તેને તિર્થ યાત્રા કરવાની ઇચ્છા થઈ, તેથી તેણે કોઈક સુપાત્રને ત્યાં પોતાનો પૈસો મુકી જવાનો વિચાર કર્યો. આવો વિચાર કરીને તે વિશ્વામિત્ર નામના બ્રાહ્મણને ત્યાં પોતાનો પૈસો મેલીને તિર્થ યાત્રા કરવા ગયો. તિર્થયાત્રા કરી પાછો આવ્યો ત્યારે તેણે વિશ્વામિત્રને પોતાનો મુકેલો પૈસો પાછો આપવા કહ્યું. અગ્નિશર્માનું વચન સાંભળી વિશ્વામિત્ર બોલ્યો કે હે ભાઈ તારો પૈસો તો ચોર ચોરી ગયાછે માટે હું તને કાંઈ પણ આપી શકનાર નથી. અગ્નિશર્મા બિચારો નિશ્વાસ નાંખી વીલે મુખે પોતાને ઘેર ચાલ્યો ગયો અને વિશ્વામિત્ર કાળે કરીને મરણ પામ્યો. બ્રાહ્મણનો પૈસો ઓળવ્યો તેથી વિશ્વામિત્ર સર્પયોનીમાં ઉત્પન્ન થયો. તે અગ્નીશર્માને ઘેર સર્પ થઈ અવતર્યો. જ્યારે તે મોટો થયો ત્યારે પોતાના પૂર્વ જન્મની સઘળી વાત પોતાના પીતાને કહી અને ઓળવેલું ધન પાછું લાવી આપ્યું, તે ધનમાંથી અડધો ભાગ તે પુત્ર (નાગ)ને આપ્યો. જે વડે તેણે નાગકૂપ અને ઉત્કટ નામનું સરોવર બંધાવી તે કૂપમાં નિવાસ કર્યો. કેટલાક વર્ષો વીત્યા બાદ તે નાગ મરણ પામ્યો અને તેણે સ્વર્ગમાં વાસ કર્યો. ઉત્કટ તળાવની પૂર્વ દીશાએ શીવલીંગ સ્થાપ્યું તે સોમલીંગ કહેવાય છે. આ સ્થળે ઇંદ્રે સાત વર્ષ

સુધી તપ કર્યું હતું. યુધિષ્ટિર બોલ્યા, હે મુનીરાજ ઇંદ્રે કેવી રીતે તપ કર્યું અને શી ઈચ્છાથી તપ કર્યુ તે તમે મને કહો. ધૌમ્ય બોલ્યા હે રાજન્ વિંધ્યાશ્વ નામનો પૂર્વે એક રાજા હતો; તે મૃગીઆ કરવા ગયો હતો. તે વખતે તેણે મેનકાને જોઈ. મેનકાને જોઈ રાજા મોહીત થયો અને બળાત્કારે તેની સાથે સંભોગ કર્યો, જેથી તેને એક પુત્રી ઉત્પન્ન થઈ. તે પુત્રીને તેણે ગંગાના કાંઠા ઉપર મુકી. બ્રહ્માએ આ પુત્રીને જોઈ વિચાર કર્યો કે તે કોની પુત્રી હશે. વિચાર કરતાં બ્રહ્માને માલુમ પડ્યું કે તે પુત્રી મેનકાની છે એટલે તેમણે તે છોડીને ઉછેરવા ગૌતમને સ્વાધીન કરી. ગૌતમે ઉછેરી મોટી કરી અને કેટલાક દીવસ વિત્યા પછી બ્રહ્મા આવ્યા તેમણે તેનું લગ્ન ગૌતમ વેરે કર્યું. ઇન્દ્ર તેને જોઇને વીવ્હળ થયો એટલે તેણે વેષ બદલી અહીલ્યા સાથે વ્યભિચાર કર્યો. આ વાત ગૌતમના જાણવામાં આવી તેથી તેમણે ઇન્દ્રને શ્રાપ દીધો. ઈન્દ્રે શ્રાપમાંથી મુક્ત થવા સારૂં ધર્મારણ્યમાં આવીને શીવની પ્રાર્થના કરી ત્યારે શીવે પ્રગટ થઇ તેને શ્રાપમાંથી મુક્ત કર્યો. શીવે ઈન્દ્રને આ પ્રમાણે શ્રાપમાંથી મુક્ત કર્યો તેથી ઇન્દ્રે શીવને ત્યાં નીવાસ કરવાની પ્રાર્થના કરી શીવ ત્યાં રહ્યા. તે જયંતેશ્વરના નામથી ઓળખાય છે. એ પ્રમાણે ધૌમ્યે યુધિષ્ટિરરાજાને જયંતેશ્વરની ઉત્પત્તી કહી

ધૌમ્ય મુની ધારા ક્ષેત્રની ઉત્પત્તી કહેછે તે યુધિષ્ટિર એકાગ્ર ચીત્તથી શ્રવણ કરેછે. હે પૃથ્વીપતી ધર્મારણ્યમાં ધારા ક્ષેત્ર શ્રેષ્ટ છે. તે ઠેકાણે પૂર્વે દેવ અને દાનવોને મોટું યુદ્ધ થયું. એક વખતને સમયે દુષ્ટ દાનવોએ ગાયોનું હરણ કર્યું, તેથી તેમની સાથે ગોવાળોએ યુદ્ધ કર્યું. શ્રી માતાના પ્રતાપથી દાનવોનો ગોવાળોએ પરાજય કર્યો. દાનવોનો પરાજય ધારા (ખડગ)થી થયો માટે તે તિર્થનું નામ ધારા ક્ષેત્ર પડયું જે મનુષ્યો આ ક્ષેત્રમાં ભાવવડે સ્નાન કરેછે તે સર્વ પાપથી મુક્ત થઈ મોક્ષ પામે છે. આ તિર્થમાં રહેલા સર્વ મનુષ્ય બળવાન અને યુદ્ધ કરનારા છે. ત્યાં તિર્થોમાં ઉત્તમ એવું દેવમજ્જન નામનું તિર્થ છે. સાધના કરનારને તે સિદ્ધી આપનારૂં છે. આ તિર્થમાં પાર્વતીને વશ શંકર થઇ છળીને મોહ પામ્યા અને પૃથ્વી ઉપર પડ્યા. કાષ્ટની પેઠે જડરૂપ થઈ મહાદેવે સંજ્ઞા છોડી દીધી. નંદીગણે તેમને મુક્ત કર્યાં. શીવે આ પ્રમાણે સંજ્ઞા છોડી દીધી ત્યારે સર્વ દેવો ત્યાં આગળ આવ્યા અને શીવ સંજ્ઞા પામ્યા ત્યારે તેમના પરસેવાથી જે જળ ઉત્પન્ન થયું તેમાં સર્વે દેવોએ સ્નાન કર્યું. આ ઉપરથી તે સરોવરનું નામ દેવમજ્જન નામ પડયું. આસો વદ ચૌદશને દિવસે જે મનુષ્ય તેમાં સ્નાન કરે તે સર્વ પાપથી મુક્ત થાયછે. દેવમજ્જન સરોવર પાસે ક્ષેમલાભા નામની

દેવી તેમ જ ઝુંકેશ્વર નામના મહાદેવ છે. આ સ્થળમાં મકંટાક્ષ નામના દૈત્યનો દેવીએ નાશ કર્યો હતો. યુધિષ્ટિર બોલ્યા હે મુનીરાજ તે પાપાત્મા દૈત્ય કોણ હતો, અને તે બ્રાહ્મણોને દુઃખ આપનારનો કેવી રીતે નાશ થયો તે મને વિસ્તારી કહો.

ધૌમ્ય બોલ્યા,—દીતીના પુત્ર મર્કટાક્ષ નામના રાક્ષસે ધર્મારણ્યમાં રહેનાર બ્રાહ્મણોને દુઃખ દેવા માંડયું ત્યારે બ્રાહ્મણોએ પ્રાર્થના કરીને તેને કહ્યું કે હે વિર તું અમને શા માટે દુઃખ આપેછે. તારૂં અમે શું કામ કરીએ તે તું અમને બતલાવ.

બ્રાહ્મણોનું આવું વચન સાંભળી મર્કટાક્ષે કહ્યું કે મને તમારો રાજા બનાવો, અને યજ્ઞવડે મારૂં પૂજન કરી મને સોમ અર્પણ કરો. જો તમે આ પ્રમાણે નહી કરો તો હું તમારા યજ્ઞમાં ભંગ કરીશ. બ્રાહ્મણોએ ક્રોધાવેષમાં આવી વચન કહ્યું કે હે મૂઢમતિ દાનવ અમેતો જનાર્દન ભગવાન શીવાય કોઇને ભજતા નથી. બ્રાહ્મણોનું આવું વચન સાંભળી તે તેમને મારવા લાગ્યો તેથી તેઓમાંના કેટલાક શ્રીમાતાના મંદીરમાં પેશી ગયા, અને બાકીના શીવ પાસે ગયા. બ્રાહ્મણોની પ્રાર્થના સાંભળી શીવ રાક્ષસ સાથે યુદ્ધ કરવા ગયા, અને તેમણે તે અસુર સાથે અઢાર દીવસ સુધી

યુદ્ધ કર્યું, પણ શીવથી તેનો પરાજય થયો નહી ત્યારે વિચાર કરતાં માલમ પડયું કે બ્રહ્માએ એને વરદાન આપ્યું છે તેથી એનું મોત પુરૂષથી થવાનું નથી, પણ સ્ત્રીથી થશે માટે શંકરે શ્રીમાતાને પ્રેરણા કરી એટલે શ્રીમાતાએ પોતાના દેહથી શક્તી ઉત્પન્ન કરી. શ્રીમાતા તે દેવીને કહેવા લાગ્યાં કે આ સ્થાનની તેમજ બ્રાહ્મણોની મારે રક્ષા કરવી જોઇએ. તેથી મને ઘણો લાભછે. તારૂં પૃથ્વી વિષે ક્ષેમ લાભા એવું નામ પ્રખ્યાત થશે અને બ્રાહ્મણો તારી પૂજા કરશે. હે દેવી તું સત્વર જા અને બ્રાહ્મણોને દુઃખ આપનાર દુષ્ટ દૈત્યનો નાશ કર.

શ્રીમાતાનું વચન સાંભળી તે કોપાયમાન થએલી ક્ષેમ લાભા લાલ લોચન કરીને તે દાનવ સાથે યુદ્ધ કરવા લાગી. આખરે દેવીએ તરવારથી તે દુષ્ટ દાનવનું મસ્તક કાપી નાંખ્યું ત્યારે સર્વ દેવોએ આવી તેને વરદાન માગવા કહ્યું.

દેવી બોલી—હે દેવો જો તમે મારા ઉપર પ્રસન્ન થયા હોતો આ સ્થળે ગંભીર નામનું પવિત્ર સરોવર કરો અને તેને ગંગાજળથી પૂર્ણ ભરો. જે વખતે હું દૈત્ય સાથે સંગ્રામ કરતી હતી તે વખતે શીવ જાંબુ વૃક્ષની તળે ઉભા હતા માટે જંબુકેશ્વર નામના શીવ અહીઆં પ્રગટ થાઓ એવાં બે વરદાન માગ્યાં. તે પ્રમાણે દેવોએ તથાસ્તુ કહી

વરદાન આપ્યાં. વરદાન આપી દેવો અંતર્ધ્યાન થયા, અને સઘળા બ્રાહ્મણો ખુશી થતા થતા પોતપોતાને સ્થાનકે ગયા.

હે રાજન્ તે ધર્મારણ્યમાં પવિત્ર ધર્મકુપ છે તે કુપ-માં સ્નાન કરવાથી મનુષ્યના કોડ જતા રહેછે તે વિષે હું તને પુરાતન કથા કહુંછું તે તું સાંભળ.

ધૌમ્ય બોલ્યા. હેપાર્થ જયદેવ નામનો એક બ્રાહ્મણ હતો તે વેદપાઠ કરનાર શાંત પ્રકૃતિવાળો અને કર્મકાંડમાં હોંશિઆર હતો તે હમેશા પ્રતીગ્રહ કરનાર કાર્યનો વિચાર કરનાર હતો અને તેની રોહિણી નામની ઘણીજ સુંદર સ્ત્રી હતી. તે સ્ત્રીથી ત્રણ પુત્રો અને બે પુત્રીઓ થઈ અને તે શ્રેષ્ટ બ્રાહ્મણ કુટુંબનું ભરણ પોષણ કરવા મંડ્યો. ચંદ્ર અને સૂર્યના ગૃહણમાં દુષ્ટ પ્રતીગ્રહ કરીને વીવાહ વિગેરે કેટલાંક કામ તેણે કર્યા આ પ્રમાણે પાપથી ઘેરાએલો તે દુષ્ટ બુદ્ધિવાળો થયો અને પોતાના કુટુંબનું ભરણપોષણ કરવાને પારકું દ્રવ્ય હરણ કરતો હતો. આ પ્રમાણે તે વખત કાહાડતો હતો તેવામાં વેદ અને વેદાંગમાં પાર પામેલો કોઈક ઉત્તમ બ્રાહ્મણ ત્યાં રસ્તે થઇને જતાં આવી ચઢ્યો. ભૂખ્યો થએલો અને થાકી ગએલો તે તે નગરની સમીપે સ્નાતકનું ઘર જોઇને જયદેવને ઘેર ગયો. તે બ્રાહ્મણે (જયદેવે)

ઘેર આવેલા મુનીને જોઇને પ્રણામ કર્યા અને તેને પાણી આણી આપ્યું. પાણી પીને સુખી થએલા તેને આસન ઉપર બેસાડીને પૂછ્યું કે હે મુની તમે ક્યાં અને શા વાસ્તે ગયા હતા ને તમારો નીવાસ કીયા દેશમાં છે તે જે પ્રમાણે હોય તે કહો ત્યારે તે બ્રાહ્મણે કહ્યું કે હે વિપ્રેંદ્ર માહારૂં રહેઠાણ નૈષધમાં છે કોઇક મોહોટો પૈસાદાર યજમાન પરદેશ ગયો તેણે મને કાગળ લખ્યો કે હે ગુરૂ તમે જલદી આવજો કારણ કે માહારા મનમાં તમે શ્રેષ્ટ બ્રાહ્મણ છો તેમજ કર્મ જાણનાર અને ધર્મમાં તત્પર માહારા ગુરૂ છો માટે પુરૂશની તુલાનું મોહોટું દાન તમને આપવાની મારી મરજી છે. મેં ઉતાવળથી તેનો કાગળ વાંચ્યો. મોટું દાન મળવાનું છે એવું વિચારીને હું મહારા ઘરમાંથી નીકળ્યો બે મહિને યજમાનને ઘેર ગયો ત્યાં દાન અને માન સહિત તે યજમાને માહારી ઘણી ભક્તીથી પૂજા કરી તેણે પૂજેલો હું બે મહિના તેને ઘેર રહ્યો અને જ્યારે મકરાર્ક (ઉતરાયન) નો દીવસ આવ્યો ત્યારે તુલાની વિધી કરી મને ઘણું ધન આપ્યું અને સેવા ચાકરી કરી પછી માહારાં સગાં વાહાલાંને મળવાની ઇચ્છાથી ઘણી આજીજી કરીને મેં રજા માગી. હે સુવ્રત એક મહિનામાં હું તારા નગર આગળ આવ્યો અને નદી તીરે

આવીને મનથી વીચાર કર્યો; માહારી પાસે ઘણું ધનછે, અને ભોજન કરવું છે, પણ ચોર લોકો છાનામાના તે ધન લઈ જશે તેમાં સંશય નથી; માટે જો કોઈ શાંત અને સ્માર્ત બ્રાહ્મણ હોય તો તેને ઘેર જઇને રસોઈ કરૂં. એવો વીચાર કરી મેં રાજમાર્ગમાં એકઠા થએલા લોકોને પૂછ્યું, ત્યારે તેઓએ કહ્યું કે અહીં જયદેવ નામનો બ્રાહ્મણ છે, તે વેદ જાણનાર છે; હે સુવ્રત તાહારા ગુણ સાંભળીને તાહારે ઘેર આવ્યોછું માહારે બીજું કાંઈ કામ નથી પણ હું હમણાં તો ઘણો ભૂખ્યોછું; મારૂં ઘર દુરછે; અને મને પાંચ મહિના તો ઘેરથી નીકળે થઈ ગયા; માટે હે દ્વીજ શ્રેષ્ટ માહારૂં કુટુંબ ચિંતાતુર હશે. માહારી પુત્રીઓના વિવાહ છે તેથી તેઓ અને પુત્રની સ્ત્રીઓ પણ ધનની આશાથી માહારી વાટ જોતાં હશે; તેઓની સ્થિતી અને માહારાં છોકરાંની કુશળ વાર્તા હું જાણતો નથી; તેથી એમનું શું થતું હશે તેની મને ઘણી ચિંતા થાયછે. માહારી સ્ત્રી ઘણી સારીછે, અને માહારી આજ્ઞા પાળે એવા છોકરા છે તેઓને ઘેર મૂકીને હું ધનની આશાથી નીકળ્યોછું. જેમ વરસાદની ચાતક પક્ષિઓ વાટ જુએછે તેમ માહારા વીયોગથી તેઓ તેમજ પુત્ર અને સ્ત્રીઓ વિગેરે ખોળ કરવાને તતપર થયાં હશે; હે દ્વીજ શ્રેષ્ટ મેં માહારૂં વ્રતાંત

કર્યું અને હવે હું ભૂખ્યો થયોછું માટે ભોજન કરવાને જલદી ઠેકાણું બતલાવો.

ધૌમ્ય બોલ્યા—જયદેવે તે બ્રાહ્મણને થાકી ગએલો જાણીને તેને રહેવાનું ઠેકાણું, સ્નાન કરવાને ઉનું પાણી અને ઘણું માન આપ્યું પછી રસોઈ તૈયાર થઈ અને તે શ્રેષ્ટ બ્રાહ્મણે પોતાનું સઘળું કર્મ કર્યું. ભોજન કરતાં તેને સંધ્યાકાળ થઈ અને સંધ્યાની ઊપાસના કરીને તે વીરામ લેવાને સુઈ ગયો. હે નૃપસત્તમ જેવી રીતે કલ્પાંત (કલ્પના અંત) વખતે વીષ્નુંને નિંદ્રા આવી હતી તેવી રીતે તે સુઈ રહેલા બ્રાહ્મણને રાત્રે નિંદ્રા પ્રાપ્ત થઈ.

ધૌમ્ય બોલ્યા—બ્રાહ્મણમાં શ્રેષ્ટ તે જયદેવ તેને ઉંઘી ગએલો જોઇને મોહથી તે બ્રાહ્મણનું ધન લઈ લેવાને મન કર્યું. મધ્ય રાત્રે આ સુઈ રહેલા બ્રાહ્મણનો માહારે કેવી રીતે નાશ કરવો અને તેનુ દ્રવ્ય કેવી રીતે લઈ લેવું તે વિષે ચિંતા કરવા લાગ્યો. જેવી જોઇએ તેવી છરી નથી, તેમજ દાતરડું પણ ખરાબ છે, અને માહારી સ્ત્રી અને છોડી ચપળ છે તેથી આ સલાહ પ્રમાણે તે ચાલશે નહીં. એ બ્રાહ્મણને ગળું કપાએલો જોઇને લોક વીસ્મયથી મનેજ નક્કી તેનો નાશ કરનાર માનશે. આ વૃતાંત જાણીને રાજા માહારો જરૂર દંડ કરશે. આ પ્રમાણે ચીંતાતુર થએ-

લા તે જયદેવે રાત કાહાઢી. આ બ્રાહ્મણ સવારમાં ઊઠીને પોતાને ઘેર જશે અને તેની પાસે ઘણુંજ દ્રવ્ય છે પણ મને કાંઈ સુજ પડતી નથી. આ પ્રમાણે ચીંતાતુર થએલા જયદેવની પાસે સવારે તે મુસાફર બ્રાહ્મણે આવીને કહ્યું; હે બ્રાહ્મણોમાં મુખ્ય તાહારૂં કલ્યાણ થાવ; તાહારા ઘરમાં ખુશીથી રહેલો હું તાહારી મેહેરબાનીથી માહારે પોતાને ઘેર જઇશ. જ્યારે તે બ્રાહ્મણ આ પ્રમાણે બોલ્યો ત્યારે જયદેવ તે બ્રાહ્મણનું ધન પોતાનું કરવાના વિચારથી ઘણોજ દુખી થયો. આંસુથી જેની આંખો ભરાઈ ગઇછે એવા તે દુષ્ટાત્મા જયદેવે કહ્યું કે "હે બ્રહ્મન્" આજે માહારે ઘેર જમીને પછી હે સુવ્રત મરજીમાં આવે તે વખતે જજો. હે મહાભાગ તું અતીથી છે, અને ગાયની પેઠે નક્કી તું પુજવા લાયક છે, અને તાહારે સવારે નક્કી પોતાને ઘેર જવું યોગ્ય છે. જો તમે જમ્યા વગર જશો તો મારૂં જીવવું નીષ્ફળ છે અને મને નક્કી પાપ થશે. અને ગ્રહસ્થનો આશ્રમ ફોગટ જાણવો તે નિપુણ શ્રેષ્ટ મોટા મનવાળા બ્રાહ્મણે તેણે કહ્યું તે સત્યછે, એમ માનીને ત્યાં રહેઠાણ કર્યું. પછી તે પાપીએ (જયદેવે) વિચાર કર્યો કે હવે માહારે શું કરવું હું કેવી રીતે આ બ્રાહ્મણનો નાશ કરૂં, અને મને તે દ્રવ્ય શી રીતે મળે. હે મહારાજા યુધિષ્ટિર, તે પાપી, લોભથી ઘેરાયેલા

ચિત્તવાળા પીશાચે (જયદેવે) હે ભારત જે કર્મ કર્યું તે તું સાંભળ. લોભ સઘળાં પાપ કરાવનાર છે તેમાં સંશય નથી. લોભથી મનુષ્યો મા, બાપ, ભાઈ, તેમજ ગુરૂનો નાશ કરેછે, તથા બેન સગાં મિત્ર અને પોતાના કુળના યોગ્ય ધર્મનો નાશ કરેછે, અને જ્યારે લોભવાળું મન થાય છે, ત્યારે સર્વ ગુણો નીરર્થક થાયછે. લોભથી ઘેરાએલા તે દુષ્ટે લોટમાં ઝેર નાંખ્યું અને હે નૃપ જેવો તે બ્રાહ્મણ ખા- ઇને સુઈ રહ્યો તેવો તરતજ મરણ પામ્યો. આ સુતેલા બ્રાહ્મણને સાપે કરડ્યો અને તેથી તે નાશ પામ્યો. આ પ્ર- માણે જે તેનાં પાડોશનાં માણસો એકઠાં થયાં હતાં તેમને કહીને તેનું સઘળું ધન લેઈ લીધુ, અને તે મૃત્યુ પામેલા બ્રાહ્મણની દાહક્રીયા કરી નહી, ને તે દુષ્ટે તેનું ઉર્ધ્વ દેહીક કર્મ પણ કર્યુ નહી. ત્રણ મહિના વીતી ગયા ત્યારે દુઃખી થયેલો તે મૃત્યુ પામેલા બ્રાહ્મણનો છોકરો યજમાનને ઘેર ગયો; ત્યારે તે યજમાને કહ્યું કે મેં ધન આપીને તારા પી- તાને વિદાય કીધા છે. તે સાંભળીને ચિંતાતુર થયેલો તે છોકરો ગામ અને શહેરમાં પુછતો પુછતો ઘણોજ દુઃખી થયેલો તે દુષ્ટ બ્રાહ્મણના નગરમાં આવ્યો. તે શહેરમાં આ- વીને તેણે પુછ્યું કે આ ગામમાં વેદને જાણનાર, ધર્મમાં તત્પર કોઈ બ્રાહ્મણ ત્રણ મહીના પહેલાં આવ્યો હતો ? તે

સાંભળીને કોઈક વાણીઆએ કહ્યું કે હમે સાંભળ્યું છે કે જયદેવ બ્રાહ્મણને ઘેર એક બ્રાહ્મણ આવ્યો હતો; ને તેને સાપે કરડ્યો તેથી તે મરણ પામ્યો હતો. તે સાંભળીને તે છોકરો પૂછતો પૂછતો જયદેવને ઘેર ગયો અને તેના બાપની સઘળી હકીકત પૂછી; ત્યારે જયદેવે કહ્યું કે થાકેલો અને ભૂખ્યો સોમશર્મા નામનો બ્રાહ્મણ ચોરોએ ધન લઈ લેવાથી રસ્તામાં દુઃખી થએલો અહીંઆં આવ્યો હતો. તેને મેં અન્ન આપ્યું તે ખાઇને તે અહીંઆં રહ્યો પછી તે બ્રાહ્મણ બીજે દીવસે થાક લાગ્યો હતો તેથી મારા ઘરમાં રહ્યો અને તેણે પોતાના કુટુંબની વારતા તેમજ રસ્તામાં બનેલી સર્વે હકીકત કહી. પછી રાત પડી ત્યારે તે સૂઈ રહ્યો; ત્યાં તેને કાળો સાપ કરડ્યો; તેથી તે મરવા જેવો થયો અને હમે ઘણાં ઓસડો કર્યા તે છતાં પણ તે મરણ પામ્યો. પછી મેં શટપીંડ વીગેરે તેની ક્રીયા કરી તેથી હવે તાહારે દુઃખ ધરવું નહીં કારણ કે કાળ કોઇને મુકતો નથી. જે માણુસ જન્મ્યું છે તેનું મૃત્યુ થાયછેજ. અને મુએલાનો જન્મ પણ થાયછે તેથી વિદ્વાન બ્રાહ્મણે શોક કરવો ન જોઇએ. જેમ મનુષ્ય જુનાં વસ્ત્ર તજી દઇને નવાં વસ્ત્ર ધારણ કરેછે તેમજ જીવ જુના દેહને તજીને નવો દેહ ધારણ કરેછે. આ પ્રમાણે તેનું (જયદેવનું) વચન

સાંભળીને તેં ઘણો દુઃખી થયેલો છોકરો, તેણે જે કહ્યું તે સત્ય કહ્યુંછે. એવું માનીને પોતાને ઘેર જઈને સ્નાન કર્યું. હે ભારત કેટલાએક વખત પછી તેનું (જયદેવનું) ધન ચોરોએ લઈ લીધું. તેણે પાપ કર્યું હતું તેથી તેને ગલકુષ્ટીનો રોગ થયો; તેના કાનમાંથી કીડા ખરવા મંડ્યા; તેને ધોળા કોઢ થયા; અને ઘણોજ દુર્બળ થયો તેમજ નિર્ધન અને દુઃખી થયો અને લોકોમાં તેની નીંદા થઈ. જ્યારે આ પ્રમાણે થયું ત્યારે લોકો એમ કહેતા હતા કે આણે (જયદેવે) તે બ્રાહ્મણને મારી નાંખ્યો અને તેણે સઘળું ધન લઈ લીધું તે પાપથી તે પીડાયછે અને તે ઘોર રૌરવ નરકમાં નક્કી પડશે તેમાં કાંઈ પણ સંશય નથી. લોકો આ પ્રમાણે નીંદા કરતા હતા તેથી વારે વારે તે (જયદેવ) હે બ્રહ્મ, હે બ્રહ્મ, એવું કહેતો હતો અને કોઢનો રોગ થયો હતો તેથી તેણે તિર્થમાં જવાને મન કર્યું. માઘ મહિનામાં તે પ્રયાગમાં નાહ્યો; અને પછી કાશીએ ગયો; અને ત્યાંથી માયાપુરીમાં, કાંતીમાં, ગયામાં ગયો; પછી વૈજનાથ ગયો; અને જગતના ગુરૂ જગન્નાથ ગયો; પછી બદ્રીનાથ, કેદારનાથ, વીરભદ્ર, અને સદાશીવ જ્યાં હતા ત્યાં ગયો; મથુરાંમાં, અયોધ્યામાં, નૈમીશારણ્યમાં, ગયો; પછી તે કુરૂક્ષેત્રમાં નહી ને શોભાયમાન પુસ્કરજી ગયો; પછી મહંકાળેશ્વર ગયો; અને ત્યાંથી ઓંકારનાથ અને

અમરેશ્વર ગયો; ત્યાંથી તે ફરતો ફરતો ગોદાવરી આવ્યો; પ-છી તાપી અગાડી આવ્યો ત્યાંથી રેવાંજી ગયો; અને ત્યાંથી આગળ રામે પુજેલા રામેશ ગયો; અને પછી તે ગંગા અને સમુદ્રના સંયોગમાં મહાદેવને જોઇને સ્નાન કર્યું. પછી તેણે સાબરમતીમાં સ્નાન કર્યું અને ત્યાં દુગ્ધેશ્વર શીવને જોયા. અને મનુષ્યને પવિત્ર કરે એવા પ્રભાસમાં ઇંદ્રેશ્વરને નમ-સ્કાર કર્યા. પછી સરસ્વતીમાં નાહીને સોમેશ્વર શીવને પ્રણામ કર્યા ત્યાં તેણે ઘણુંજ પવિત્ર કુશાવર્ત્ત નામનું મોટું ક્ષેત્ર જોયું. પછી ગોમતીમાં નાહીને વારે વારે નીશ્વાસ નાંખવા મંડ્યો. અનેક તીર્થમાં ગયા છતાં પણ મોહોટા કોડના રોગથી પીડાએલો તે રોગમાંથી મુક્ત થયો નહીં. આ પ્રમાણે દુ:ખી થએલા તે બ્રાહ્મણે દેહ ત્યાગ કરવાનો વિચાર કર્યો તેવામાં તેણે ઘણુંજ પવિત્ર ધર્મારણ્ય નામનું ક્ષેત્ર સાંભળ્યું. પછી તે ફરતાં ફરતાં અને વારે વારે પૂછતાં પૂછતાં હે રાજા કેટલેક દીવશે તે મોહેરક શેહેરમાં આવ્યો. શુભ જળવાળા ધર્મકુપમાં તેણે વીધી પ્રમાણે સ્નાન કર્યું તેથી તે બ્રાહ્મણના કોડ જતા રહ્યા અને તે શોભાયમાન દેહવાળો થયો; પછી હે રાજેંદ્ર તે બ્રાહ્મણ ખુશી થઈને પોતાને ઘેર ગયો. હે રાજન્ મેં તને આ શુભ ઇતીહાસ કહ્યો; જેવી રીતે ધર્મ કુપના પ્રભાવથી તે બ્રાહ્મણ પાપમાંથી મુક્ત થયો એવું મેં તને તિર્થમાં ઉ-

ત્ય્રમ તિર્થ કહ્યું હે ભુપ ત્યાં નાહાવાથી માણસ પાપથી મૂક્ત થાયછે તેમાં કાંઇ પણ સંશય નથી.

ધૌમ્ય બોલ્યા,—હે રાજન્ દસરથ પુત્ર રામચંદ્રજી એ ધર્મારણ્યમાં આવી હયમેધ યજ્ઞ કર્યો તે ક્યારે પ્રગટ થયા અને તેમણે શાંશાં કાર્ય કર્યા તે તું એકાગ્રચીતથી શ્રવણકર.

ત્રેતાયુગમાં રામચંદ્ર વૈવસ્વત મનુના વંશમાં ઊત્પન્ન થયા. અયોધ્યા નગરીનો અજનામે રાજા હતો. અજનો પુત્ર દસરથ થયો. દસરથ રાજાએ પુત્ર પ્રાપ્તિની ઇચ્છા માટે રૂષ્ય શ્રૃંગની સહાયથી યજ્ઞ કરવા માંડ્યો. તે યજ્ઞમાંથી એક પુરૂષ ઊત્પન્ન થયો. તે પુરૂષે એક સુવર્ણની થાળી રાજાને આપીને કહ્યું કે એ થાળીમાંથી તારી રાણીઓને થોડો થોડો ખોરાક આપી સંતુષ્ટ કર; એટલે સાક્ષાત ભગવાન પ્રગટ થશે. આવું વચન સાંભળી રાજાએ તે થાળીમાંથી અડધો ભાગ પોતાની સ્ત્રી કૌશલ્યાને આપ્યો, અને અડધો કૈકેયીને આપ્યો તે વખતે ત્રીજી રાણી સુમિત્રા પાસે બેઠેલી હતી, તેને કૌશલ્યા અને કૈકેયીએ પોતાના ભાગમાંથી અડધો અડધો ભાગ આપ્યો. એમ ત્રણે રાણીઓએ પોતપોતાના ભાગ આરોગ્યા. તે દીવસથી ત્રણે રાણીઓને ગર્ભ રહ્યા. ચૈત્ર સુદ નવમીને દીવસે કર્કલગ્નમાં મધ્યાન્હકાળે કૌશલ્યાએ રામને જન્મ આપ્યો. કૈકેયીએ

ભરતને અને સુમિત્રાએ લક્ષ્મણ અને શત્રુઘ્નને જન્મ આ-પ્યા. દસરથ રાજાને એ પ્રમાણે ચાર પુત્ર ઊત્પન્ન થયા. જેમ જેમ પુત્રો ઉમર લાયક થવા આવ્યા તેમ તેમ રાજાએ તેમને વિદ્યાભ્યાસ કરાવી સર્વ શાસ્ત્રો અને ધનુર્વિદ્યામાં નિપૂણ કર્યા. વિશ્વામિત્ર રૂષિ યજ્ઞ કરતા હતા તેમને રાક્ષસો હરકત કરતા હતા તેથી રામને તેડવા તે આવ્યા. દસરથ રાજાએ રૂષિ સાથે રામચંદ્રજીને મોકલ્યા. તેમના રક્ષણ સારૂં લક્ષ્મણ પણ સાથે ગયા. રસ્તામાં રામે તા-ડીકા રાક્ષશીનો વધ કર્યો. રૂષિના આશ્રમમાં જઈ સુબાહુ-નો નાશ કર્યો, અને મારીચને બાણ મારી સમુદ્રના કિનારા ઉપર ફેંકી દીધો. ત્યાંથી મુની સાથે સીતાના સ્વયંવરમાં ગયા. રસ્તે જતાં અહીલ્યાને શ્રાપમાંથી મુક્ત કરી. મિથીલા જઇને શીવનું ધનુષ્ય ઉપાડી સીતાને વર્યા. લક્ષ્મણ ઉર્મિ-લાને વર્યા. ભરતશત્રુઘ્ન જનકના ભાઈ કુશધ્વજની પુત્રીઓ માંડવી અને શ્રુતકીર્તીને વર્યા.

રામ પોતાના ભાઇઓ સાથે અયોધ્યે જતા હતા તેમને રસ્તામાં પરશુરામ મળ્યા. તેમનું તેજ હરી, રામ અયોધ્યે ગયા. દસરથ રાજાએ રામને રાજ્યાભિષેક કરવાનો વિચાર કર્યો પણ કૈકેયીએ વરદાન માગી પોતાના પુત્ર ભરતને રા-જ્યાભિષેક કરવા અને રામને ચૌદ વર્ષ વનમાં કાઢવા વિ-

નંતી કરી. તે વચન સાંભળી દસરથ રાજા ખેદ પામી મૂર્છાવશ થઈ ગયા. રામે પોતાની માતાનું વચન અંગીકાર કરી વનવાસ ભોગવવા નિશ્ચય કર્યો. તેમની સાથે સીતા અને લક્ષ્મણ ગયા. રામના વનવાસ જવાથી અતી ખેદ યુક્ત થઈ કેટલાક દીવસે દસરથે પ્રાણ ત્યાગ કર્યો. ભરતે રાજ્યપદ લીધું નહી અને શત્રુઘ્નને ગાદીપર બેસાડી નંદીગ્રામમાં તપ આદર્યું. રામચંદ્ર તેર વર્ષ દંડકારણ્યમાં આવેલી પંચવટીમાં રહ્યા. ત્યાં રાવણની બેન સુર્પનખા રામચંદ્રજી સાથે પરણવા આવી, તેનાં નાક કાન લક્ષ્મણે કાપી કાઢી મુકી. રાક્ષસીએ તે વાત પોતાના ભાઈ ખર અને દુષણને કરી તેથી તેઓ રામ સાથે યુદ્ધ કરવા આવ્યા.

રામલક્ષ્મણે તેમનો નાશ કર્યો. પછી રાક્ષસી રાવણ પાસે ગઈ અને વીતેલી સઘળી વાત કહી. રાવણ વેર વાળવાનો વિચાર કરી મારીચ પાસે ગયો; મારીચને સોનાનો મૃગ બનાવ્યો; અને તે મૃગ રામચંદ્ર રહેતા હતા ત્યાં આવ્યો. મૃગ જોઈ સીતા મોહીત થઇને તેને મારી લાવવા રામને ઘણોજ આગ્રહ કર્યો. રામ તેને મારવા ગયા એટલે મૃગે "હે લક્ષ્મણ" એવી બુમ પાડી તેથી લક્ષ્મણ રામ પાછળ ગયા. એટલે તે લાગ જોઈ રાવણ સીતાનું હરણ કરી ગયો.

સીતાને લેઈ જતાં જોઈ જટાયુએ રાવણ સાથે યુદ્ધ કર્યું; પણ રાવણ તેને હરાવી સીતાને લંકામાં લેઈ ગયો. રામલક્ષ્મણ મૃગને મારીને પાછા પોતાની પર્ણકુટીમાં આવ્યા, તે વખતે સીતાને જોઈ નહી, ત્યારે ઘણાજ દીલગીર થયા, ને નિશ્વાસ નાંખી શોધ કરવા નિકળી પડ્યા. રામચંદ્રે વાલીને મારી સુગ્રીવને કીસ્કિંધાનું રાજ આપ્યું, તેથી સુગ્રીવે રામને રાવણ સાથે યુદ્ધમાં ઘણી સહાય કરી. રામચંદ્રે હનુમાનને સીતાની શોધ કરવા મોકલ્યા. હનુમાન શોધ કરતા કરતા લંકામાં ગયા. અશોક વાડીમાં સીતાને જોઈ હનુમાને કહ્યું કે હે દેવી, ભગવાન વાનરો સહીત તમને છોડવવા આવેછે અને મને તમારી શોધ સારૂ પ્રથમ મોકલ્યો છે. હનુમાન પછી લંકા બાળી રામચંદ્ર પાસે પાછા આવ્યા. સીતાની સોધ લાગી તેથી સમુદ્ર ઉપર પાળ બાંધી રામચંદ્ર લંકામાં ગયા. રાવણ, કુંભકર્ણ, ઇન્દ્રજીત વીગેરે રાક્ષસોને સંહારી, સીતાને લેઈ, લંકાનું રાજ વિભીષણને આપી પાછા અયોધ્યે પધાર્યા. તે વખતે રામચંદ્રની ઉમર બેતાળીસ વર્ષની હતી. એક દીવસ સભામાં રામચંદ્ર બેઠા હતા તે વખતે પોતે વસિષ્ટગુરૂને પૂછ્યું કે હે ગુરૂ મેં ઘણાક અન્યાય કર્યા છે માટે હું શોચ કરૂછું કે સંસારના સુખને તેમજ ધર્મફળને મેં મેળવ્યું નહિ, આ બધો જન્મારો મેં

ફોગટ ગાળ્યો. હે મુનીરાજ તમે અમારા ગુરૂછો, તેમ ર-ક્ષણ કરનાર પણ તમેજ છો. વળી તમે ઘણા સમર્થછો; તેથી હે પ્રભો તમે શરણ રાખો. વસિષ્ટ બોલ્યા, હે રામ-ચંદ્રજી તમેતો દેવના દેવ સનાતન વિષ્ણુ છો, માત્ર પ્રા-ણીઓને બોધ આપવા મનુષ્યની પેઠે શોક ધારણ કરોછો. હે મધુસુદન ધર્મનું રક્ષણ કરવા માટે પૃથ્વીનો ભાર ઊતા-રવાને અને દુષ્ટને દમવાને તમારો જન્મ થયેલો છે. વસી-ષ્ટે આ પ્રમાણે કહ્યું ત્યારે રામચંદ્રજીએ હાસ્ય કરીને પો-તાના ગુરૂને કહ્યુંકે હે મુનીરાજ બ્રહ્મહત્યા મટાડવા સારૂં હું તિર્થ યાત્રા કરીશ; માટે જે ઊત્તમ તિર્થ હોય તે મને કહો. વસિષ્ટ બોલ્યા—હે મહારાજ સર્વ તિર્થોમાં સત્ય તિર્થ, દાન તિર્થ, દયા તિર્થ એ વિગેરે બીજા ઘણાં માનસીક તિર્થો અતી શ્રેષ્ટ છે; પણ પૃથ્વી ઉપર સર્વ તિર્થમાં શ્રેષ્ટ ધર્મા-રણ્ય છે. આ તિર્થ બ્રહ્મહત્યા વિગેરે પાપનો નાશ કરનાર અને પુણ્યને વધારનાર છે, એમાં લેશમાત્ર પણ સંશય નથી, માટે તે તિર્થમાં જાઓ.

વસિષ્ટ બોલ્યા—હે રાઘવ ધર્મારણ્યનું મહાત્મ હું કહુંછું તે સાંભળો કે જે સર્વ ઈચ્છાઓ પૂરી પાડનાર અને પવિ-ત્રમાં પવિત્ર તિર્થ છે, ત્યાં આગળ એક વખતે સૂર્ય પુત્ર (ધર્મરાય)ને ઘણુંજ ઊત્તમ તપ કરતાં જોયા, ત્યારે ધર્મેશ્વર

મહાદેવે તેમને કહ્યું કે હે ધર્મને જાણનાર તાહારી મનમાં જે ઈચ્છા હોય તે વરદાન માગ; હે સુવ્રત તાહારા તપથી સારી રીતે પ્રસન્ન થએલો હું તે આપીશ.

ધર્મરાજા બોલ્યા—હે મહાદેવ, હે શંભો, હે ત્રિપુર દૈત્યનો નાશ કરનાર, હું માગુંછું કે માહારા ક્ષેત્રમાં હે મહાદેવ કીર (પોપટ) પક્ષીઓને વરદાનઆપનાર થાવ; હે દેવના દેવ જગતના ગુરૂ હે શીવ તમારા નામનો તે શુક (પોપટ) જપ કરેછે, અને મુખથી સ્તુતિ કરેછે, માટે બીજા વરદાનની શી જરૂર છે. તે શુકની માતા મરણ પામેલી છે અને તેના બાપને શ્યેન પક્ષીએ ભક્ષણ કરેલો છે, તેથી આ બાળક કીરનો પુત્ર તમારી સ્તુતી કરવાની ઈચ્છા વાળો છે. તે ધર્મરાજાનું તે વાક્ય સાંભળીને શીવે શુક પ્રત્યે કહ્યું કે હે પક્ષીમાં શ્રેષ્ટ કીર જે પ્રીય હોય તેનું વરદાન તું માગ્ય, હું સૂર્ય પુત્રને પ્રસન્ન થયોછું, તેથી તને સુંદર સ્વર વાળી અને વર્ણોચ્ચાર સહીત વાણી આપુંછું.

શુક બોલ્યો—હે દેવના દેવ માહાદેવ હે સૃષ્ટીની ઊત્પત્તિ અને નાશ કરનાર પ્રભો મને સર્વ ફળ મળેલું છે અને મેળવવાનું કાંઈ નથી. હે માહાદેવ હે સનાતન તમે પ્રત્યક્ષ દર્શન દીધેલું છે. જે તમે ઇંદ્રીયોથી જુદાજ રૂપવાળા છો તે તમે યોગિઓને પણ યત્નથી, તપથી, હે પ્રભો દેખાતા ન-

થા અને હે કૃપાના ભંડાર તમે મને પ્રત્યક્ષ દર્શન દીધું એજ તમારી કૃપા છે; હે પાર્વતી પતી હવે બીજું માહારે માગવા યોગ્ય નથી કારણ કે હે પ્રભો પાર ન આવે એવા આ સંસારમાં તમારૂં દર્શન એજ સાર છે; સ્થાવર અને જંગમ એવું આ સઘળું જગત સ્થીર નથી કારણ કે સઘળું જગત નાશ પામેછે, અને તમે એકલા નાશ વીનાના છો, હું તમારૂં દર્શન પામ્યો છું, તેથી બીજું હું શું માગું; હે શીવ પુર્વેના ક્રોડ જન્મની યાદ દાસ્તી મને હમણાં થઇછે, તમારાં દર્શનથી પૂર્વેની જાતીનું સ્મર્ણ થએલું છે માટે હે શંકર પૂર્વેના પુન્યે કરીને હું એક વખત દેવ યોનીને પામ્યો હતો, મેં અપ્સરા ભોગવી અને નંદન વનની શેવના કરી અને ફરીને મારા પોતાના કૃત્યે કરીને અસુર યોનીમાં પ્રગટ થયો; ત્યાં આગળ હું જે હાલ કીર છું તે ક્ષણું સુખ પામ્યો અને મનુષ્ય પણાને લીધે અનેક પ્રકારનાં કર્મ કર્યા, તેથી હજારો જન્મ હું વારંવાર પામ્યો હતો; કેટલીક વખતે બળવાન થતો અને કેટલીક વખતે દરીદ્ર થતો; કોઇક વખતે ઘણું ધન મળતું ત્યારે ઘણાં દાન આપતો અને કેટલીક વખતે ભીખારી થઇને અધમ મનુષ્યની યાચના કરતો; લોભને લીધે ગુણ વીનાના મનુષ્યના ગુણ બોલતો અને કોઈક વખતે મુર્ખ થતો અને કોઇક વખતે ભણેલો પંડીત થતો; કોઈ વખત

ઘણોજ દુઃખી અને કોઇ વખત ઘણોજ સુખી થતો; કોઈ વખત કુટુંબ વગરનો અને કોઈ વખત કુટુંબ વાળો થતો; કોઈ વખત ઘણો રોગી થતો અને કોઈ વખત પૂષ્ટ શરીર વાળો થતો; એ પ્રમાણે હે પરમેશ્વર હજારો જન્મ મેં ભોગવ્યા. પૂર્વે હે શંભો શીવની ભક્તીની ઇચ્છા વાળો અને વેદ અને વેદાંગનો પાર પામેલો હું ઉજ્જનમાં ગૌતમ નામનો બ્રાહ્મણ હતો અને વૃદ્ધાવસ્થામાં માહારી સ્ત્રી મરણ પામી પણ માહરી ભોગની ઇચ્છા પુર્ણ થઈ નોહોતી અને કેટલાંક વર્ષ અનાશ્રમી થએલો હું ઘરમાં રહ્યો; મને વૈરાગ્ય ઉત્પન્ન થયો નહીં તેમજ મેં ઉત્તરાશ્રમને ગ્રહણ કર્યો નહીં અને મરણ સમયે મેં શુકની સાથે શુકીને દીઠી; હે મહારાજ પાસે આવેલા વૃક્ષ ઉપર તે બંનેને ક્રીડા કરતાં જોઇને માહારૂં મન ક્રીડા કરવા સારૂં ઘણું ચંચળ થયું; હે શંકર એ પ્રમાણે ચીંતવન કરતાં ત્યાં આગળ માહારા પ્રાણ ગયા અને મરણની સમયે એવી માહારી મતી થઈ તેથી તે યોનીમાં તે મુક્તી આપનાર પુરના પ્રભાવે કરીને અને તમારી ભક્તીના પ્રભાવથી શુભ ક્ષેત્ર ધર્મારણ્યને વિષે શીવના સામે ઉત્પન્ન થયો. હે જ્ઞાન આપનાર જ્યારે તમે પ્રસન્ન થયા ત્યારે તમારા પવિત્ર દર્શનથી મને જ્ઞાન ઉત્પન્ન થયું માટે બીજું શું વરદાન માગું. હે મહેશ્વર તમને આરાધીને

ભોગ ભોગવવાને જે મનુષ્ય માગેછે તે મનુષ્ય મૂર્ખ, જડ અને અજ્ઞાન આ સંસારમાં છે, હે દેવ હે દેવના ઈશ તમે મોક્ષ આપનાર, જ્ઞાન આપનાર દેવ છો, તમે સમર્થ અને સર્વ ઠેકાણે રહેલા શીવ છો, માટે હું માગું છું કે તમે ખરૂં જ્ઞાન આપો જેથી હું મોહના વૃક્ષને કાપીને સુખી થઊં કારણ કે હું બ્રહ્મન મોહના બંધનથી જોડાએલા ઘણા દેખાય છે, પુત્ર સ્ત્રી તેમજ ધન વાળાં જે છે તેઓથી હું મુક્ત થઊં તેમ કરો. યાજ્ઞવલ્કય, કપીલ અને સનક વિગેરે માહાનુભાવ જે જ્ઞાન જાણેછે તે જ્ઞાન હે શંકર મને તમે કહો. ભવનો નાશ કરે એવું સારૂં મૂક્તી આપનારૂં ઉત્તમ જ્ઞાન બતાવો. હે ગીરીજાપતી આ સંસારમાં વારંવાર જન્મવાથી થાકેલો છું માટે હે પ્રભો મને પવિત્ર સ્થાન આપો કે ત્યાં હું રહું.

શીવ બોલ્યા—હે શુકીના પુત્ર રમણીક આનંદ વન તેમજ રમણીક કાશી નગરમાં મારૂં પ્રિય રહેઠાણ છે, ત્યાં આગળ નીર્વાણ મંડપ અને ઘણું સુંદર સ્થાનક છે, તે સ્થળ જો તાહારા મનને ગમતું હોય તો ત્યાં જઈને નિવાસ કર. દેહને મુકવાની વખને તને જ્ઞાન ઉત્પન્ન થશે. એ પ્રમાણે શંકરનાં વાક્યો સાંભળીને ફરીથી શુક બોલ્યો હે દેવેશ કાશીપુરી જાણીને હું ત્યાં રહેલો છું અને હે પાર્વતીપતી ત્યાં આગળ હું બ્રાહ્મણ રૂપે થએલો હતો. પૂર્વ જન્મ-

માં હું શુભ મણિકર્ણિકાના ઘાટ ઉપર મૃત્યુ પામ્યો તે વખતે કામના મોહથી સ્ત્રીની મને સ્મૃતી થઈ તેથી હું કીનરીના ટોળાંથી જોડાએલો કીન્નર થયો. માટે મુક્તિ આપનારૂં સ્થાન તે ફક્ત કારણ છે તેથી હે વૃષભધ્વજ બીજે કોઈ ઠેકાણે નહીં પણ અહીંઆંજ હું રહીશ.

શીવબોલ્યા—જેમ ત્યાં સુંદર આનંદ મંડપ છે તેમ આ મૂકિત મંડપ છે, હે શુક ખરેખર માહારૂં પ્રીય રહેઠાણ કરવું તે અહીંઆજ સારૂં લાગેછે; ધર્મારણ્યમાં ઠેકાણે ઠેકાણે અનેક દેવળો છે અને હમણાં અહીંઆં પ્રસંગ આવ્યો છે માટે હું તારનાર મંત્ર કહુંછું "જે અહીંઆ ધર્મેશ્વરની આગળ દેહ તજેછે તે શ્રેષ્ટ વીમાનમાં બેશીને હીમાલય વીષે જાયછે, ધર્મેશ્વરની આગળ આ નિર્વાણ મંડપ છે તે હે કીર મોક્ષ આપનારૂં અને ધર્મની સાધના કરવા સારૂં શીઘ્રસ્થાન છે અહીંઆ નિર્વાણ મંડપમાં જે મનુષ્ય વેદ પાઠ કરેછે તેને સર્વ યજ્ઞનું ફળ થાયછે એમાં વિચારવાનું નથી. જે મનુષ્ય નિર્વાણ મંડપમાં બ્રહ્મયજ્ઞ કરેછે તે મનુષ્ય બ્રહ્મલોકને મેળવે છે તેમાં સંશય નથી જે મનુષ્ય દુરથી પ્રાસાદ (દેવળ)માં રહેલી પતાકાને જુવેછે તો તે મનુષ્ય તેના દર્શનથીજ મૂક્તિ મેળવનાર થાયછે; તે પ્રાસાદના આગલા ભાગમાં માહારો શૃંગાર મંડપ છે ત્યાં હું હમેશાં હે કીર

પ્રેમસહીત વાસ કરૂંછું હે પક્ષી તે પ્રાસાદની ઊત્તરે મોક્ષ, લક્ષ્મીની ઈચ્છાવાળાને સારૂં માહારો હમેશાં સીદ્ધિને આપનાર ઐશ્વર્ય નામનો મંડપ છે, પ્રાસાદથી ઈશાન કોણમાં જ્ઞાનમંડપ આવેલો છે તેનું શેવન કરવાથી નક્કી નિર્મળ જ્ઞાન પ્રાપ્ત થાયછે. માહારી પાડોશમાં ભવાની (પાર્વતી)નો રાજાના મેહેલ જેવો મેહેલ છે ત્યાં પ્રીતી સહીત ગીરીજા નક્કી વાસ કરેછે; ભક્તી ભાવવડે પુજા કરવાથી હમેંશાં ભક્તોને મૂક્તિ આપનારૂં માહારૂ મનોહર મૂકતેશ્વર નામનું લીંગછે. સર્વ કામ અને ફળને આપનાર અને વિશેશે કરીને ચૌદશને દાહાડે પુજા કરવાથી સર્વ સીદ્ધિને આપનાર રત્નેશ શીવ આ સ્થળે છે. એવા પ્રકારનાં સ્થાનકો પૃથ્વી ઉપર ધર્મારણ્યમાં છે અને તેની પાડોશમાં યોગિણીનું પીઠું (રહેઠાણ) છે જે સર્વ કામ અને ફળ આપનાર છે અહીંઆં હે કીર સર્વ તિર્થો તેમજ સર્વ દેવો ખરેખર વસેછે માટે આ સ્થાનક સુખ આપનારૂં છે" હે કીર જો તાહારે અહીંઆ રહેવાની મરજી હોય તો નક્કી અહીંઆં રહે નહીં તો કૈલાશ જવાની મરજી હોય તો તું જલદીથી જા.

૫ કીર બોલ્યો—હે શીવ હે મહેશ્વર કૈલાશમાં એકલા જવાની માહારી ઈચ્છા નથી માટે દયા કરીને સઘળાં પક્ષીઓને ત્યાં મોકલો.

શીવ બોલ્યા—હે કીર સ્વજન અને પરીવાર સહિત તા- હારે ફાવે તેમ જા, અને તાહારાં સઘળાં પક્ષીઓને માહા- રી ભક્તી થશે એમાં સંશય નથી.

વસિષ્ટ બોલ્યા—એ પ્રમાણે શીવ બોલતા હતા તેવામાં શ્રેષ્ટ વીમાન આવ્યું તેમાં બેશીને તે સઘળાં પક્ષીઓ કૈલાશમાં ગયાં. એ પ્રમાણે હે રામ ઘણુંજ પવિત્ર અને પાવન કરનારૂં અને ઘણું શુભ ધર્મ્યારણ્ય છે હે રાઘવ જો તાહારા મનમાં ગમતું હોય તો તે તિર્થ તું કર સર્વે તિર્થમાં જેવું પુન્ય થાયછે તેવું અહીંઆં નક્કી પુન્ય થાય છે.

રામચંદ્રજીએ વસિષ્ટનું તે વચન સાંભળીને તિર્થયાત્રા જવા સારૂં ભાઇઓને તેડાવ્યા. પ્રથમ તેમણે નાંદીમુખ શ્રાદ્ધ કર્યું અને બ્રાહ્મણોને સારી પેઠે તૃપ્ત કર્યા. રામચંદ્રજી બ્રાહ્મણો અને સૈન્ય સહીત ધર્મારણ્ય વિષે જવા તૈયાર થયા. સીતાને લેઇને રામ શ્રેષ્ટ વિમાનમાં બિરાજેલા હતા. શુભ મહુરત જોઇ રામચંદ્રજી માતાઓ અને ભાઇઓ સહીત યાત્રાએ નિસર્યા. ચાલતાં ચાલતાં તેઓ મંડલીપુર આવ્યા જ્યાં અણીમાંડવ્ય રૂષિનો આશ્રમ હતો.

વશીષ્ટ બોલ્યા—હે રામ પૂર્વે મોટા તેજવાળા અને ઘણા ધાર્મીક અણીમાંડવ્ય નામનાં મુની હતા તેમનો આ શુભ આશ્રમ છે, જે સાધુ વીષ્નુના ધ્યાનની ઇચ્છાવાળા

વેદ અને વેદાંગનો પાર પામેલા, તપસ્વી, ધર્મની ઈચ્છાવાળા, દયાવાળા, અને હમેશાં સત્ય બોલનાર હતા. એવા તે તપ કરનાર અને શાંત બ્રાહ્મણને ચોર જેવા જાણીને સૃંજય રાજાએ તળાવ આગળ સુળીએ ચઢાવ્યા.

રામ બોલ્યા—શ્રેષ્ટ અને સમાધીવાળા તે મુનીને રાજાએ શાથી સુળીમાં પરોવ્યા? અને હે સુવ્રત તે મુનીએ રાજાનો શો અપરાધ કર્યો હતો?

વસીષ્ટ બોલ્યા—હે રામ પૂર્વે ધાર્મીક સૃંજય નામનો રાજા હતો. તે રાજાના મેહેલમાં એક વખતે રાતે ચોરોએ ચોરી કરી ત્યારે સવારમાં રાજાના સઘળા બાહાદુર શેવકો ચોરોની પાછળ ગયા અને પાછળ પડેલા તેઓ મુનીના આશ્રમ પ્રત્યે ગયા, ત્યારે ચોર લોકોએ રાજાના માણસોને આવેલાં જોઇને એવો વિચાર કર્યો કે તેઓ આપણને પકડશે અને મારી નાંખશે તેથી ભયથી પીડાયેલા તેઓ તે આશ્રમમાં દ્રવ્ય, મણી અને મુક્તાફળ વીગેરે નાંખીને તેઓ ત્યાં આગળથી જતા રહ્યા. તે વખતે રાજાના બાહાદુર શેવકો ત્યાં આવ્યા અને ધ્યાનમાં બેઠેલા મુનીને જોઇને તેઓએ ધનની શોધ કરી અને ધનને ત્યાં દીઠું તેથી તેઓ ઘણું આશ્ચર્ય પામ્યા. આ ચોર મુનીનો વેશ લઇને ધ્યાનમાં બેઠેલો છે. એ પ્રમાણે તેઓએ વિચાર

કરીને તે મુનીને પકડ્યા. તેમને દોરડાથી મજબુત બાંધીને તેમને લઇને શેહેરમાં ગયા અને રાજાને ખબર કરી કે તમારી ચોરી કરનાર ચોરને આણેલો છે. હે રાજન્ મુક્તાફળ વિગેરે સઘળું ધન મળેલું છે તે સાંભળીને રાજાએ તેઓને કહ્યું કે તમે ઉતાવળ કરીને ન્યાયાધિકારીની પાસે લઈ જઈને પૂછો કે ધર્મશાસ્ત્રમાં બતાવેલો કીયો દંડ આ બ્રાહ્મણને દેવો જોઇએ કારણકે પૂર્વે શંખના ભાઈ માહામુની હતા તેમણે લખેલું છે કે જે બ્રાહ્મણ ચોરી કરીને પોતાની મરજી પ્રમાણે ઉપયોગ કરે તો તેના બેહાથ કાપી નાંખવા એવો દંડ કહેલો છે માટે તે પ્રમાણે પહેલાં ગ્રંથને જોઇને પછી ઘટે તે પ્રમાણે દંડ કરવો.

વસિષ્ટ બોલ્યા—શેવકોએ ન્યાય જાણનારની પાસે જઇને સઘળું વ્રતાંત કહ્યું ત્યારે તેણે કહ્યું કે આ શુળી દેવા યોગ્ય છે એમાં સંશય નથી. તેથી રાજાના શેવકોએ જઇને માંડવ્ય મુનીને તેજ વખતે પાણી વગરના તળાવ ઉપર બાંધેલી શુળીને વિષે પરોવ્યા. હે રામ તે વખતે તે મુનીએ મનથી વિચાર કર્યો કે પૂર્વે કરેલાં કર્મને લીધે માહારી આ પ્રમાણે દશા થએલી છે, પાપયોગથી આ દશા થઇછે માટે રાજાનો દોશ આમાં નથી; તેમજ શેવકોનો અને ચોર લોકોનો

પણ દોશ નથી, આ જીવ પોતાનાં કર્મનાં ફળ ભોગવે છે એમાં વિચારવાનું નથી, પણ જે નીચ બુદ્ધિવાળા હોયછે તેને જ્યારે દુઃખની પ્રાપ્તી થાયછે ત્યારે પારકાનો દોશ માનેછે, સારૂં કે ખોટું જે કર્મ કરેલું છે તે નક્કી ભોગવવું જોઇએ માટે મેં આવું કરેલું હશે તેથી સર્વથા માહારે તે ભોગવવું જોઈએ, પૂર્વે કરેલાં કર્મને ભોગવવાને સારૂં આ દેહનું નીર્માણ કરેલું છે, અને જ્ઞાની મનુષ્યોને સુખ તેમજ દુઃખ સમાન છે, માટે પૂર્વે કરેલાં પાપને દુર કરવાને અને સુકૃત એકઠું કરવાને શુળી ઉપર રહેલા માહારે હરીનું ધ્યાન ધરવું જોઇએ. જ્ઞાનમાં એ પ્રમાણે મન કરીને દુષ્ટ બુદ્ધિ જેની નાશ પામીછે એવા અને શુળી ઉપર રહેલા મુનીએ એકાગ્રચિત્તે માધવનું ધ્યાન ધર્યું. બ્રહ્માની પુત્રી (સરસ્વતી) તરશા થએલા અને દુઃખી થએલા મુનીને જાણીને ત્યાં સૂકાએલા તળાવમાં આવીને રહી. માર્ગે જતાં કોઈક બ્રાહ્મણ દૈવયોગે કરીને ત્યાં આવ્યો અને તે (સરસ્વતી)નું પાણી વાસણમાં લઇને તે દુઃખી થએલાને પાયું. એ પ્રમાણે વખત જતો હતો તેવામાં એક બીજો બનાવ બન્યો. પરમસતી, સીદ્ધ, તપ કરનારી અને બાળભાવ જેણે તજેલો છે એવી શાંડીલીએ ધર્મશાસ્ત્ર સાંભળ્યું, અને પતીવ્રતા સ્રીના પરમધર્મનો મનથી વિચાર કર્યો કે હું કુંવારી રહેવાથી

પવિત્ર નહી થએલી કેવી રીતે પતીને પામું માટે જો કોઈ તપ કરનાર મુનીને હું ગ્રહણ કરૂં તો તે મારા સ્વામી થાય. જ્યારે શાંડીલી એ પ્રમાણે ચિંતા કરતી હતી તેવામાં મોટા રોગથી ઘેરાએલો કોઈક બ્રાહ્મણ નજરે પડ્યો. તેણે તે દુઃખી બ્રાહ્મણને પૂછ્યુ કે તુ મારો પતી થા. હે શ્રેષ્ટ બ્રાહ્મણ હું સર્વથા તાહારી શેવા કરીશ. તેણે કહ્યુ કે જો તું, હું વૃદ્ધ અવસ્થાને પામેલોછું તેની આજ્ઞા પાળવાને ઈચ્છેછે તો તેથી માહારે ગ્રહસ્થાશ્રમ માટે તાહારા સ્વામી થવું જોઇએ એવું માહારૂં વચનછે. એ પણને લીધે તે બંને સ્ત્રીપુરૂશ થયાં. તે સ્ત્રી પોતાના સ્વામીને ઘણાજ દુઃખી થએલા માનીને તેમની શેવા કરતી હતી. કોઈક વખતે શ્રાવણ માસમાં રાત્રે જ્યારે વરસાદ ગાંજતો હતો ત્યારે તેણે પોતાની સ્ત્રીને કહ્યું કે હે પ્રીયે માહારૂં મન આતુર થએલુંછે, મેં દીવશે કોઈક સ્ત્રીને દીઠી હતી તેથી ત્યાં માહારૂં ચીત્ત ગએલુંછે માટે તેણીને તું મારી પાસે લાવ.

વસિષ્ટ બોલ્યા—તેનું તે વચન સાંભળીને તેણે તે અંગીકાર કર્યું અને સ્ત્રી રાજમાર્ગમાં ગઈ; તે વખતે ઘોર અંધકાર હતો તેથી તે પતીવ્રતા સ્ત્રી ભુલી પડી અને જ્યાં શુળી ઉપર માંડવ્ય મુની રહેલા હતા ત્યાં ગઈ; તે વખતે વરસાદ પડતો હતો તેથી તે શુળીને અથડાઈ ત્યારે ધ્યાન

નમાં ભંગ થવાથી દુઃખી થયેલા અને શુળીથી પીડા પામેલા તેમણે મનમાં વિચાર કર્યો કે મારા દેહમાં વ્યથા ઉત્પન્ન થાય એવું આ ખોટું કામ માણસ અથવા પશુએ કે કોણે કર્યું હશે તેથી ક્રોપને વશ થઇને તે મુનીએ જલદીથી શ્રાપ દીધો કે જો સ્ત્રી હોય તો તે વીધવા થજો, અને પુરૂશ હોય તો મરણ પામજો, એ પ્રમાણે જ્યારે સૂર્ય ઉગે ત્યારે થજો તેમનું તે વચન સાંભળીને શ્રાપથી ધ્રુજતી શાંડીલી પતીના વાક્યને પડતું મુકીને સરસ્વતીની પાસે ગઈ અને તે સતીએ હાથમાં તે પવિત્ર જળને લઇને કહ્યું કે જો સૂર્ય ઉગશે તો હું તેને ભસ્મ કરી નાંખીશ કારણ કે સૂર્યનો ઉદય મને દુઃખ આપનારો છે. એ પ્રમાણે હાથમાં પાણી લઇને તે તપમાં બેઠી ત્યારે ભયથી સૂર્ય સવારમાં ઉદય થયો નહીં. જ્યારે, હોમવાનો વખત થઈ રહ્યો ત્યારે ઇંદ્ર વિસ્મય થયો તે વખતે જ્યાં તે તપ કરનારી સ્ત્રી બેઠી હતી ત્યાં દેવલોકો ગયા.

દેવ બોલ્યા—હે મહાભાગે તું જળ મૂકી દે કારણ કે સૂર્ય ઉગતો નથી અને તેથી ભાવવાળા મુનીઓના સઘળા ધુર્મ અને કર્મ રહેલાં છે જો તાહારો પતી મરણ પામશે તો હમે જીવતો કરીશું, તાહારૂં સતીપણું તેમજ તાહારા તપનું બળ હમે જાણેલું છે.

વસિષ્ટ બોલ્યા—તેઓનું તે વચન સાંભળીને હાથમાંથી તેણે જળ મૂકી દીધું ત્યારે સૂર્ય ઉદય થયો અને તેનો પતી મરણ પામ્યો. તે વખતે દેવોએ અમૃત છાંટીને તેને ઉઠાડ્યો અને તે યુવાન રોગ વગરનો તેમજ સુંદર કાંતિવાળો થયો. માંડવ્યે તે દૈવયોગથી એકઠા થએલા દેવોને જોઇને ધર્મ રાજાને પૂછ્યું કે મેં શું ખોટું કર્મ કરેલું હતું કે જેથી હે યમ હું જે પાપ વગરનોછું તેને તેં શુળી ઉપર નાંખ્યોછે, માટે મેં પૂર્વે જન્મમાં જે કરેલું હોય તે જલદીથી કહે.

ધર્મ બોલ્યા—હે માંડવ્ય પુર્વે જન્મને વિષે તમે બાળપણામાં ક્રીડા કરતી ઘણી સુંદર ભમરી શુળીમાં પરોવી હતી તે પાપના યોગે કરીને શુળીમાં પરોવાયા છો માટે હે મહર્ષે તમે તપ કરવાને વનકે ગુફામાં જાવં.

માંડવ્ય બોલ્યા—અવશ્ય પોતાનું કરેલું ભોગવવું જોઇએ એમાં સંશય નથી, પણ હે ધર્મ બાળપણામાં કરેલાં પાપનો દોશ થતો નથી. તેં થોડા અપરાધથી આ દંડ કરેલો છે; માટે હે ધર્મ આ મૃત્યુ લોકમાં તાહારો જન્મ થજો.

વસિષ્ટ બોલ્યા—એ પ્રમાણે શ્રાપ પામેલા ધર્મનો વૈવસ્તના અઠ્ઠાવીસમા યુગને વિષે દ્વાપરમાં મનુષ્ય દેહ થયો એમાં વિચારવાનું નથી. પછી દેવોએ ઘણુંજ ઉત્તમ તિર્થ ત્યાં કરીને તે વાવમાં સ્નાન કર્યું. વ્યથા વગરના થએલા તે શાંત મુનીને

નીચે ઉતાર્યા;તે પતીવ્રતા સ્ત્રીની આસના વાસના કરીને દેવો પોતાના વિમાનમાં બેસીને સ્વર્ગમાં ગયા અને તે સાધ્વી સ્ત્રી પોતાના આશ્રમ વિષે પતીની પાસે ગઈ. હે રામ એ તિર્થ ઘણું પવિત્ર અને શુભ છે હે માહાભાગ જ્યાં સરસ્વતી છે એવી વાવમાં તમે સ્નાન કરો.

તે સાંભળી રૂષિએ બંધાવેલી વાવ હતી તેમાં સઘળાંએ સ્નાન કર્યું. મંડલીપુરના વાણીઆઓ રામચંદ્રજીનાં દર્શન કરવા આવ્યા. રામચંદ્રજી ત્યાં આગળ એક રાત્રી રહ્યા. કેટલાક વાણીઆઓને તિર્થયાત્રા કરવાની મરજી થઈ તેમને રામચંદ્રજી સાથે લેઈ આગળ ચાલ્યા. કેટલાક દીવસ પછી સઘળો સાથ ધર્મારણ્ય આગળ આવી પહોચ્યો. રામચંદ્રજી ક્ષેત્રમાં પેઠા ત્યારે વાહનોની ગતી મંદ થઈ ગઈ અને વાજીત્રોના ઘોષ તદન બંધ પડી ગયા. આમ થવાનું કારણ રામચંદ્રજીએ વસિષ્ટને પૂછ્યું ત્યારે મુની બોલ્યા કે હે મહારાજ આ તિર્થ ભુમી અતી વખણાએલી છે માટે પગે ચાલી આ ક્ષેત્રમાં જવું જોઇએ. ગુરૂનું વચન સાંભળી રામચંદ્રજીએ સર્વ સાથને તેમ કરવા આજ્ઞા આપી. ધર્મેશ્વરનું દેવળ, ધર્મકૂપ, વિગેરે સઘળું ક્ષેત્ર જોઈ રામ પ્રસન્ન થયા, અને સૂવર્ણા નામની નદીના ઉત્તર કીનારે સઘળું સૈન્ય ઉતાર્યું. સાયંકાળ થયો ત્યારે રામચંદ્રજીએ વસિષ્ટ મુ-

નીને પૂછ્યું કે હે મુનીરાજ આ મોટા સ્થાનનેવિષે મનુષ્ય કેમ દેખાતાં નથી. વસિષ્ટ બોલ્યા કે મહારાજ આ નગર શુન્ય શાથી થયું તેનું કારણ હું જાણતો નથી પણ પ્રથમ હું અહીઆં આવેલો હતો તે વખતે વેદ જાણનારા બ્રાહ્મણો અને તેમના ગોભૂજા શેવકો રહેતા હતા. રાત્રી થઈ એટલે સર્વ પોતાને સ્થાનકે જઈ સુઈ ગયા. સુતાંને થોડાએક વખત થયો એટલે રામચંદ્રજીએ દક્ષિણ દીશામાં એક સ્ત્રીને રૂદન કરતી સાંભળી.

આવું આશ્ચર્ય જોઇ તે કોણ છે તેની તપાસ કરવા માટે પોતાના શેવકોને તે સ્ત્રીને પોતાની પાસે લાવવા હુકમ કર્યો. દૂતોએ જઈ સ્ત્રીને રૂદન કરવાનું કારણ પૂછી કહ્યું કે અમે રામચંદ્રજીના દૂતો છીએ અને પ્રભુએ અમને તું શા સારૂં રૂદન કરેછે તેનું કારણ જાણવા અને તને તેમની પાસે લેઈ જવા મોકલ્યા છે. સ્ત્રીએ જવાબ દીધો હે દૂતો હું દુઃખથી પીડાએલી એક અબળા સ્ત્રી છું માટે રામચંદ્રજીને અહીંઆં મોકલો, એટલે મારૂં દુઃખ હું તેમને નિવેદન કરીશ. તે સાંભળી દૂતો રામચંદ્રજી પાસે ગયા અને સ્ત્રીએ કહેલું સઘળું વૃતાંત કહ્યું. રામચંદ્રજીએ દૂતોનું વચન સાંભળી જયાં તે દુઃખથી પીડાએલી સ્ત્રી વીલાપ કરતી હતી ત્યાં જઇને તેને કહ્યું કે હે સુભગે તું દેવી છે, માનુષી છે,

આંધર્વી હે કે કોણછે ? તું શા માટે શોક કરેછે । તારા દુઃખનો જલદીથી નાશ થશે. સ્ત્રી બોલી—હે રઘુનંદન તમે મારૂં વચન સાંભળો. પૂર્વે બ્રહ્માએ મને આ નગરની અધિમાતા બનાવી મારૂં નામ શ્રીમાતા પાડયું. હે મહારાજ તમે પૃથ્વી ઉપર છતાં મારૂં નગર શુન્ય થએલું છે.

આ સ્થળે જયાં બ્રાહ્મણોની પવીત્ર વેદ ધ્વની સંભળાતી ત્યાં હાલ ભય ઉપજાવનાર પક્ષીઓનું રૂદન સંભળાય છે. આવાં અનેક કારણોથી હે રઘુનંદન હું શોક મય બનેલી છું તે શોક આપ નિવારો. જાનકીપતી બોલ્યા-બ્રાહ્મણો કયાં ગયા, આ નગર શુન્ય શાથી થયું તે સર્વે વિગત સહીત કહો. શ્રી માતાએ કહ્યું કે પરસ્પર વીરોધ થવાથી અને દુષ્ટોથી પીડાએલા બ્રાહ્મણો પોતાની મરજીમાં આવે ત્યાં ગામ તજીને ચાલ્યા ગયા છે. શ્રી રઘુનંદન બોલ્યા—હે માતાજી તે બ્રાહ્મણો કયાં ગયા છે, તેઓનાં શાં ગોત્ર છે, તેઓની ગ્નાતીની સંખ્યા કેટલી છે, તેમની ગોત્ર દેવીઓ, તેમનો સ્થાનાચાર, અને કુળાચાર શોછે તે સઘળું મને કહો તો હું તમારા મનની ઈચ્છા પુરી કરીશ. શ્રીમાતા બોલ્યાં—ચોવીસ ગોત્રોમાં ઉત્પન્ન થયેલા અઢાર હજાર ત્રૈવિધ બ્રાહ્મણોને બ્રહ્મા, વિશ્નુ, અને શીવે સ્થાપ્યા હતા. તેઓએ એક બીજા સાથે બેતાળીશ અટકોની કલ્પના કરી હતી.

સઘળા ધર્મમાં નિપૂણતા મેળવેલી અને બ્રાહ્મણોની આજ્ઞા પાળનાર શેવકો બ્રાહ્મણોથી બમણા હતા. તેઓ પણ મોઢ કહેવાતા. હે રામચંદ્રજી માટે તે બ્રાહ્મણો અને તેમના શેવકોને તમે અત્રે પાછા બોલાવો. રઘુનંદને શ્રીમાતાનું આવું વચન સાંભળી વિચાર કરીને પોતાના શેવકોને બ્રાહ્મણોની શોધ કરવા મોકલ્યા. દૂતોએ તેમની દરેક સ્થળે શોધ કરીને શ્રીમાતા તથા રામચંદ્રજીનો સંદેશો તેમને નિવેદન કર્યો. બ્રાહ્મણો સંતોષ પામી દૂતો સાથે તે પવિત્ર ધર્મારણ્યમાં આવ્યા. તેમને જોઈ રામચંદ્રજીએ દંડવત પ્રણામ કરી અર્ઘપાદ્ય વિગેરેથી તેમની પૂજા કરી. બે હાથ જોડી રામચંદ્રજીએ આસન ઉપર બેઠેલા અને પૂજાએલા ત્રૈવિદ્ય બ્રાહ્મણોને કહ્યું કે જો આપ સન્મુખ આવો તો હમણાં હું જીર્ણોદ્ધાર કરૂં. કારણકે આ રમણીક નગર નાશ પામેલું જોઈ શ્રીમાતાએ મને પ્રેરણા કરેલી છે. માટે હે ભૂદેવો મારૂં વચન માન્ય કરો. રામચંદ્રજીનું તે વચન સાંભળીને પરસ્પર તેઓએ વિચાર કરી કહ્યું કે અમે પ્રતિગ્રહ કરતા નથી, પણ જે દેવોએ અમને સ્થાપન કર્યા હતા તેમનાં દર્શન થાય તો અમે પ્રતિગ્રહ કરીશું. રામચંદ્રજીએ તુરત બ્રહ્મા, વિશ્નુ, અને માહેશ્વરનું મનમાં સ્મરણ કર્યું. એટલે તે દેવો રામચંદ્ર પાસે આવી ઉભા રહ્યા. તેઓને

જોઈ જાનકીપતી મધુર સ્વરથી બોલ્યા કે હે દેવો આ ભૂદેવો પ્રતિગ્રહ કરતા નથી માટે તેઓને આજ્ઞા આપો એટલે હું જીર્ણોદ્ધાર કરૂં, કારણ તેમ કરવા શ્રીમાતાએ મને આજ્ઞા આપી છે. દેવો બોલ્યા—હે મહાબાહુ રામચંદ્રજી અમે તમારા ઉપર પ્રસન્ન થયા છીએ, કારણ તમે રાવણને મારી પૃથ્વીનો ભાર ઉતાર્યો છે. પછી તેઓએ બ્રાહ્મણોને કહ્યું કે હે ભૂદેવો રઘુનંદન જગતના પીતાછે એમ માનો. સાક્ષાત ભગવાન જીર્ણોદ્ધાર કરેછે માટે પ્રસન્ન અંતઃકરણથી તેમનું વચન માન્ય કરો. એ પ્રમાણે દેવો બ્રાહ્મણોને કહીને પોતાના સ્થાનક પ્રત્યે વિમાનમાં બેશીને ગયા. બ્રાહ્મણો દેવાનું વચન સાંભળીને અતીસંતુષ્ટ થયા. રામચંદ્રજીએ બ્રાહ્મણોને કહ્યું કે હું જીર્ણોદ્ધાર કરૂંછું માટે તમે શેવકોને તથા તમારા કુટુંબોને આ નગરમાં નિવાસ કરવાને લાવો.

બ્રાહ્મણોએ કહ્યું કે અમારૂં રક્ષણ કોણ કરશે? તમે તો સૈન્ય લેઈ સ્વદેશ જશો. રામ બોલ્યા—તમારૂં રક્ષણ કરવા સારૂં નીલ અને નળ સહીત મહાબળવાન હનુમાનને હું તમારી રક્ષા સારૂં રાખીશ; તેઓ રાત દીવસ તમારી રક્ષા કરશે. બ્રાહ્મણોએ કહ્યું કે હે રઘુનંદન અમારા અગ્નિહોત્રવાળા શેવકો ઉત્તરમાં ગયાછે માટે અમે તેમને અત્રે

લાવી શકીશું નહિ પણ અમે એકલા નગરમાં નિવાસ કરવા આવીએ છીયે. રામચંદ્રજીએ તે નગરમાં દેવળો તેમજ ઘરો વિગેરે જે ભાગી તુટી ગયેલું હતું તે સઘળું સુધરાવી સુંદર બનાવી બ્રાહ્મણોને આપ્યું. પછી શ્રેષ્ટ ગોત્રજા વણીકોને લાવવા સારૂં હનુમાનને મોકલ્યા; હનુમાન તેમને લેઇને આવ્યા ત્યારે રામચંદ્રજીએ તેમને સ્થાનકો આપીને બ્રાહ્મ- ણોની શેવા કરવા સારૂં ત્યાં રાખ્યા. તેમને ઉજવળ ખડ્ગ અને બે સુંદર ચામર આપ્યાં, અને કહ્યું કે વિવાહના સમયે વરરાજાએ આ ચિન્હ ધારણ કરવું. હે વણીકો ચામર વતે વરરાજાની આગળ વા ઉરાડવો તેમજ શ્રીમાતા અને કુ- બેરનું પુજન કરવું જોઇએ. તમારે બ્રાહ્મણોની આજ્ઞા પ્રમાણે વર્તવું જોઈએ. શુભ તેમ અશુભ કામમાં તે શ્રેષ્ટ બ્રાહ્મણો- ને પૂજવા જોઇએ. મંડલીપુર ગામમાં જન્મેલા જે વણીકો રામચંદ્રજી સાથે મોહરેકપુરમાં તિર્થ યાત્રાએ આવ્યા હતા તેમને બ્રાહ્મણોની શેવામાં રાખ્યા.

તેઓ મંડળીક (માલઇયા) મોઢ કહેવાય છે. આ પ્રમાણે શ્રી રામચંદ્રજીએ માઘ મહીનાની શુદ ત્રીજને દીવસે રો- હીણી નક્ષત્રમાં સોમવારે શુભ લગ્નમાં વાસ્તુ પૂજા કરી.* તે વખતે કૌશલ્યાના આનંદને વધારનાર શ્રી રામચંદ્રજીએ ત્રૈવિદ્ય મોઢ બ્રાહ્મણોને પચાસ ગામો દક્ષિણામાં આપ્યાં. તે

વખતે કેટલાક બ્રાહ્મણોએ કહ્યું કે અમે દાન લેતા નથી, તેથી રામચંદ્રે આપની બીકને લીધે કાંઈપણ કહ્યું નહિ. રામચંદ્રે કપીશ્વર હનુમાનને કહ્યું કે તમારે દીવ્ય મોહરેકપુરમાં રહીને બ્રાહ્મણો તથા તેમના શેવકોનું હરેક પ્રકારે રક્ષણ કરવું. આવી વ્યવસ્થા કરીને રામચંદ્રે પોતાને વતન અયોધ્યે જવાનો નિશ્ચય કર્યો. સર્વે દેવોએ આવી રામચંદ્રજીની સ્તુતી કરીને જીર્ણોદ્ધાર કર્યા બદલ ઘણી પ્રસંશા કરી. રામચંદ્રજીએ બ્રાહ્મણોની જવા સારૂ આજ્ઞા માગી અને હનુમાનને તેમના રક્ષણ માટે ત્યાં રાખ્યા. રામચંદ્રજીએ આવી રીતે મોહેરકપૂરનો જીર્ણોદ્ધાર કર્યો તેથી મોઢ બ્રાહ્મણો અને તેમના શેવકો મોઢ વાણીઆઓના રામચંદ્રજી ઇષ્ટદેવ કહેવાયછે.

યુધિષ્ટિર બોલ્યા, હે મુનીરાજ રામચંદ્રજીએ કેવી રીતે સાસન લખ્યું અને તેમણે શાં શાં દાન આપ્યાં તે સઘળું વિસ્તારી કહો.

ધૌમ્ય બોલ્યા, હે રાજન્ વિધિપૂર્વક રામચંદ્રજીએ સાશન લખીને ભાવ સહીત તે લેખ બ્રાહ્મણોને આપ્યો, અને તેને સોનેરી અક્ષરે તામ્ર પત્ર ઉપર લખ્યો. તેમાં એવું લખ્યું કે મેં જે ગામો બ્રાહ્મણોને દાનમાં આપેલાં છે તે ગામો જે વિના કારણે તેમની પાસેથી છીનાવી લેશે તેનો કુળ સહીત

નાશ થશે. પછી રામચંદ્રજીએ વસિષ્ટને પૂછયું કે હવે અહીઆં બીજું કયું તિર્થ છે કે જેનાં દરશન કરવાથી મુક્તી મળે, ત્યારે વસિષ્ટે ઉત્તર વાળ્યો કે હે રાજેંદ્ર આ સ્થળમાં બીજું મુક્તી આપનારૂં લોહયષ્ટી (લોટી) તિર્થ છે, માટે ત્યાં તમારે જવું ઉચીત છે અને ભૃગુના શ્રાપથી હણાએલા દંડકારણ્યને પણ તમારે પવિત્ર કરવું જોઇએ.

યુધિષ્ટિર બોલ્યા—ભૃગુએ તે અરણ્યને ઘોર શ્રાપ શા સારૂં દીધો, ત્યાં પ્રથમ શું બન્યું હતું તે હે તપોધન તમે મને કહો.

ધૌમ્ય બોલ્યા—હે પાર્થ પૂર્વે પૃથ્વી વીષે પુરૂષમાં શ્રેષ્ઠ દંડક નામનો રાજા હતો; તે પવિત્ર સૂર્ય વંશમાં ઉત્પન્ન થયો હતો અને તેનું રાજ્ય હસ્તિ અશ્વ રથ ધન અને ધાન્ય વાળું હતું. એક વખતે તે રાજા મૃગ અને વરાહને હણવાની ઈચ્છાથી સૈન્ય લઈ મૃગીઆ કરવાને વનમાં ગયો. તે વખતે એક મૃગને વરખડા આગળથી નીકળીને રથના મોં અગાડી ત્વરાથી જતાં જોયો. તેને જોઇને બાણને ખેંચીને રાજા રથ દોડાવીને ઘણી ત્વરાથી તેની પાછળ ગયો. વેગથી તે મૃગ રાજાની દ્રષ્ટી મર્યાદામાંથી વાહન થાકી ગયું હતું તેથી જતો રહ્યો. વનમાં મૃગને ગએલો જોઇને તે રાજા ખેદ પામ્યો અને હે રાજેંદ્ર પોતાને ઘેર જવાની ઈચ્છા

વાળા તે રાંજાને ચિંતા થઈ. રાજાએ તે વખતે તે સ્થળને વિષે ભૃગુરૂશીનો ઉત્તમ આશ્રમ દીઠો અને તે આશ્રમ પક્ષિના ટોળાંથી ઘેરાએલો હતો અને વૃક્ષોથી શોભતો હતો. રાજાએ પોતાની આગળ તે શ્રેષ્ટ મુનીનો આશ્રમ જોઇને વિચાર કર્યો કે તે શ્રેષ્ટ બ્રાહ્મણનાં માહારે દર્શન કરવાં જોઇએ કારણ કે એમનાં દર્શન કરવાથીજ કલ્યાણ થાયછે અને પુર્વ જન્મમાં કરેલાં પાપો નાશ પામેછે. બ્રાહ્મણની આરાધના કરવાથી ચાર પ્રકારનાં ફળ મળેછે માટે એ રૂશીને પ્રણામ કરીને માહારે પોતાના નગરમાં જવું જોઇએ. એ પ્રમાણે વિચાર કરીને ધનુશ ધારણ કરનાર તે શ્રેષ્ટ દંડક રાજા ઘણા આદર સહીત રથમાંથી ઉતરીને આશ્રમ પ્રત્યે ગયો. તે રાંજાએ ને આશ્રમમાં પ્રવેશ કર્યો ત્યારે તેણે ફળવાળાં વૃક્ષો દીઠાં. તે વૃક્ષો જોઇને રાજા ખુશી થયો અને ત્યાં તે મુનીને દીઠા નહીં એટલે વારંવાર તે શ્રેષ્ટ મુની ક્યાં ગયાછે એવું પુછવા લાગ્યો; તે વખતે રાજાએ બાળક, કુંવારી અને દેવ કન્યાના જેવી કાંતિવાળી ભૃગુની પુત્રીને ત્યાં ઉભી રહેલી દીઠી. હે રાજેંદ્ર રોપેલી ઝાડની ડાળીઓમાં પાણી છાંટવા સારૂ રાખેલી અને મનુષ્ય વગરના વગડામાં કાર્ય કરવામાં તત્પર તે છોડીને દીઠી તેનું નામ અરજા હતું. તે કુમારીકાને જોઇને રાજાએ ઘણા મધુર વચનથી પુછ્યું

કે હે કમળના જેવાં લોચન વાળી હે કૃશોદરી તું કોણ છે અને તું કોની પુત્રીછું હે સુંદર મધ્યભાગ વાળી તું. દેવકન્યા, અપ્સરા, કે ગાંધર્વી છે, હે કમળનાં જેવાં લોચન વાળી તું ક્યાંથી આવેલી છું તે તું મને કહે.

ધૌમ્ય બોલ્યા—એ પ્રમાણે તે રાજાનું વચન સાંભળીને કોકિલ (કોયલ) ના જેવા કંઠથી બોલનારી ભૃગુની પુત્રીએ મધુર વચન રાજાને કહ્યું. હે શ્રેષ્ટ પુરૂશ જેનો આ આશ્રમ છે તે ભૃગુની હું પુત્રી છું અને આપ અહીંઆં કેમ પધારેલા છો અને શા કામ સારૂં આવ્યા છો તે મને કહો.

રાજા બોલ્યો—હે વિશાળ લોચનવાળી શસ્ત્ર ધારણ કરનારમાં શ્રેષ્ટ એવો હું દંડક નામનો રાજા છું અને હું મૃગની પછાડી પડ્યો ત્યારે તે મૃગ કાંઇક જતો રહ્યો, તેથી હે શુભ મુખવાળી તાહારા પીતાના દર્શન સારૂં હું અહીઆં આવ્યોછું, માટે હે કાંતે તાહારા બાપ ક્યાં ગયા છે તે તું મને કહે.

અરજા બોલી—ફળને લાવવા સારૂં માહારા પીતા વનમાં ગએલા છે અને તે લઇને આ સ્થળે હમણાં આવશે જ્યાં સુધી માહારા પીતા આવે ત્યાં સુધી હે રાજેંદ્ર તમે અહીંઆં બેસો અને તમને અતિથીની પેઠે અહીંઆં આવીને માહારા પીતા પૂજશે.

રાજા બોલ્યો—હે કાંતે તાહારાં દર્શનથીજ માહારૂં અ-તિથી પણું થએલું છે કારણ કે હે મધુર ભાષણ કરનારી તાહારા દર્શનથીજ કામદેવે મને ઘેરી લીધેલો છે, હે સુંદર મુખ વાળી તું માહારી સાથે પ્રીતી કર, હે સુંદર અવયવ વાળી હું તાહારો દાસછું અને હું જે કામથી ઘેરાએલો છું, તેના ઉપર દયા કરીને બચાવ.

કન્યા (અરજા) બોલી— હે શ્રેષ્ટ રાજા હું ઉત્તમ કુળમાં ઉત્પન્ન થએલી કન્યા છું તેને તારે આવું દુષ્ટ વચન કહેવું યોગ્ય નથી અને માહારા પીતા કોપથી કામદેવને અને રાજ સહિત તને બાળીને ભસ્મ કરશે. હે રાજેંદ્ર દુષ્ટ કર્મ કરીને તું કષ્ટમાં શા માટે પડેછે, હું તપસ્વી ભૃગુની પુત્રી તારાથી ભોગવવા યોગ્ય નથી; હે દુષ્ટ તું ઘેર જા કારણ કે વિધિથી તું તારી મેળેજ હણાએલો છું અને તેથી તું માહારા પીતાને કોપ કરવાને ઇચ્છે છે.

ધૌમ્ય બોલ્યા—કામદેવથી પીડાએલા તે રાજાએ તે વ-ચન સાંભળીને ઘણી રૂદન કરતી અને દુખી થએલી તે કન્યાનો હાથ ઝાલ્યો અને ઘણા દુષ્ટ આત્માવાળા તેણે ઘ-ણું રૂદન કરતી તે કન્યાને બળાત્કારે ભોગવી અને મુનીના શ્રાપના ભયને લીધે તેને રૂદન કરતી મેલીને જતો રહ્યો. જ્યારે તે રાજા ગયો ત્યારે ભૃગુ વનમાંથી ઘેર આવ્યા તે

વખતે વિલાપ કરતી અને શોક વાળી થએલી પોતાની પુ-
ત્રીને તે શ્રેષ્ટ રૂશીએ દીઠી. રૂદન કરતી પોતાની પુત્રીને જો-
ઇને તેને પૂછ્યું કે હે કલ્યાણી હે શુભે તું શા વાંસ્તે શોક
કરેછે, તને કોણે દુખ દીધું છે, તને દુખ દેનાર દેવ દાનવ
કે યક્ષ હશે તોપણ તેને હું યમ લોકમાં પહોંચાડીશ. હે પુત્રી
તાહારૂં વીપ્રીય કોણે કરેલું છે તે તું મને કહે, કારણ કે જો
તે ઇંદ્ર જેવો હશે તોપણ તેને શ્રાપ દઇને હું ભસ્મ કરીશ.
તે મોટા આત્મા વાળા રૂશીએ પોતાની પુત્રીનાં આંસુ લોહી
નાંખ્યાં ત્યારે રૂદન કરતી તે છોડીએ પોતાના પીતાને શો-
કનું કારણ કહ્યું.

અરજા બોલી—મૃગીઆ સારૂં નીકળેલો દંડક નામનો રા-
જા અહીંઆં આવ્યો અને હે તાત કામથી ઘેરાએલા તે
દુરાત્માએ માહારી સાથે વ્યભિચાર કર્યો.

ધૌમ્ય બોલ્યા—તે સાંભળીને ક્રોધથી લાલ આંખો જેની
થએલી છે એવા અને હોઠ પીશીને ભૃગુએ દુષ્ટ આચરણ
વાળા અને મનુષ્યમાં અધમ એવા તે દંડક રાજાને શ્રાપ
દીધો કે "માહારા આશ્રમમાં આવીને તેં પીશાચ પણું કરેલું
છે તેથી ક્ષણ વારમાં દેશ સહીત તાહારૂં રાજ્ય ભસ્મ
થાઓ. તાહારા નામથી પૃથ્વી વીશે નહી જવા યોગ્ય અને
સર્વ પ્રાણીઓને પાપ આપનારૂં દંડક નામનું વન થાઓ."

એ પ્રમાણે શ્રાપ પામેલો તે રાજા કુટુંબ સહીત નાશ પામ્યો અને હે રાજેંદ્ર તેનો દેશ પણ તે વખતે શૂન્ય થઇ ગયો. હે નૃપ પીતાની આજ્ઞાથી ગએલા રામથી પાવન થએલું તે દંડકારણ્ય પૃથ્વીને વીશે વિખ્યાત થએલું છે. હે શ્રેષ્ટ રાજા યશને સારૂં મહા ઘોર તપ કરીને ગૌતમે વિશ્વને પવિત્ર કરનારી ગંગાને ત્યાં આણેલી છે. હે રાજન્ એ પ્રમાણે મેં તને દંડકારણ્યની ઉત્પત્તિ કહી હવે હે ધર્મ પુત્ર ફરીથી વીષેશ શું સાંભળવા ઇચ્છેછે તે તું મને કહે.

યુધિષ્ટિર બોલ્યા—મહર્ષિ ગૌતમે કેવી રીતે ગંગાને ત્યાં આગળ આણી અને તેમણે શા વાસ્તે તપ કર્યું તે હે મોટી બુદ્ધિ વાળા મુની મને વીસ્તારથી કહો.

ધૌમ્ય બોલ્યા—હે પાર્થ શુભ ગંગાને લાવવી તેમજ ગૌતમનું વૃતાંત અને બ્રાહ્મણોનો પાપી આચાર હું કહુંછું તે તું સાંભળ. કોઇક વખતે દૈવ યોગથી વરસાદ વરસ્યો નહીં ત્યારે પ્રજાને મોટું દુખ કરે એવો દુકાળ પડ્યો. હે પાર્થ વરસાદ ન થયો તેથી સર્વ લોકનો વિનાશ થયો ત્યારે ભાર્ગવ વિગેરે મોટા આત્મા વાળા બ્રાહ્મણો ચીંતાતુર થયા અને ઘણું કષ્ટ પડયું ત્યારે સઘળા બ્રાહ્મણો એકઠા થઇને વાદવિવાદ કરવા લાગ્યા. ધાન્ય વગરના અને નિર્ધન આપણે કેવી રીતે દુકાળ સહન કરી શકીશું અને કુટુંબ સહીત

ઘણા પીડાએલા આપણે કયાં જવું જોઇએ; બળ અને જ્ઞાનનો નાશ કરવા વાળી, ધર્મની હાની કરનારી, મિત્રોના સ્નેહને તોડાવનારી ભૂખ એ મોટું દુખ કરનારી છે, પ્રાણીઓના પ્રાણ અન્ન છે અને તેના વીના સુખ નથી, માટે હે બ્રાહ્મણો આપણે શું કરવું અને કયાં જવું; તે વખતે એક બુદ્ધિવાન દેવશર્મા નામનો બ્રાહ્મણ હતો, તેણે તે શ્રેષ્ટ બ્રાહ્મણોને સુખ કરે એવું આ પ્રમાણે વચન કહ્યું કે હે સર્વ બ્રાહ્મણો આપણા સઘળાના ઉપયોગનું અને સુખ આપનારૂં માહારા તથા તમારા હીતનું વચન સાંભળો. હે બ્રાહ્મણો પૂર્વે સત્ય યુગમાં શ્રેષ્ટ મુની ગૌતમે વીંધ્યાટવીમાં બ્રહ્મગિરિ ઉપર ઘણુંજ દારૂણ તપ કર્યું હતું, અહાર કર્યા વિના અને જીતેંદ્રીય થઇને તે રૂશીએ ઉગ્ર સો વર્ષ સુધી જગતના ગુરૂ બ્રહ્માની આરાધના કરી, તેથી સૃષ્ટિને ઉતપન્ન કરનાર પદ્મ (કમળ)માંથી ઉતપન્ન થએલા, મોટા ભાગ્ય વાળા, હંસ ઉપર બેઠેલા સનાતન બ્રહ્મદેવ પ્રસન્ન થયા અને તેના આશ્રમમાં ગયા ત્યારે બ્રહ્માએ દુખથી દુર્બળ થએલા ધ્યાનમાં બેઠેલા ઉગ્ર તપ કરનાર તે ગૌતમ મુનીને દીઠા. તે વખતે દયાથી જેનું મન ભરાએલું છે એવા જગતના પીતા બ્રહ્માએ કહ્યું કે હે ધર્મને જાણનાર તાહારા તપથી હું સંતોશ પામ્યો છું માટે તું વરદાન માગ્ય. હે ગૌતમ બેઠો થા તાહારૂં કલ્યા-

ણુ થાઓ હમણાં હું તાહારા ઉપર પ્રસન્ન થયોછું માટે હે શ્રેષ્ટ બ્રાહ્મણુ તાહારૂં ઇચ્છેલું વરદાન તું માગ્ય.

ધૌમ્ય બોલ્યા—તેમનું તે વચન સાંભળીને ગૌતમ મુનીએ નમસ્કાર કર્યો અને બે હાથ જોડીને તે રૂશીએ બ્રહ્માની નીચે પ્રમાણે સ્તુતી કરી.

ગાતમ બોલ્યા—હે દેવેશ જો તમે માહારા ઉપર પ્રસન્ન થયા હો તો હે પ્રજાપતે તમારે આ ગિરિ ઉપર વાસ કરવો, સઘળા પુન્યને આપનાર મારા નામથી આ ગિરિ પ્રખ્યાત થાઓ અને હે માનદ તમારા પ્રસાદથી અહીંઆં સારી રીતે અન્ન ઉત્પન્ન થાઓ, પકવ્યા વિના આ પૃથ્વી વિશે ડાંગર જવ ધાન્ય તેમજ ફળ મુળ હમેશાં થાઓ. તે રૂશીનું તે વચન સાંભળીને પ્રેમ યુક્ત થએલા બ્રહ્માએ. કહ્યું કે તાહારા મનમાં એવી ઇચ્છા છે તો તે પ્રમાણે થશે. લોકના પીતામહ બ્રહ્મા તેને એ પ્રમાણે વરદાન આપીને જલદીથી અંતરધ્યાન થયા, અને પોતાને ભુવન ગયા; ત્યારથી તે હજુ સુધી તે સ્થાન બહુ ધાન્ય વાળું છે અને પૃથ્વીમાં પ્રખ્યાત ગૌતમ રૂશીનો આશ્રમ ત્યાં આગળ અદ્યાપિ છે. તે વચન સાંભળીને બીજા રૂશીઓએ પરસ્પર વિચાર કર્યો કે ગૌતમના આશ્રમમાં ઘણુંજ અન્ન છે માટે સઘળાને રૂચતું હોય તો ત્યાં જવું તે ઉત્તમ છે, કારણ કે

મોટા તેજ વાળા ગૌતમરૂશી ઘણાજ દાન આપનાર છે, તે મુનીને પૃથ્વીમાં ન આપવા જેવું કાંઇએ નથી. માટે ત્યાં જઇને આપણે સઘળા સારી રીતે સુખી થઇશું. હે મહીપતે તેઓનું તે વચન સાંભળીને ભૂખથી પીડાએલા તે સર્વ બ્રાહ્મણો અગની હોત્ર લઈને ત્યાં ગયા. બાળકથી માંડીને તે વૃદ્ધ સુદ્ધાંત દુકાળથી ઘણા પીડાએલા અને વેદ ભણતા તે બ્રાહ્મણો ગૌતમના આશ્રમ પ્રત્યે ગયા. તે બ્રાહ્મણોને આવેલા જોઇને ગૌતમ મુનીએ અર્ઘપાદ્ય વિગેરે વીધી પૂર્વક તેમને આપ્યું. નમસ્કાર કરીને પછીથી તેમને આવવાનું કારણ પૂછ્યું અને રહેવા સારૂં જુદાં જુદાં ઝુપડાં બાંધ્યાં. ભાર્ગવ જેમાં આગેવાન છે એવા તેમણે અગ્નીનું મંથન કરીને અને વીધી કરીને તે બ્રાહ્મણોએ મધ્યાન્હ ક્રીયા કરી. તપસ્વી અહલ્યાએ મુનીની સ્રીયોનું પુજન કર્યું અને પ્રેમ આણીને તેઓને ઘણા પ્રકારનું ધાન્ય આપ્યું. વેદ ભણનારા તે બ્રાહ્મણોનો ત્યાં સમાજ થયો અને સુખી થએલા તે પૃથ્વીના દેવોએ વીવીધ પ્રકારની ઈષ્ટીઓ કરી. એ પ્રમાણે રહેલા તેઓના ૭ મહીના સુખથી ગયા ત્યારે મેઘ રાજાએ વરસાદથી સઘળી પૃથ્વીને ભરી નાંખી. હે નૃપ તેથી દેશે દેશમાં બહુ અન્ન પાકયું અને પૃથ્વી ઉપર સઘળે ઠેકાણે લોકો સુખી થયા. અને સુકાળ તેમજ શુભ લક્ષણ વાળા

દેશીઓને સંભારીને જવાની ઈચ્છાવાળા તે મુનીઓએ ગોતમને કહ્યું કે હે સ્વામિન્ તમારી કૃપાથી હમે સુખી થએલા છીએ અને વીવીધ પ્રકારના અન્નથી અમને તૃપ્ત કર્યાછે માટે આપ સઘળા જગતને જીવાડવાને શક્તીવાન છો. હે શ્રેષ્ટ મુની મુનીઓનાં ટોળાની શી વાત કરવી અને મુનીઓના તપથી અહીંઆં ધર્મ, કામ, અને ઉત્તમ અર્થ થાયછે, ઉત્તમ જ્ઞાન સાંભળવાથી અંતે મોક્ષ મળેછે માટે હે સારા વ્રતને આચરનાર બ્રહ્મન્ તમારાં દર્શનથી હમે તૃપ્ત થયા નથી તથાપી અમારૂં મન અમારા આશ્રમ પ્રત્યે જવાને ઇચ્છે છે માટે જો તમારી મરજીમાં આવે તો હે માનદ અમને આજ્ઞા આપો. તમારે આશ્રમે દર્શનને સારૂં હમે ફરીથી આવીશું માટે કૃપાથી આપેલી તમારી આજ્ઞાથી હમે જઇએ છીએ.

ગૌતમ બોલ્યા—હે મોટા ભાગ્ય વાળા તમારાં કરેલાં શુભ કૃત્યથી તમારૂં કલ્યાણ થાવ અને હે મુનીઓ સાંભળો કે તમારે સારૂં મેં આશ્રમમાં ડાંગર અને જવના જેવું વીવીધ પ્રકારનું અન્ન એકઠું કરેલું છે તે સઘળું જમીને પોતાના આશ્રમ પ્રત્યે જાવ. એ પ્રમાણે માહારી ચીત્તવૃત્તી છે તે તમારે સંપૂર્ણ કરવી જોઈએ. મુનીઓના આવવાથી મને પુણ્ય થયું તેથી હું પવિત્ર થયોછું સર્વ માહાત્માઓએ અહીંઆં

આવીને નીવાસ કર્યો અને કેટલોક વખત જંગતના દેવો જે તમે તે અહીં રહ્યા માટે અન્ન ખુટે ત્યારે તમારે જવું એ મને સારૂં લાગેછે માટે માહારા ઉપર કૃપા કરીને હે મુનીશ્વરો તમે રહો.

ગૌમ્ય બોલ્યા—જવાને તૈયાર થએલા મુનીઓએ તેનું તે વચન સાંભળીને એમ નહી કરીએ એવું બોલ્યા નહીં તેમજ ત્યાં રહેવા સારૂં પણ નીશ્ચય કર્યો નહીં. તે શ્રેષ્ટ બ્રાહ્મણોએ જવાને સારૂં ઉપાય સોધવા માંડ્યો ત્યારે તે સઘળાએ વિચાર કરીને નવી માયા કરી. મંત્ર બળથી નવી, જાડી, ઘડાનાં જેવાં આંચળ વાળી અને સુંદર દેખાવ વાળી કપીલા ગાય બનાવી. તેઓએ તે ચંચળ ગાયને ગૌતમની પાસે જવાની પ્રેરણા કરી. તે વખતે ગૌતમ મુની તિર્થ ઉપર મધ્યાન્હ ક્રીયા કરતા હતા ત્યાં આગળ આવીને તે ગાયે કુશ અને અન્નને ખાવાનું મન કર્યું ત્યારે મુનીએ ચપટી વગાડીને તેને હાંકવા માંડી તથાપી બળ કરીને તેણે કુશ અને અન્નની એક મુઠી ખાધી ત્યારે તેમણે કુશ તેની તરફ ફેંક્યું; એવું કર્મ તે મોટા તપ વાળાએ ગાયને હાંકવા સારૂં કર્યું એટલે તે અડકવાથી ગાય પડી ને તે વખતે મરણ પામી. સઘળા મુનીઓ પણ ગાય મરી ગઈ એમ બોલ્યા અને... ગૌતમે પણ માયાથી બનાવેલી નથી

એમ માની તે ગાયને મરી ગએલી દીઠી ત્યારે ઉદ્વેગ પામેલા તેમણે ઘણો શોક કર્યો અને દુઃખથી પણ મટે નહીં એવી હત્યા માનીને તે મોહા તેજવાળા ચીંતાતુર થયા અને દુખ પામીને તેમણે વિલાપ કર્યો અને દેહ ત્યાગ કરવાનો વિચાર કરીને પ્રાણાયામ કર્યો ત્યારે મરવાની ઈચ્છા વાળા મુનીને જાણીને હંસ ઉપર બેઠેલા લોકોના પીતામહ બ્રહ્મા ત્યાં આવ્યા અને દયાવાળા થઇને તેને કહ્યું કે હે પુત્ર આ માયાથી બનાવેલી ગાયછે માટે શોક ન કર, કારણ કે દુષ્ટ આત્માવાળા મૂઢ બ્રાહ્મણોએ આ ગાય માયાથી બનાવેલી છે માટે તેની હત્યાનું પાપ તને નથી અને હે માનદ આ માયા છે એમ તું જાણ, તે કૃતઘ્ન અને પાપીઓએજ તેને ખરેખર બનાવેલી છે.

ધૌમ્ય બોલ્યા—ત્યાં આગળ તે બ્રહ્માનું વાક્ય સાંભળીને અને ગૌતમને દુઃખી થએલા જોઇને તે અધમ બ્રાહ્મણો ઘણીજ લજ્યા પામ્યા. તે વખતે ક્રોધ પામેલા ગૌતમે પણ તે અધમ બ્રાહ્મણોને શ્રાપ દીધો કે "તમે સઘળા ધર્મમાંથી ભ્રષ્ટ થજો; દુષ્ટ આચાર વાળા તેમજ પાપી થજો;" ગૌતમના શ્રાપથી પીડાએલા તેઓ ધર્મભ્રષ્ટ અને પાપ કર્મથી કૃતઘ્ન થયા તેમજ સર્વ લોકમાં નીંદાવા લાગ્યા. ગૌતમ પણ અન્ન ફળ અને મુળીઆં તજીને સ્થીર ધ્યાન ધરીને હે નૃપ શી-

વને પ્રસન્ન કરવા લાગ્યા. એ પ્રમાણે ત્યાં સો વર્ષ સુધી તેમ-
ણે ભારે તપ કર્યું ત્યારે શોકનો નાશ કરનાર . મોટા દેવ
શંકર પ્રસન્ન થયા. નંદી ઉપર બેઠેલા અને ત્રણ લોચન વા-
ળા તેમણે મધુર વાક્ય કહ્યું કે હે વીપ્ર તું શોચ્ય કેમ કરેછે
એ ગાય માયાથી બનાવી હતી તેમાં સંશય નથી. હે સુવ્રત
તાહારા તપથી હું સંતોષ પામ્યોછું માટે વરદાન માગ્ય. હે
વીપ્રેંદ્ર દુઃખથી મળે એવું તે વરદાન હશે તો પણ તે હું
આપીશ. પ્રીતી યુક્ત મનવાળા ગૌતમે શંભુનું તે વચન
સાંભળીને ઘણી ભક્તીથી પ્રણામ કરીને જગદીશ્વરને સંતોષ
પમાડ્યા. હે નૃપ હાથ જોડેલા છે એવા ગૌતમે પાર્વતી પ-
તીની સ્તુતી કરી અને દુઃખથી તપેલા તેણે લોકના શંકર
જે શીવ તેમને કહ્યું કે હે પ્રભો હું શું કરૂં, ક્યાં જાઊં, મને
લોકમાં ઘણી લાજ આવેછે અને ગૌ હત્યાકરીછે તેથી રાત
દીવસ હું તપુંછું. હે દેવ હે દેવના ઈશ હે પાર્વતીપતે જો
તમે પ્રસન્ન થયા હો તો હે મહાદેવ આ દેશમાં જેમ ગંગા
આવે તેમ કરો. હે ત્રિપુર દૈત્યનો નાશ કરનાર આ દેશ
તિર્થ વગરનો છે માટે હે કૃપાનીધે પવિત્ર ગંગા અહીંઆં
લાવો ને ગંગા જો અહીંઆં આવશે તો મારી કીર્તિ બધે
ફેલાશે માટે હે શંભો હે ત્રિપુરાંતક એ મારૂં ઇચ્છેલું વર-
દાન આપો.

ધૌમ્ય બોલ્યા—ઘણા તેજવાળા તે મુનીનું એ પ્રમાણે વચન સાંભળીને હે રાજા ત્યાં ગંગાને આણી. એ પ્રમાણે હે રાજા જે તેં મને પૂછ્યું હતું તે સઘળું મેં કહ્યું અને તે વનમાં ત્રણ ભુવનમાં પ્રખ્યાત ગૌતમી ગંગા પ્રગટ થઈ હે પાર્થ ત્યાં સઘળાં તિર્થો છે અને તે નદી સીંહ રાશીમાં રહેલી અંગીરસની પુત્રી જે ગોદાવરી છે તેમાં હે રાજા હમેશાં મળેછે. તેમજ હે નૃપ હમેશાં સીંહ રાશીમાં રહેલું તેમજ સ્નાન દાન વીગેરે કર્મમાં ધર્મારણ્ય ઘણું પુન્ય વાળું છે જે મનુષ્ય ધર્મ કુપમાં, તળાવમાં, અને મનને રમણીક લાગે એવા દેવખાતમાં કે સૂર્ય કુંડમાં સ્નાન કરેછે તે સર્વ પાપથી મૂક્ત થાયછે. જેમ સીંહરાશી ઉપર રહેલી અને દેવોએ પૂજેલી ગોદાવરી પવિત્રછે તેવી રીતે મોટું ક્ષેત્ર ધર્મારણ્ય પવિત્ર છે.

તે સાંભળી જગતકર્ત્તા કૌશલ્યાના પુત્ર શ્રી રામચંદ્રજી ગુરૂને લઇને દંડકારણ્યને પાવન કરી લોહયષ્ટીમાં ગયા. ત્યાં ગંગકૂપમાં સ્નાન કરીને તેમણે શ્રાદ્ધ કર્યું. ગોવત્સેશ્વરની પૂજા કરીને ગોમતીમાં સ્નાન કર્યું. ત્યાંથી પદ્મનાભ જઈ તિર્થ યાત્રા કરીને શ્રી રઘુનંદન પાછા મોહેરક પુરમાં આવ્યા રામચંદ્રજીએ પછીથી વેદ અને વેદાંગમાં પાર પામેલા બ્રાહ્મણોને જોઇને પ્રસન્ન મનથી યજ્ઞ કરવાનો આરંભ કર્યો.

તે સમયે સીતાએ રામચંદ્રજીને કહ્યું કે પંદર હઝાર મોઢ બ્રાહ્મણોએ વાસ્તુ વખતે યજ્ઞમાં દાન લીધું નથી માટે વૃતના સંપૂર્ણ હેતુને સારૂ તેમનાથી યજ્ઞ કરો. રામચંદ્રે સીતાનું સત્ય વચન સાંભળીને પંદરહઝાર મોઢ બ્રાહ્મણો સહીત તે યજ્ઞ કર્યો. જ્યારે યજ્ઞ સંપૂર્ણ થયો ત્યારે બ્રાહ્મણો-એ રામચંદ્રને કહ્યું કે અમે તમારૂં દાન પૂર્વે ગ્રહણ કર્યું નથી તેથી ત્રૈવીદ્ય બ્રાહ્મણો અમને હરકત કરેછે, માટે અ-મો સઘળા મોહરેકપુરમાં રહેવા ખુશી નથી. બ્રાહ્મણોનું તે વચન સાંભળીને સીતાએ પોતાના નામનું ગામ ત્યાં વસા-વવા રામચંદ્રને વિનંતી કીધી, અને તે ગામ પંદરહઝાર મોઢ બ્રાહ્મણોને આપવા વિચાર જણાવ્યો. રામચંદ્રે સત્વર શ્રેષ્ટ કારીગરોને બોલાવી ત સ્થળે ગામ રચવાની પ્રેરણા કરી. નગર તૈયાર થઈ રહ્યું એટલે તેનું નામ સીતાપુર પાડયુ, અને શુભકારી શાન્તા માતાને તેની અધિદેવી સ્થા-પી સીતાના નામથી તે નગર રચાએલું જોઈ ઘણા પ્રસન્ન મનથી રામચંદ્રે બ્રાહ્મણોને તે દાનમાં આપ્યું. વળી શ્રી જગતપતિ રઘુનંદને શ્રદ્ધા સહીત આ બ્રાહ્મણો માગણ નથી એવું વિચારી તે બ્રાહ્મણોને છેતરીને દાન આપ્યું. મોહેરક પુરની આગળ બાર ગામ કાશ્યપી નદીને કાંઠે આવેલાં કે-ટલાંક ગામો, વેત્રવતીના કાંઠા ઉપર આવેલાં ગામો, અને

તે બે નદીઓ વચ્ચે આવેલાં સઘળાં મળી પંચાવન ગામો તામ્રપત્ર ઉપર લખીને ફુલના હારમાં ગુંથીને પૂજાની વખતે શ્રી રામચંદ્રજીએ આપ્યાં. તે શિવાય બીજાં સોળદાન ત્યાં આગળ રામચંદ્રજીએ આપ્યાં. દાનની અંતે સીતાપુર ગામ દક્ષિણામાં આપ્યું. તેવી રીતે સીતાપુર સહીત છપન ગામો દાનમાં આપ્યાં.

જે છપન ગામો દાનમાં આપ્યાં તેનાં નામ નીચે પ્રમાણે છે.

સર્વે મોઢોનું સ્થાન મોહેરકપુર અને બીજાં પંચાવન.

(૧) સીતાપુર (૨) શ્રીક્ષેત્ર (સરખેજ) (૩) સિંહાલી (સીંહોલી) (૪) મુદ્દગલી (મગોડી) (૫) જ્યેષ્ટલજ (જેઠલજ) (૬) શ્રીપઃસ્થાન (સેરથા) (૭) દંતાલી (૮) વટપત્રક (વડોદરૂં) (૯) રાજ્ઞીપુર (રાયપુર) (૧૦) કૃષ્ણવાઢં (૧૧) દેશાલં (દેહેલોડુ) (૧૨) ચયનસ્થલ (ચાંણુસદર) (૧૩) કુહકમ્ (કુહા) (૧૪) ચંદનક્ષેત્ર (ચાંનખેડુ) (૧૫) સ્છલમ્ (થોળ) (૧૬) હસ્તિનાપૂર (હાથીજણુ) (૧૭) કર્પટમ્ (કપડવંજ) (૧૮) જયણુ (ઝાણુ) (૧૯) વનોડ (વનોડા) (૨૦) ફેનકાવલી (ફિણાવ્ય) (૨૧) ગોવિંદમ્ (ગોવિંદડુ) (૨૨) મોહાભમ્ (ઓભુ) (૨૩)ગોલક (ગોલા) (૨૪) સ્થળતેજક (થળતજ) (૨૫) ચારણુસિદ્ધ (ચેખલુ) (૨૬) સોજ્યંત્રમ્ (સોજીત્રા) (૨૭) બાલ-

જમ્ (ભાલજ) (૨૮) વટસુમાલીકા (વાટસુવાળી) (૨૯) ગોધરમ્ (ગોધ્રા) (૩૦) માણુજમ્ (માણુજ) (૩૧) આનંદમ્ (આણુંદ) (૩૨) પાટલાવલી (પાટડી) (૩૩) શાણેદમ્ (સાણુંદ) (૩૪) ઢિંકલપુરમ્ (ઢીંકોલ) (૩૫) માત્રમેધ્ય (માતમોડુ) (૩૬) માતર (૩૭) બહુવતી (બહોલ) (૩૮) ગંધવતી (ઘ-મીજ) (૩૯) ખમદાધ (૪૦) દરાત્રીજમ્ (દરાંતજ) (૪૧) રૂપાવલી (રૂપાલ) (૪૨) બોધની (બસોલ) (૪૩) છત્રાજમ્ (છત્રાલ) (૪૪) વંશજાભિધમ્ (વાંસજડુ) (૪૫) કર્પુરમ્ (૪૬) ગોતીકા (ગોતા) (૪૭) દુગ્ધાલી (દુધૈયા) (૪૮) ચીત્ર-લેખક (૪૯) હંસાલી (હાંસોલ) (૫૦) બલવતી (બેચ્યોલ) (૫૧) દેહાલી (દેહેલોલ) (૫૨) નાલીકાવલી (નાલોલ) (૫૩) આશાવતી (અસાલ) (૫૪) રૂદ્રવતી (૫૫) અને સુહાસ.

સીતાના વચનથી અને વસિષ્ટ ગુરૂના વાક્યને સાંભળીને સર્વે કામના અર્થની સીદ્ધીને સારૂ તે બ્રાહ્મણોએ તે ગામો ગ્રહણ કર્યા. ૧ ભારદ્વાજ, ૨ વત્સ, ૩ કૌશીક, ૪ કુશ, ૫ સાંખ્યાયન, ૬ કુત્સ, ૭ માંડવ્ય, ૮ ધારણસ, ૯ શાંડી-લ્ય, ૧૦ જાતુકર્ણું, ૧૧ વસિષ્ટ, ૧૨ ગૌતમ, ૧૩ મૌખકસ, ૧૪ લૌકાક્ષી અને ૧૫ કશ્યપ એ ગોત્રો વાળાને રામચંદ્રજીએ ઉપર લખેલાં સ્થાનકો આપ્યાં; તેમાં સાંખ્યાયન, કુશ, ભારદ્વાજ, અને કૌશીક એમની અટક ત્રીપાઠી (તરવાડી)ની છે. વત્સ

અને કુત્સ એ બન્નેની યાજ્ઞિક (જાની)ની છે. બાકીના નવ ગોત્રોના બ્રાહ્મણો ઉપાધ્યાય કહેવાય છે. સીતાપુર, શ્રીક્ષેત્ર, અને સોહાસમાં, ત્રણ ગોત્ર વાળા બ્રાહ્મણો, મગોડી, વડોદરા, ગોધરા, અને હાથીજણમાં ચાર ગોત્ર વાળા બ્રાહ્મણો, જેઠલજ, શેરથા, દંતાલી, કુહા, કપડવંજ, માણજ, અને પાટડીમાં બે ગોત્રવાળા બ્રાહ્મણો, અને બાકીના ગામોમાં એક એક ગોત્રવાળા બ્રાહ્મણોનો વાસ છે. આ પ્રમાણે મોઢ માર્યાદાથી રહેછે. તેઓ પોતપોતાને આપેલાં ગામોમાં રહ્યા તેથી તે ગામોની સંજ્ઞા વાળા થયા. તેઓ સઘળા વેદના અભ્યાસની ઈચ્છાવાળા, શાસ્ત્રનું ચીન્તન કરવામાં તત્પર, ચાતુર્માસમાં ઇષ્ટિની ઈચ્છાવાળા અને વેદ કર્મ કરવા વાળા હતા. મોટા ભાગ્યવાળા વાણીઆઓ પણ બ્રાહ્મણોની શેવા કરવાની ઈચ્છા વાળા, બ્રાહ્મણોની આજ્ઞા પાળનારા અને તેઓના ઘરના કામ કાજમાં તત્પર રહેતા. તે શ્રેષ્ટ ગોભુજા પરસ્પર પ્રીતી વાળા, શીખાસુત્રને ધારણ કરનાર, દાન આપનાર, અને પંચયજ્ઞ કરનાર હતા. પૃથ્વીમાં જાણે બીજું સ્વર્ગ હોય તેવી રીતે તે રમણીક નગર શોભતું હતું. તે વખતે ત્યાંના લોકોને આધી વ્યાધી બીલકુલ પીડતી નહી. રઘુનંદનની આજ્ઞાથી સઘળા ગોભૂજા તેમજ મંડળીક વાણીઆઓ બ્રાહ્મણોની શેવા કરતા હતા.

યુધિષ્ટિર બોલ્યા, હે શ્રેષ્ટ ૠષિ રઘુનાથે લોહ યષ્ટીમાં તિર્થયાત્રા કરી તે શી રીતે ઉત્પન્ન થયું તે મને આપ કૃપા કરી કહો,

ધૌમ્ય બોલ્યા, હે રાજન્ બાણાસુર જેમાં શ્રેષ્ટ છે એવા બળીરાજાને મહા સુરવીર સો પુત્ર હતા. તેઓમાં લોહાસુર બુદ્ધીમાન હતો. સર્વ ભક્ષને તજી શીવના ધ્યાનમાં નિમગ્ન એવો તે હેમ પર્વતના શીખર ઉપર જઈ તપ કરવા બેઠો. સર્વ ઈચ્છાઓ પુરી પાડનાર મોટા દેવ શંકરે તેના ઉપર પ્રસન્ન થઈ તેને અમર પણું આપ્યું. વરદાન મળવાથી બળવાન થએલો તે સર્વ રાજાને જીતી પૃથ્વીનું રાજ્ય ભોગવવા લાગ્યો. સર્વ બ્રાહ્મણોને બોલાવી તેણે એવું વચન કહ્યું કે હે મોટા ભાગ્યવાળાઓ ઘણા વિસ્તાર વાળા યજ્ઞના ભાગથી મારી પૂજા કરો. સર્વ યજ્ઞોનો ભોગવનાર હુંછું. બીજા મંદ તેજ વાળા દેવો મારી બરોબરી કરી શકે તેવા નથી, માટે સર્વ યજ્ઞોમાં મને ઇષ્ટ કરી મારી પુજા કરો. બ્રાહ્મણોએ કહ્યું આ લોકમાં વૃષ્ટી કરનાર અને ત્રણ લોકને પાળનાર પ્રભુ ઈન્દ્ર હમેંશાં યજ્ઞનો ભોગવનાર છે. તે સાંભળી ક્રોધ પામેલો,તે મહા બળવાન પાપી દૈત્ય સેન્યા લેઇને સ્વર્ગ અને પીતૃ લોકોના ધણી ઈન્દ્રને જીતવા ચાલ્યો. બાણનો વરસાદ કરીને અને શસ્ત્ર નાંખીને દૈત્ય દાનવોને પી-

ડવા લાગ્યો. ક્રોધ પામેલા લોહાસુરે ઇન્દ્રને આ પ્રમાણે કહ્યું, હે ઈન્દ્રરાજા તું મુર્ખ છે; માટે હું તને પેહલો મારતો નથી, મારા ઉપર શસ્ત્રનો ઘા કર એટલે હું મારૂં બળ દેખાડું. તારૂં વજ્ર વરદાનના બળથી વૃથા કરીશ. આવું વચન સાંભળી ઇન્દ્રે વધ કરે એવું વજ્ર મુક્યું. પાકા પાંદડાની પેઠે તે વજ્ર તેના હૃદય ઉપર પડયું, પણ શીવે વરદાન આપેલું છે તેથી તેને કાંઈ હરકત થઈ નહિ. પછી તે દુષ્ટ દૈત્યે એવો જબરો બાણોનો વરસાદ વરસાવવા માંડ્યો કે તેના મારથી સઘળા દેવો ઈન્દ્ર સહીત સ્વર્ગ તજી દોડી ગયા. દેવોનું રાજ્ય જીતી તે મહાબળવાન અસુર વીવીધ પ્રકારના ભોગ ભોગવતો હતો. એ પ્રમાણે ત્રૈલોકયને જીતીને મદથી ગર્વ પામેલા દૈત્યે ધર્મારણ્યમાં રહેનારા બ્રાહ્મણોને પીડા કરવા માંડી. બ્રાહ્મણોને બોલાવી તેઓને કહ્યું કે મારી પૂજા કરો. વનમાં રહેનાર તે મહા પવીત્ર બ્રાહ્મણોએ તેને કહ્યું કે હે રા૦.ન્ વેદ માર્ગનો લોપ કરવાને તું સાહસ ન કર; સર્વનો ભાવ વાળો, જગતનો કરતા, સર્વનો સાક્ષીરૂપ, સર્વ ઠેકાણે રહેલો, દેવોમાં ઉત્તમ, અને વેદના ધર્મને પ્રમાણ કરનાર જે વિષ્નુ ભગવાન છે તેમનું પુજન કરવું જોઇએ. અમે સર્વ બ્રાહ્મણો સનાતન વેદ માર્ગને ઉલંઘન કરવા ઈચ્છતા નથી. તું અમારો રાજા છે એટલે

અમારા ફળના છઠ્ઠા ભાગનો તું અધીકારી છે, એટલું લેઈ અમારૂં રક્ષણ કર અને ઉત્તમ ભોગ ભોગવ. પાપી મનુષ્યની આખરે અસધ્ગતી થાયછે. પૂર્વે તારા પૂર્વજોને પ્રજાપતીએ વરદાન આપ્યું હતું તેથી મદોન્મત્ત થઈ ગયા હતા. લક્ષ્મીવાળા તારા પીતા બળીરાજાને વામને પાતાળમાં ચાંપ્યો, અને હીરણ્યાક્ષને વિષ્નુ ભગવાને નૃસિંહનું રૂપ ધારણ કરીને માર્યો; એવું જાણી તું પાપ કરવા તરફથી તારી મતી પાછી ફેરવ. જો તું તારૂં ભલું ઇચ્છતો હોય તો અમારૂં કહ્યું માન. બ્રાહ્મણોનું આ પ્રમાણે વચન સાંભળી અસુર ઘણોજ ક્રોધાયમાન થયો રાતાં લોચન કરી બોલ્યો, હે બ્રાહ્મણો હજાર હાથવાળો બળવાન બાણાસુર મારો ભાઈ છે. તેને શીવે વરદાન આપી બળવાન કર્યો છે. વળી મારો ભત્રીજો ગયાસુર ઘણો બળવાન અને મદથી ગર્વ પામેલો છે. તે દેવોથી જીતાય તેવો નથી. અમે એક બીજાની બરોબરી કરી શકીએ એવા એક માબાપના સો પુત્રો છીએ.

હે બ્રાહ્મણો હું હરીથી, ઈન્દ્રથી, વરૂણથી તેમ યમથી પણ બીતો નથી. જો તમે મારૂં વચન નહી માનો તો તમારો નાશ કરી યજ્ઞમાં ભંગ પાડીશ અને સર્વ ધન હરી લઇશ.

બ્રાહ્મણોએ એ દુષ્ટ અસુરનું વચન બિલકુલ માન્ય ક-

યું નહિ એટલે તેણે ક્રોધ પામીને ભયંકર પરીઘ ઉપાડી તેમના ઉપર ફેક્યું. તેઓ તેના ત્રાસથી પોતપોતાનાં સ્થાનકો તજી વનમાં ગયા. ત્યાં તેઓ બ્રહ્માની સ્તુતી કરવા લાગ્યા ત્યાં આગળ વાયુના ગણ સુદ્ધાંત ઈન્દ્ર વિગેરે દેવતાઓ તે પાપીથી ત્રાસ પામેલા આવી એકઠા થયા.

ઇન્દ્ર બ્રહ્માને કહેછે હે મહારાજ તમારા શિવાય તે દુષ્ટાત્માથી અમારૂં રક્ષણ કરી શકે તેવું કોઈ નથી. બ્રહ્માએ કહ્યું કે શીવે સંતુષ્ટ થઈ તેને અમર પણું આપેલું છે તેમાં હું શું કરૂં. તમારી મરજી હોય તો ક્ષીર સાગરને કીનારે આપણે સઘળા જઈએ અને ત્રણ ભુવનમાં વિશ્નુ વિના તે પાપી દુષ્ટાત્માનો પરાજય કરી શકે તેવો બીજો કોઈ મહા સમર્થવાન નર નથી. તેથી જનાર્દન ભગવાનને શરણે આપણે જઇએ અને સઘળું દુઃખ નિવેદન કરીએ. એ પ્રમાણે વચન સાંભળીને દેવો ક્ષીર સાગરમાં બ્રહ્મા અને શંકરને આગળ કરીને ગયા. શ્વેતદ્વીપમાં જઇને સુકત અને મંત્ર વડે દેવના દેવ રમાપતી મધુસુદનને પ્રસન્ન કર્યા ત્યારે શંખ, ચક્ર, ગદાને ધારણ કરનાર, પીળાં વસ્ત્ર પેહેરનાર, ચતુર્ભૂજાવાળા, કૌસ્તુભ મણી જેની કોટમાં છે એવા વનમાળી, જગન્નાથ પ્રગટ થયા. તેમને જોઈ સ્તુતી કરી દેવોએ દૈત્યના ભયથી ઉત્પન્ન થયેલું દુઃખ કહ્યું. હે દેવ અમે દાનવોથી

પીડાએલાનું આપ રક્ષણ કરો. વિશ્નુ બોલ્યા, હે દેવો વરદાનથી મસ્ત થએલા પાપી દાનવનો તેના પુરમાં જઇને ખરેખર નાશ કરીશ. દેવોના કાર્યમાં તત્પર થએલા ભગવાન વિષ્ણુ એ પ્રમાણે બોલીને ગરૂડ ઉપર બેસીને તેમની સાથે ગયા. સરસ્વતીના શુભ ત્રટ ઉપર ઘણાં વૃક્ષ જેમાં છે એવા ધર્મારણ્યના પ્રદેશમાં રમણીક લોહાસુરના પુરમાં સઘળા આવ્યા. વિષ્નુને આવેલા જાણી વરદાનથી મદોન્મત્ત થયેલો તે દૈત્ય રથ ઉપર બેશી સૈન્ય સહીત ત્વરાથી સન્મુખ આવી ઉભો, એટલે પરસ્પર દારૂણ યુદ્ધ થયું. હરીએ તે દુષ્ટના સૈન્યનો નાશ કર્યો. તે મહા બળવાન રાક્ષસને હણવાવાળા ભગવાને ચક્ર મેલ્યું પણ તેથી તેના શરીરને બિલકુલ અસર થઈ નહિ. ચંક્રથી તે હણાયો નહિ તેથી વિષ્નુને શંકરનું વરદાન યાદ આવ્યું, તેથી તે અસુરને બળ કરીને ઝાલ્યો અને પૃથ્વી ઉપર પાડી તેના હૃદય ઉપર ચઢી બેઠા. ગરૂડે આણેલા પર્વતોથી તેને ઢાંકી દીધો પણ તે વારંવાર ઉભો થતો હતો. આખરે વિષ્નુએ બહુ પ્રયત્ન કર્યાં પણ તે મુઓ નહિ ત્યારે તેમણે શંકરનું ચીંતવન કર્યું.

શંકર ગાયના વાછરડાનું રૂપ ધારણ કરી સર્વ દેવોના દેખતાં તે અસુરની નાભી ઉપર ઉભા રહ્યા. આ પ્રમાણે

થવાથી તે દૈત્યથી ઉઠાયું નહિ એટલે દેવો સઘળા હર્ષ પામવા લાગ્યા. દેવો બોલ્યા.—હે શંકર દેવોના અને જગતના હીતને સારૂ જેમ તે ફરીથી ઉભો ના થાય તેમ હમેશાં તમારે અહીંઆં રહેવું જોઇએ.

શીવ બોલ્યા,--સર્વ કામ અને ફળને આપનારૂં ગોવત્સેશ્વર નામનું મારૂ શ્વેતલીંગ હમેશાં અહીંઆં રહેશે. શીવે પછી વાછરડાનું રૂપ તજી સર્વ દેવોના દેખતાં પોળું સારી રીતે ઘડેલું મનોહર લીંગ માઘ મહીનાના અજવાળીઆમાં વાસવમાં કુહુ સંજ્ઞામાં સ્થાપન કર્યું, અને અમાવાસ્યાને દીવસે મહાપુજા કરવાને સુચના આપી. હમેશાં પરપક્ષને અંતે અંધારીઆમાં કુહુ દીને જે અહીંઆં પૂજા કરશે તે સઘળા અર્થને મેળવશે. ફળની ઇચ્છા રાખનાર મનુષ્યોએ ચૈત્ર અને ભાદ્રપદને અંતે વિષેશે કરીને હમેશાં આ શીવનું પૂજન કરવું જોઇએ. જે મનુષ્યો શ્રદ્ધા સાહીત ગોવત્સેશ્વર લીંગની પૂજા કરશે તેઓને અશ્વમેઘનું ફળ થશે. શંકરનું વચન સાંભળીને નિર્ભય થયેલા બ્રાહ્મણો તેમજ વિષ્નુ જેમાં આગેવાન છે એવા દેવો પોતપોતાને સ્થાનકે ગયા. તે શુભ લીંગની દેવોએ સ્થાપના કરી ત્યારે તે લીંગ ભય પમાડે તેવી રીતે વધવા માંડયું. દેવોએ શીવને કહ્યું કે હે મહારૂદ્ર મંદરાચળની પેઠે ક્ષોભ પામ્યા વગર જે લીંગ વધે

છે તેની વૃદ્ધી થતી અટકાવો, નીકર તે લીંગ આ સર્વે પૃથ્વી ઢાંકી દેશે. તેઓનું વચન સાંભળી આકાશ વાણી થઈ કે હે દેવો તમે ભય ના પામો, તેની આગળ ચાંડાળને લાવી રાખો એટલે તેની વૃદ્ધી થતી બંધ થશે. તે પ્રમાણે તે લીંગ આગળ ચાંડાળને લાવી રાખ્યો તે છતાં પણ લીંગ વધતું બંધ થયું નહિ ત્યારે તો બ્રાહ્મણો અને દેવો અતીશય ખેદ પામવા લાગ્યા. વળી ફરીથી આકાશ વાણી થઈ કે હે દેવો જે ચાંડાળનું તમે સ્થાપન કર્યું તે કર્મ ચાંડાલ નથી, જાતી ચાંડાલ છે, માટે તમે સર્વે કર્મચાંડાલને લાવી સ્થાપો એટલે લીંગ વધશે નહિ. જાતી ચાંડાલ પુર્વેના કૃત્યે કરીને થાયછે, તેથી તેને પાપી કહેવાય નહિ, પણ જે કર્મ કરી ચાંડાલ થાય તેજ ચાંડાલ કહેવાય છે. આ ઉપરથી બ્રાહ્મણો કર્મ ચાંડાલને ખોળવા નીકળ્યા. કર્મ ચાંડાલ કેવાં કર્મ કરતો હશે, કેવા ગુણવાળો હશે, અને તે કયાં રહેતો હશે તેનો વિચાર કરતા તેઓ વનેવન ખોળ કરતા હતા. સોધતાં સોધતાં એક દીવસે મધ્યાન્હે તેઓએ એક પાપી, અને શઠ બ્રાહ્મણને જોયો. તે દુર્બળ, ભુખ્યા અને તરસ્યા બે બળદોને લાકડીઓના ઝપાટા મારતો હતો. સ્નાન સંધ્યા વિનાનો તેણે મેલાં વસ્ત્ર ધારણ કરેલાં હતાં. તેને સર્વ બ્રાહ્મણોમાં અધમ ગણીને તેઓ લેઈ ગયા. તેની તે

શુભ ઊંચી ભુમી ઉપર સ્થાપના કરી, ત્યાર પછી તે લીંગ વૃદ્ધી પામ્યું નહિ. ગોવત્સેશ્વરના દર્શનથી તે ચાંડાલ બ્રાહ્મણ પણ સદ્ગતીને પામ્યો.

ગોવત્સેશ્વરની પડખે ગંગકુપ છે. ત્યાં નાહાવાથી મનુષ્ય પાપથી મુક્ત થાયછે. જે મનુષ્યો તલ સહીત પીતૃઓનું ત્યાં તર્પણ કરેછે તેના પૂર્વજો ગંગકુપમાં અક્ષય તૃપ્તી પામેછે. ગયાના શ્રાદ્ધથી જે તૃપ્તી થાયછે તેવીજ મહા પવીત્ર ગોવત્સેશ્વરની આગળ આવેલા ગંગકૂપમાં તર્પણ કરવાથી થાયછે. આ પ્રમાણે ધૌમ્યે યુધિષ્ટિરને ગોવત્સેશ્વરનું મહાત્મ્ય અને લોહાસુરનું વર્ણન કહ્યું. શીવ જે વખતે લોહાસુરની છાતી ઉપર વાછરડાનું રૂપ ધારણ કરી ઉભા રહ્યા તે વખતે ભાર થવા સારૂં લોઢાની સાંકળ તેના ઉપર મુકી હતી તેથી તે તિર્થનું નામ લોહયષ્ટી કહેવાય છે.

યુધિષ્ટિર બોલ્યા, હે મુનીરાજ રામચંદ્રજીએ જીર્ણોદ્ધાર કરીને બ્રાહ્મણોને સ્થાપ્યા અને તે નગરના રક્ષણ સારૂં વાયુપુત્ર હનુમાનને રાખ્યો, પછીથી કોઈ રાજાએ તે નગરનો નાશ કર્યો કે એમને એમ રહ્યું તે મને કહો.

ધૌમ્ય બોલ્યા, હે રાજન્ દ્વાપરયુગને અંતે કન્યકુબ્જમાં પ્રતીષ્ટા પામેલો આમ નામનો કોઈ રાજા હતો. તે જતીઓના બોધથી બૌધ મતને માનનારો થયો. તે રાજાને

એક પુત્રી હતી. તેનું નામ રત્નગંગા હતું. આમ રાજાએ પોતાની પુત્રી રત્નગંગાને બ્રહ્માવર્તના રાજા સાથે પરણાવી. તેની પેહેરામણીમાં મોહરેકપુર આપ્યું. વિવાહ વિત્યા પછી રત્નગંગાએ મોહરેકપુરમાં આવી સઘળા બ્રાહ્મણોને કહ્યું કે તમને આપેલાં ગામોનો ત્યાગ કરો કારણ કે આ સઘળી પૃથ્વી મારી છે, માટે હવેથી તે પૃથ્વી તમારાથી ભોગવાય નહિ. મારે તો જતી પૂજવા યોગ્ય છે. તમારી મરજીમાં આવે ત્યાં એકદમ ચાલ્યા જાઓ. આ વચન સાંભળી બ્રાહ્મણોએ રામચંદ્રજીએ આપેલો લેખ દેખાડ્યો, ત્યારે તેણે કહ્યું કે જ્યાં રામચંદ્રનું રાજ્ય હોય ત્યાં ચાલ્યા જાઓ. એ પ્રમાણે મોઢ બ્રાહ્મણોને કહીને તેણે શેવકોને આજ્ઞા કરી કે યજ્ઞ સ્થંભ ઉખેડીને જૈનદેવળોની સ્થાપના કરો. શેવકોને આજ્ઞા મળવાથી તેમ કરવા તત્પર થયા એટલે દુઃખથી પીડા પામેલા બ્રાહ્મણો એકઠા મળી કાન્યકુબ્જ (કનોજ) જવા નીકળ્યા. ત્યાં જઈ રાજાની સ્તુતી કરી ઉભા રહ્યા, એટલે રાજાએ પૂછ્યું કે તમે કોણછો ? ક્યાંથી આવ્યા છો ? તમારે મારૂં શું કામ છે? બ્રાહ્મણોએ કહ્યું કે હે નૃપ મોટા ધર્મારણ્ય ક્ષેત્રના મોહેરકપુરમાં વાસ કરનારા અમે છીએ. હે રાજેન્દ્ર તારી પુત્રી રત્નગંગાએ અમને ત્યાંથી કાઢી મુકી રામચંદ્રે કરી આપેલો તામ્રલેખ ખુંચાવી લીધોછે. અમારી

સઘળી વૃતી ધુળ મળી ગઇ, માટે તારા જેવા ધર્મીષ્ટ રાજા પાસે અમારૂં રક્ષણ માગવા અમે આવ્યા છીએ. હે રાજેન્દ્ર તું રામચંદ્રના પવીત્ર શાસનને પાળ તેથી તું ધર્મ જેવો ગણાઈશ. બ્રાહ્મણોનું વચન સાંભળી રાજા બોલ્યો કે પૂર્વે તમને શાસન લખી આપ્યું તે રામ કોણ હતા. બ્રાહ્મણો બોલ્યા, સૂર્ય વંશમાં ઊતપન્ન થએલા દશરથના પુત્ર રામ જે ત્રૈલોક્યના અધિપતિ વિશ્નુ હતા તેમણે મનુષ્ય દેહ ધારણ કરી રાવણ વિગેરે અનેક રાક્ષસોનો સંહાર કર્યો એવા રામચંદ્રજીએ અમને ગામો દાનમાં આપ્યાં હતાં, અને શાસન પણ તેમણેજ લખી આપ્યુ હતું.

રાજા બોલ્યો, હે બ્રાહ્મણો વધારે બળવાન ઘણાક રાજાઓ થાયછે, અને તેઓનો અમલ જ્યાં સુધી ચાલુ રહે ત્યાં સુધી તેઓની પૃથ્વી કહેવાય છે. હમણાં મારો અમલ ચાલેછે, તેથી પૃથ્વી મારે તાબેછે માટે રામનું શાસન હું માનતો નથી. રામચંદ્ર જો ભગવાન હોય તો તેમનું દર્શન મને કરાવો એટલે મારી ખાત્રી થશે અને લીધેલાં ગામો પાછાં અપાવીશ. વળી રામે હનુમાનને તમારૂં રક્ષણ કરવા રાખ્યાછે તે મને દેખાડશો તોપણ રામનું સાશન હું પાળીશ. હનુમાનના દર્શન કરાવશો તો જૈન ધર્મનો ત્યાગ કરી વેદ ધર્મનો અંગીકાર કરીશ. અને મારી પ્રજાને પણ

વેદ ધર્મ પાળવાનો હુકમ કરીશ. રાજા આ પ્રમાણે બોલ્યો ત્યારે ચીંતાતુર થયેલા બ્રાહ્મણોએ કહ્યું કે હે રાજન્ રામચંદ્રજીએ અમારા રક્ષણ સારૂ કપીશ્વરને નીમેલા છે તેમનું દર્શન તમને કરાવીશું. એ પ્રમાણે કહી સઘળા બ્રાહ્મણો મોહેરકપુરમાં પાછા આવ્યા. ત્યાં આવીને સઘળી રાજા પાસે બનેલી હકીકત બીજા બ્રાહ્મણોને કહી, ત્યારે પંદર હજારમાં જે શ્રેષ્ટ બ્રાહ્મણો હતા તે બોલ્યા કે આવા હડહડતા કળીયુગમાં દેવો પ્રત્યક્ષ દેખાતા નથી. વળી તે કપીશ્વર વીંધા પર્વત ઉપર, લંકામાં, સેતુ ઉપર, કે રામેશ્વરમાં હશે કે કયાં હશે તે અમે જાણતા નથી. તેની શી રીતે આરાધના કરીએ કે તે પ્રસન્ન થઈ દર્શન આપે. કાળનો વિચાર કરો અને તે આપણું કાર્ય કરશે કે કેમ ! તે કાર્ય થાય એવું ના હોય તો સન્દેહ વાળો પરીશ્રમ ડાહ્યા માણસે કરવો જોઇએ નહિ. તેઓનાં આવાં વચન સાંભળી તે ત્રણ હજારમાંના મુખ્ય બ્રાહ્મણોએ ઉત્તર વાળ્યો કે શાસ્ત્રના પાર પામેલા ચતુર થઇને તમે અયોગ્ય વાકય બોલોછો. ચતુરાઈ વાળાં વાકયો બોલ્યા માટે તમે ચાતુર્વિધ બ્રાહ્મણો કહેવાશો. સર્વ મનુષ્યને શ્રમ કરવો ઉચીત છે, માટે જ્યાં હનુમાન હોય ત્યાં જવું જોઇએ. વૃત્તી વગરના બ્રાહ્મણોનું જીવતર વૃથા કહેલું છે.

ચોવીસ ગોત્રમાં ગામ મેળવવાની ઈચ્છા વાળા યાજ્ઞીક વિગેરે બેતાળીસ અડકે વાળા બ્રાહ્મણોએ પોતામાંથી અકેકો સારી બુદ્ધીવાળો બ્રાહ્મણ સેતુબંધ રામેશ્વર જ્યાં હનુમાન છે ત્યાં મોકલવો જોઇએ. ત્યાં જઇને તે બ્રાહ્મણોએ કપીની આરાધના કરવી જોઇએ. તેથી તે તૃપ્ત થઇ આપણું કામ સિદ્ધ કરશે. જે બ્રાહ્મણના વર્ગમાંનો ત્યાં નહી જાય તો તેનો વર્ગ સ્થાન ધર્મથી ત્યાગ કરવો. વણીક વૃત્તીમાં સંબંધ રાખવો નહીં તેમની સાથે વિવાહ કરવાનો સંબંધ રાખવો નહિ. કલહ વધારવાને વાદવિવાદ પણ કરવો નહિ. આખરે તેઓમાંના કેટલાકે રામેશ્વર જવાનો નિશ્ચય કર્યો, તે વખતે પંદર હજાર ચાતુર્વિધ બ્રાહ્મણોમાંથી વીસ જણા જવાને નીકળ્યા" અને ત્રણ હજાર ત્રૈવીધ બ્રાહ્મણોમાંથી અગીઆર જણા જવા નિકળ્યા. ચાતુર્વિધ બ્રાહ્મણોમાંથી સાડાત્રણસે જણે વૃત્તીની ઈચ્છા ન રાખી અને ખેતી કરીશું એવો નિશ્ચય કરીને ગયા નહિ. શુભ નક્ષત્રમાં તે એકત્રીસ બ્રાહ્મણો સેતબંધુ રામેશ્વર જવાને નિકળ્યા. રસ્તામાં જતાં તે બ્રાહ્મણો ભૂલા પડ્યા. ઘણું સંકટ વેઠવું પડયું એટલે ચાતુર્વિધ બ્રાહ્મણોએ કહ્યું કે અમે તો આવીશું નહિ, કારણ વ્યર્થ પરિશ્રમ લેવો ફોગટ છે. એ પ્રમાણે બોલીને તે બ્રાહ્મણો ઝાડની છાયા તળે બેઠા. બાકી રહેલા અગીઆર

જણાઓએ કહ્યું કે આટલો શ્રમ વેઠી અહીઆં સુધી આવ્યા ત્યારે પેહેલાંથીજ તમારે અમારી સાથે આવવું નહોતું, અને આવ્યા છો તો ઠેઠ સુધી ચાલો.

તે પ્રમાણે સમજાવ્યા છતાં પણ તે વીસ જણાએ માન્યું નહિ ત્યારે બાકીના ફક્ત અગીઆર જણાજ રામેશ્વર ગયા. ત્યાં જઇ હનુમાનની સ્તુતી કરી ત્યારે હનુમાને ગોપનો વેષ ધારણ કરી તેમની સઘળી હકીકત સાંભળી. ફરીથી હનુમાનજીએ વૃદ્ધ બ્રાહ્મણનું રૂપ ધારણ કર્યું અને તે અગીઆર જણાને પાછા મોહેરકપુર જવા સમજાવ્યા, પણ જ્યારે તેમણે માન્યું નહિ અને દેહ ત્યાગ કરીશું એમ કહ્યું ત્યારે હનુમાને પોતાનું રૂપ પ્રગટ કર્યું. હનુમાનજીએ પોતાનું રૂપ પ્રગટ કરી બ્રાહ્મણોને કહ્યું કે તમે સુખેથી ખુશી થઈ તમારે સ્થાનકે ચાલ્યા જાઓ, આમ રાજા રામચંદ્રજીનું શાસન પાળશે. કપીશ્વરનું મધુર વચન સાંભળીને હર્ષ પામેલા બ્રાહ્મણોએ ખુશી થઇને કહ્યું કે અમે તારૂં દર્શન પામીને કૃતાર્થ થયા છીએ. અમારો અનુગ્રહ કરોછો તેથી અમે ઘણા ઉપકારી થયા છીએ. દ્રોણગીરી આણીને લક્ષ્મણને પ્રાણ આપનાર અને દુઃખી થયેલા રામચંદ્રજીના સંતાપને નાશ કરનાર તને અમે નમસ્કાર કરીએ છીએ.

બ્રાહ્મણોની સ્તુતી સાંભળી હનુમાન પ્રસન્ન વદનથી બોલ્યા

કે હે બ્રાહ્મણો તમારી ઈચ્છામાં આવે તે વરદાન માગો. હું તમારા ઉપર ઘણોજ પ્રસન્ન થયોછું.

બ્રાહ્મણોએ કહ્યું કે જો તમે પ્રસન્ન થયા હો તો જે રૂપથી તમે મહાસાગર તર્યા તે તમારૂં વાનરનું રૂપ દયા કરીને અમને બતલાવો અને આમ રાજાને તેની ખાત્રી થવા માટે કાંઈ ચીન્હ આપો. હનુમાને ઉત્તર દીધો કે હે ભાગ્યશાળી બ્રાહ્મણો કળીયુગમાં દેવનું દર્શન થવું મહા દુર્લભ છે. તેમાં વળી મારૂં રૂપ ઘણું તેજવાળું છે. પણ તમારી ભક્તિથી અને સ્તુતીથી હું પ્રસન્ન થએલો છું એટલે વસ્ત્રને આડું રાખી મારૂં રૂપ દેખાડીશ. દર્શનની ઇચ્છાવાળા તે બ્રાહ્મણો આંખો મીચીને ઉભા રહ્યા. તેમણે વસ્ત્રથી પોતાનાં મુખ ઢાંકયાં, એટલે વસ્ત્રના પડદામાં દેવતાને દુર્લભ ભીમસેને ગંધમાદન પર્વત ઉપર દીઠેલું હતું તેવું રૂપ દીઠું. બ્રાહ્મણોને ખુશી થએલા જોઇને અંજનીના ગર્ભમાં ઉત્પન્ન થયેલા હનુમાને ઘણા પ્રસન્ન થઇને કહ્યું કે રમણીક મોહેકપુરમાં જે બ્રાહ્મણો વસેછે તેઓ ત્યાં રહી શું કર્મ કરેછે. બ્રાહ્મણોએ કહ્યું કે હે અંજનીસુત સત્યમંદીરમાં સઘળા તમારૂ અને રામચંદ્રજીનું હમેશા સ્મરણ કરેછે. હમણાં ઘણા પાપી આમ રાજાથી પીડાએલા સઘળાઓ વૃત્તી વગરના ઘણું દુઃખ પામે છે, માટે હે અંજનીસુત રાજાની ખાત્રી કરવા સારૂં અને

અમને સુખી કરવા કાંઈ ચીન્હ આપો. તેઓનું વચન સાંભળી પ્રીતી યુક્ત મનવાળા હનુમાને ભૂજાનાં અને ઉરનાં રૂવાટાં કાઢી ભોજપત્રમાં વીટી તેની બે પુટીકાઓ કરીને તેમને આપી. જમણી તરફની છે તે જમણી બાજુની બગલમાં રાખજો અને ડાબી તરફની છે તે ડાબી બગલમાં રાખજો. આ બે પૂટીકાઓ રામભક્તની ઈચ્છા પૂરી પાડનારી છે, અને તેમના શત્રુનો નાશ કરનારી છે. કપીએ કહ્યું કે તમે આ ચીન્હો આમ રાજાને આપજો. પ્રથમ જમણી કાખવાળી પૂટીકા આપજો એટલે તે રાજા તેમાંનાં રૂવાટાં જોઈ ક્રોધ પામીને તમને પૂછશે કે હે અધમ બ્રાહ્મણો આવું ચિન્હ તમે ક્યાંથી લાવી મને આપ્યું; રાજા એમ ક્રોધ કરી બોલે ત્યારે તારૂં રાજ્ય ભસ્મ થાઓ એવો શ્રાપ દેઈ ચાલવા માંડજો એટલે તેનું સૈન્ય બળવા માંડશે. જો તે રાજા સૈન્યને બળતું જોઈ દુઃખી થઇને તમને પગે લાગે તો ડાબી કાખવાળી બીજી પૂટીકા આપજો અને તેમાંનાં રૂવાંને છૂટાં કરીને પાથરશો એટલે સઘળે શાન્તી થશે અને તેનું સૈન્ય જીવતું થશે. હનુમાન એ પ્રમાણે ચીન્હ આપીને અંતર્ધ્યાન થયા એટલે સઘળા બ્રાહ્મણો ખુશી થતા પોતાને વતન જવા સારૂ તૈયાર થયા. પોતાનું કામ પુરૂ કરીને પ્રાતઃકાળમાં મોહેરકપુર જવાને

નિકળ્યા. ફક્ત બે જોજન ગયા નહિ એટલામાંતો તેઓ થાકી ગયા. તેઓમાંના એકે કહ્યું કે મોહેરકપુર તો ઘણું દૂર રહ્યું અને આપણે તો થાકીને લોથ થઈ ગયા છીએ, ચાલવાની બીલકુલ શક્તી રહી નથી માટે અત્રે પડી રહેવાનો વિચાર કરવો જોઇએ. ત્યાં આગળ પડાવ નાંખી તેઓ રાત પડી એટલે ચીંતાતુર થઈ સુઈ રહ્યા. દીવશના થાકથી તેઓ સુઈ રહ્યા કે તરત ઉંઘી ગયા. બ્રાહ્મણોને ઉંઘી ગએલા જોઈ હનુમાને વાયુની પ્રાર્થના કરી અને કહ્યું કે એ થાકી ગએલા બ્રાહ્મણોને મોહેરકપુર તાબડતોબ પહોંચાડવાની કૃપા કરવી જોઇએ. વાયુએ કપીનું વચન સાંભળી તે બ્રાહ્મણોને પોતાના પ્રભાવથી મોહેરકપુર પહોંચતા કર્યા. પ્રાતઃકાળ થયો એટલે તેઓ ઉંઘમાંથી જાગ્યા અને આશપાશ જોયું તો મોહેરકપુરની પાસે આવેલા છીએ એમ માલમ પડયું. બ્રાહ્મણો બોલ્યા કે વાયુપુત્ર હનુમાને આપણા ઉપર કૃપા કરી આપણને અત્રે લાવી મુકેલા છે. આપણે તેમનો કેટલો બધો આભાર માનવો જોઇએ. આ પ્રમાણે તેઓ મોહેરકપુરમાં આવવાથી ઘણા ખુશી થયા. રમણીક સરોવર જોઈ તેઓએ દાતણ કર્યું અને સંધ્યા સ્નાન વિગેરે સઘળું સવારનું કર્મ કરી પરવાર્યા. તેઓને દેવીની પૂજા કરવા આવેલા એક બ્રાહ્મણે દીઠા. તેણે સભાસદ

બ્રાહ્મણો જયાં બેઠેલા હતા ત્યાં દોડી જઈ વધામણી કહી કે રામેશ્વર ગયેલા બ્રાહ્મણો ખુશીથી આવી પહોચ્યા છે. તેનું વચન સાંભળી સઘળા બ્રાહ્મણો મળવાની ઈચ્છાથી સામા ગયા. પરસ્પર મળી આદરસત્કાર કરીને સર્વે વાતચીત કરી. બ્રાહ્મણોએ રામેશ્વરથી આવેલાઓને કુશળપણા વિષે પ્રશ્ન પૂછ્યા, રસ્તાની વાતો પૂછી અને છેવટે કાર્ય સીદ્ધીની વાત પૂછી. તેઓ બોલ્યા કે હમે છ મહીને ખારા સમુદ્રને કીનારે પહોંચ્યા. ત્યાં સાક્ષાત રામેશ્વર મહાદેવનું દેવાલય, પ્રખ્યાત સેતુ, અને તેની પાડોશમાં સુંદર પાષાણથી બનાવેલું હનુમંતેશ્વરનું બીજું મંદીર છે. એટલું બોલી તે બ્રાહ્મણોએ તેમને રામેશ્વર અને હનુમંતેશ્વરની ઉત્પત્તી કહેવા માંડી.

બ્રાહ્મણો બોલ્યા, લંકા ઉપર સ્વારી કરતાં પેહેલાં રામચંદ્રજીએ એવી પ્રતીજ્ઞા કરી કે રાવણને જીતી પાછા ફરતાં મહાત્મા શીવની પ્રીતી પૂર્વક પૂજા કરીશ. પૂજા કર્યા પેહેલાં હું ભોજન કરીશ નહિ. મંદોદરીના પતી રાવણને હણીને અને વિભિષણને રાજા બનાવી રામચંદ્ર મહાસાગર તીરે પાછા આવ્યા ત્યારે જાનકીપતિ રામચંદ્રે વાનરોને કહ્યું કે વન અને ગુફાઓમાં જઈ સ્થાપીત શીવલીંગને ખોળી લાવો, મારી પ્રતીજ્ઞા પ્રમાણે આ

સ્થળે મારે ભોજન કર્યા પહેલાં પૂજા કરવી જોઇએ.

રામચંદ્રજીનું વચન સાંભળી ભૂખ્યા થએલા સર્વ વાનરો શીવલીંગની ખોળ કરવાને નીકળી પડ્યા. તેઓ સમુદ્ર કાંઠાઓ, વનો, ઉપવનો અને ગુફાઓ વિગેરે સઘળાં ઠેકાંણાં ખોળી વળ્યા પણ કોઈ ઠેકાણેથી શીવલીંગનો પત્તો લાગ્યો નહિ, ત્યારે થાકી દીન થએલા તેઓ રામચંદ્ર પાસે પાછા આવ્યા. વાનરો બોલ્યા હે મહાબાહુ રામ હે કૌશલ્યાને આનંદ આપનાર, સીતાપતી હમે ઘણાં ઠેકાણાં ખોળ્યાં પણ કાંઇથી લીંગનો પત્તો લાગતો નથી; થાકી ગયેલા અમે ભુખ્યા થયા છીએ; આ દેશમાં શીવને પુજે એવો કોઈ શીવભક્ત નથી. વાનરોનું આવું વચન સાંભળી રામ, લક્ષ્મણ, વિભિષણ, સુગ્રીવ, અંગદ વિગેરે સઘળાં સભાજનો ચીંતાતુર થઈ ગયા. જ્યારે રામચંદ્રજી ભોજન ન કરે ત્યારે મહાત્મા રામની ભક્તી કરનારા વાનરો અને રાક્ષસો કેમ કરે? સઘળાને દુ:ખી થએલા જોઈ વાયુપુત્ર હનુમાને રામને પ્રણામ કરી બે હાથ જોડી કહ્યું કે જ્યાં અનેક લીંગોછેએવી પવીત્ર કાશીપુરીમાં જઈ હું એક શીવલીંગ જલદીથી અત્રે લાવુંછું હું ત્યાં જઈ શંકરને જરૂર અહીઆં લાવીશ. હનુમાનનું વચન સુણી રામચંદ્રાદી સઘળા ઘણાજ પ્રસન્ન થયા અને રામચંદ્રે કહ્યું કે હે વાયુપુત્ર જેમ પૂર્વે દ્રોણપર્વત

લાવ્યા હતા તેમ શીવને લાવો, તમારા પીતાના જેવો વેગ કરી અને હૃદયમાં તમારા પીતાને સંભારી શીવને લાવી આ સઘળા ભુખ્યા થએલા વીરોને ભોજન કરાવો. રામચંદ્રનું વચન સાંભળી માથું નમાવી હનુમાન ઘણા ત્વરીત વેગથી ગગન વિષે ચાલ્યા ગયા. પળવારમાં તે વેદપાઠ કરનારા અને શાસ્ત્રની ચર્ચા કરનારા બ્રાહ્મણો વસેછે એવી પવીત્ર ગંગાથી ઘેરાએલી કાશીપુરીમાં આવ્યા. શંકરના દેરામાં પેઠા તે વખતે સોમસુત્રવાળું, વેદમંત્રથી પ્રતીષ્ટા કરેલું, પુષ્પગંધ અને ચંદનથી પુજાએલું શીવલીંગને જોઈ હનુમાન ચીંતા કરવા લાગ્યા. ત્રણલોકના દેવ મહારૂદ્રને હું કેવી રીતે ઉપાડુ. સ્થાપન કરેલા શીવલીંગને જે ઉપાડેછે તે અલ્પ બુદ્ધીવાળો, બ્રહ્મહત્યા વિગેરે પાપ કરનારો થાયછે પણ કલેશ દુર કરનાર શ્રી રામચંદ્રજીની આજ્ઞા મારે પાળવી જોઇએ. આ વખત વિલંબ કરવાનો નથી, કારણ રામચંદ્ર ભુખ્યા છે. વાયુપુત્ર હનુમાને આ પ્રમાણે વિચાર કરીને પાયામાંથી શીવનું આખું દેવળ ઉપાડી હાથમાં લીધું, અને રામચંદ્રજીનું ધ્યાન ધરી વાયુના વેગથી ચાલવા માંડયું. હનુમાન શીવને લેઇને ગયા નહિ તે પેહેલાં સીતાએ સઘળી રસોઈ તૈયાર કરી. જનક પુત્રીએ હનુમાનની ઘણી રાહ જોઈ પણ તે આવ્યા નહી અને બપોર થવા આવ્યા તેથી રામચંદ્ર

પાસે જઈ કહ્યું કે હે મહારાજ હનુમાન તો આવ્યા નહિ અને રસોઈ સઘળી શીતળ થઈ જાયછે. રામચંદ્રજીએ હનુમાનના આવતા સુધી ભોજન કરવાની ના કહી ત્યારે સીતાએ આસપાસથી રેતી ભેગી કરી તેનું શીવલીંગ બનાવી રામચંદ્રજીને તેની પૂજા કરવા વિનંતી કરી. જાનકી બોલ્યાં—હે પતિ કૈલાશમાંથી આવેલા દીવ્ય શીવનું આપ પૂજન કરો. જાનકીનું મધુર વચન સાંભળી જગતપીતા રામચંદ્રજીએ સૈન્યને ભુખ્યું થએલું જોઈ સ્નાન કર્યું. મહાબાહુ લક્ષમણ પણ સ્નાન કરીને નીત્યકર્મ કરવા લાગ્યા. રામચંદ્રે તે વેળુના શીવનું પૂજન કર્યું, એટલે વિભિષણને ભોજન કરવાની આજ્ઞા આપી. સુગ્રીવ આદી વાનરોને પણ ફળાહાર કરવાની આજ્ઞા કરી પોતે લક્ષ્મણ સહીત સ્વાદીષ્ટ ભોજન આરોગ્યા. રામચંદ્ર જમીને આચમન કરેછે એટલામાં હાથમાં દેવળ લેઈ હનુમાન ત્યાં આવ્યા. રામને દૂરથી આચમન કરતા જોઈ હનુમાન વિચાર કરવા લાગ્યા કે કોઈ વાનરે શંકરને આણ્યા હશે કે પ્રભુની શક્તીથી કૈલાશમાંથી શીવ અહીંઆ આવેલા હશે; ખરેખર મહાત્મા રામચંદ્રે ભોજન કરેલુંછે અને આ મ્હારી મેહેનત બધી નિષ્ફળ થઈ ગઈ, આમ થવાનું શું કારણ હશે તે મારાથી કાંઈ કળી શકાતું નથી. આ પ્રમાણે વિચાર કરતાં થાકથી પરસેવો જેને ,થયોછે એવા હનુમાન

રામચંદ્ર પાસે આવ્યા. ભોજન જેણે કરેલુંછે એવા રામચં-દ્રજીને વાનરે પૂછ્યું કે હે રામ મહાદેવ કેવી રીતે પ્રગટ થયા, અને તમે કેવી રીતે વિધિ સહીત પૂજા કરી. હનુમા-નનું વચન સાંભળી રામચંદ્રજીએ જવાબ દીધો કે હે શ્રેષ્ટ કપી તું દુરદેશ ગયો અને આટલો પરિશ્રમ વેઠી દેવળ અહીંઆ લાવ્યો પણ સઘળા વાનરો અને રાક્ષસો ભૂખ્યા થયા હતા તેથી વેળુના શીવનું જાનકીએ સ્થાપન કર્યું તેની મેં વિધિસહીત પૂજા કરી ભોજન કરેલુંછે. હે હનુમાન તારી મેહેનત વ્યર્થ જશે નહિ. તેં આણેલા દેવળને અહીઆં સ્થાપ. તે દેવળ તારા નામથી ઓળખાશે. જાનકીએ જે વેળુનું શીવલીંગ બનાવ્યું તે રામના નામથી રામેશ્વર કહેવાયછે અને હનુમાન કાશીપુરીથી દેવળ લાવ્યા તે હનુમાનના નામથી હનુમંતેશ્વર કેહેવાયછે. એ પ્રમાણે રામેશ્વરથી આવેલા અ-ગીઆર બ્રાહ્મણોએ રામેશ્વર અને હનુમંતેશ્વરની ઉત્પત્તી સર્વે મળવા આવેલા બ્રાહ્મણોને કહી સંભળાવી.

તે ઉત્પત્તી સાંભળી સર્વે બ્રાહ્મણોએ કપીશ્વર કેવી રીતે મળ્યા તે વિષે પૂછ્યું. તે બોલ્યા કે વિસ ચાતુર્વિદ્ય બ્રાહ્મણો પાછા ફર્યા અને તેઓએ કહ્યું કે અમારે ગામ વૃત્તી અને સ્થળની જરૂર નથી. અમે અગીઆર જણા વાઘ, વરૂ, અને સિં-હોથી ભય પામેલા ભૂખ તરશ વેઠી મહાસાગરને તીરે

જઈ પહોંચ્યા. ત્યાં જઈ ઘણું ઉત્તમ વ્રત કરવા માંડયું. જપ ધ્યાનમાં પરાયણ થયેલા અમે શીવાલયમાં રહ્યા. ઘણા દીવસ હનુમાનની સ્તુતી કરી ત્યારે તેણે ગોવાળનો વેષ ધારણ કરી અમને બોધ કર્યો કે હનુમાન ક્યાં છે ! તેનાં દર્શન તમને કેમ થશે ? તે છતાં અમે તે સ્થાનમાંથી ઉઠયા નહી એટલે ફરીને બ્રાહ્મણનું રૂપ ધારણ કરીને હનુમાન ત્યાં આવ્યા. અમારી આંખો મીચાવીને તેમણે પોતાનું રૂપ દેખાડયું, અને રાજાની ખાત્રી થવા માટે આ બે પૂટીકાઓ આપીને કહ્યું કે તે પૂટીકાઓ લેઈ કન્યકુબ્જ-માં આમ રાજા પાસે જજો, એટલે તમારૂં કાર્ય સીદ્ધ થશે. માટે આપણે સઘળા બ્રાહ્મણોએ ત્યાં જલદીથી જવું જોઈ-એ. આવું વચન સાંભળી સઘળા બ્રાહ્મણો ખુશી થવા લા-ગ્યા અને પરસ્પર આલીંગન કરવા લાગ્યા. પછી સઘળા બ્રાહ્મણો કન્યકુબ્જ જવાને નિકળ્યા; કેટલાક દીવસે તેઓ ત્યાં પહોચ્યા. બિજે દીવસે સવારમાં નીત્ય કર્મ કરી તેઓ રાજાના મંદીરમાં ગયા. બ્રાહ્મણો મંત્રી સહીત રાજાને જઈ મળ્યા. આશિર્વાદ દેઈ બ્રાહ્મણોએ રાજાને ફળ ભેટ કર્યા. રાજાએ બ્રાહ્મણોને નમસ્કાર કરી પૂછ્યું કે હનુમાને તમને શું ચીન્હ આપ્યું છે ? બ્રાહ્મણો બોલ્યા, હનુમાને અમને બે પૂટીકાઓ આપી તે લેઈ અમે તમારે મંદીર આવ્યા

છીએ, એમ કહી બે પૂટીકાઓ તેને આપી. રાજાએ હાથમાં તે પૂટીકા લીધી અને તે છોડી ત્યારે તેમાં રૂવાટાં દેખી ક્રોધથી લાલચોળ થઈ ગયો. રાજા બોલ્યો, હે દુષ્ટ બ્રાહ્મણો અહીંઆંથી તમારૂં કાળુ મોં લેઈ ચાલ્યા જાઓ. હું તમને વૃત્તી આપનાર નથી. તમે મને ઠગીને મારા હાથમાં રૂવાટાં આપ્યાં, તેથી તમે નગરમાંથી બહાર જાઓ; ફરીથી મને તમારૂં મોં બતાવશો નહિ; હવેથી હું બ્રાહ્મણોનો નાશ કરી યજ્ઞહોમ બંધ કરી નાંખુશું.

રાજાએ આ પ્રમાણે ક્રોધ પામી ઉભા થઈ બ્રાહ્મણોને લાત ઉગામી.

બ્રાહ્મણો બોલ્યા—હે દુષ્ટાત્મા આમ રાજા હનુમાન પાસેથી ખરી નીશાની અમે તને લાવી આપી છતાં તું અમારી અવગણના કરેછે તેથી તારૂં સકળ સૈન્ય બળી ભસ્મ થઈ જશે. બ્રાહ્મણો આટલું બોલી ચાલતા થયા. બ્રાહ્મણો ગયા કે તુરત અગ્નીની જ્વાળા પ્રગટ થઈ અને સર્વ સૈન્ય બળવા લાગ્યું. તે જોઈ રાજા ઘણો વિસ્મય થયો અને તુરત બ્રાહ્મણોને બોલાવવા પોતાના દૂતોને આજ્ઞા આપી. બ્રાહ્મણોને દૂતો તેડી લાવ્યા એટલે આમ રાજાએ દંડવત પ્રણામ કરીને ક્ષમા કરો એમ સ્તુતી કરી; અને વેદની આજ્ઞા પાળવા વચન આપ્યું. અદ્ભુત પાખંડ તજીને

તમારૂં શાસન હું પાળીશ. વેદ ભણનારા બ્રાહ્મણોથી યજ્ઞ કરીશ. હે ભૂદેવો મોટા કપીશ્વરના કોપથી પ્રગટ થયેલા અગ્નીને શાંત કરી મારો આત્મા સુખી કરો. રાજાના વચનથી સંતુષ્ટ થએલા બ્રાહ્મણોએ પ્રસન્ન થઇ તેને બીજી પૂટીકા આપી. તેને છોડી જે રૂવાટાં નીકળ્યાં તે સઘળે ઠેકાણે પાથર્યા; એટલે અગ્ની શાન્ત થયો. અગ્ની શાંન્ત થયો એટલે સઘળું સૈન્ય સજીવન થઈ બેઠું થયું. આમ રાજાએ આવો પ્રત્યક્ષ દાખલો જોઈ ફરીથી નવું શાસન કરી આપી સઘળા પાખંડીઓને દેશમાંથી કાઢી મુકયા. વળી તેણે નગરમાં ઢંઢેરો પીટાવ્યો કે જે કોઈ બૌધ મતને આશ્રય આપશે તેને સખ્ત શીક્ષા કરી દેશ પાર કરવામાં આવશે. પાખંડ ધર્મનો આ પ્રમાણે નાશ થયેલો જોઇ બ્રાહ્મણો અતીશય ખુશી થયા. બ્રાહ્મણો રાજાને આશિવાદ દઈ સ્વદેશ સીધાવ્યા.

ભક્તિથી આમ રાજાએ પૂજેલા તે શ્રેષ્ટ ત્રૈવિધ બ્રાહ્મણોએ પોતાના નગરમાં આવી હર્ષ ભેર વીધી પ્રમાણે કુળદેવીને બળીદાન આપ્યું. તેઓએ નાના પ્રકારનાં મીષ્ટ અન્નથી, વિવિધ પ્રકારનાં નૈવેદ્ય વડે, તેમજ પૂજા અને સ્તુતી પાઠ વડે દેવીને સંતુષ્ટ કરી. એમ તે ખુશી થએલા બ્રાહ્મણોએ ઉત્સવ કર્યો. વૃત્તીનું રક્ષણ થવા માટે સઘળાઓએ

શ્રીમાતાની પૂજા કરી. ભક્તિ સહીત માતંગીની અને હેરંબ ગણપતિની પૂજા કરી. જે બ્રાહ્મણો આળસ કરી રામેશ્વર હનુમાન પાસે ન ગયા તે ચાતુર્વિદ્ય બ્રાહ્મણોને સ્થાન ભ્રષ્ટ કર્યા. તેઓનો વણીક સાથેનો સંબંધ બંધ પાડયો. તેઓ સાથે વીવાહ કરવાનો વહેવાર બંધ પાડયો. તે બ્રાહ્મણો સ્થાન ભ્રષ્ટ થયા તેથી તેમણે સ્થાન માટે રાજાની પ્રાર્થના કરી. બ્રાહ્મણો બોલ્યા—હે રાજા અમે સ્થાન ભ્રષ્ટ થએલા છીએ માટે અમને રહેવા સારૂં રમણીક સ્થાન આપો. રાજાએ તેમના મનને આનંદ પમાડે એવું રમણીક સુખવાસ નગર, વીવીધ દક્ષિણા, સોનુ, રૂપુ, રત્ન, અને ગાયો વિગેરે પુષ્કળ દાન આપી તેમની ઘણી શ્રદ્ધાથી અને ભક્તિથી પૂજા કરી. ઘણા પ્રીતી યુક્ત થયેલા તે બ્રાહ્મણોએ રાજાને વેદ ભણી આશિષ દીધી. આ પ્રમાણે પંદર હજાર ચાતુર્વિદ્ય શ્રેષ્ટ બ્રાહ્મણો સારા આચરણ વાળા, ઘણાનમ્ર, મીમાંસા અને શાસ્ત્રની ઇચ્છા વાળા, આમ રાજાથી પૂજાએલા સુખવાસ નગરમાં રહ્યા. સઘળા ત્રૈવીદ્ય બ્રાહ્મણો ધર્મારણ્યમાં રહ્યા. રામની આજ્ઞા લોપ કરવાથી અને હનુમાનની પાસે ન જવાથી માનથી કે અપમાનથી સ્થાન ભ્રષ્ટ થયેલા કેટલાક બ્રાહ્મણોએ સીતાપુરમાં વાસ કર્યો, અને કેટલાકે સાબ્રમતીના ત્રઠ ઉપર પવીત્ર શ્રીક્ષેત્ર(સરખેજ)માં વાસ

કર્યો. એ પ્રમાણે સારાં આચરણવાળા અને સારી મતિ વાળા ચાતુર્વિધ બ્રાહ્મણો વણીક વૃત્તીનો ત્યાગ કરીને પોત પોતાની મરજીમાં આવે ત્યાં રહ્યા. જે બ્રાહ્મણો હનુમાન પાસે ન જતાં રસ્તામાંથી પાછા આવ્યા હતા તે કારણથી બીજા બ્રાહ્મણોની સાથે તેમને વાદવીવાદ થતો હતો. વાદવી-વાદ કરતાં કરતાં તેઓ વચ્ચે વિરોધ થયો,એટલે ખીજવાઇને બાહુ યુદ્ધ કરવા તૈયાર થયા, તેથી તેઓ મલ્લ (જેઠીમલ્લ) કહેવાયા. તેઓના આચાર જૂદા થયા અને સંશય ઉપજાવે એવો એમનો વેષ થયો.

તેમની કુળદેવી લીંબજા શક્તી થઈ, તેઓએ પોત.ના નગરની પશ્ચીમ બાજુએ તેની સ્થાપના કરી. તે ચાર હાથ વાળી, સુંદર અવયવ વાળી, સીંહ ઉપર બેઠેલી, સુંદર મુખ વાળી, કાળાંવસ્ત્ર પેહેરનારી, સોના માણેકથી શણગા-રેલી, લાલ માળાથી શોભતી,શંખ, ચક્ર, ગદા, અને પદ્મને ધારણ કરનારી,બળના ગર્વ વાળી, ઈચ્છેલા અર્થ આપનારી, ભક્તોના ભયને નાશ કરનારી, ધર્મ, અર્થ, કામ, અને મોક્ષ આપનારી તે દેવી હમેશા પૂજવા યોગ્ય છે.

ચૈત્ર મહીનાની સુદ આઠમે અવશ્ય વીધી સહીત લીંબ-જા શક્તીની પૂજા કરવી જોઇએ. બ્રાહ્મણોને મીષ્ટ ભોજન-થી તૃપ્ત કરવા જોઇએ. અને સૂક્ત, પુષ્પ, અર્ઘ, ધૂપ દીપ,

નૈવેદ્ય અને ઊત્તમ ગંધ વડે હોમ કરવો જોઇએ.

તે મલ્લની સંખ્યા સાડાપાંચસેની કહેવાએલીછે. જ્યારે રામે યજ્ઞને અંતે ગામ અને દક્ષીણા આપી ત્યારે જે બ્રાહ્મણોએ કહ્યું કે તે ગામો અમારે જોઇતાં નથી તે-ઓની સંખ્યા અગીઆરસેંની કહેવાએલીછે. તેઓ એકાદશ-શત (અગીઆસણા) એ નામથી ઓળખાયા. તેઓ. વૃત્તી અને સ્થાનથી દુર થઇને જુદા પડ્યા. તેઓની કુળદેવી છ-ત્રાખ્યા કહેવાયલીછે. તે ચાર હાથવાળી, સુંદર અવયવવાળી, વાઘ ઉપર બેસનારી અને સુંદર મુખવાળી દેવીનું શોભીતું સ્થાનક નૈરૂત્યકોણમાંછે. આમ રાજાની ખાત્રી કરવા સારૂં હનુમાનના દર્શનને માટે જવાનું જેઓએ મન ન કર્યું તેઓની સંખ્યા સાડાત્રણસેની હતી. તેઓને તાન્દુલ ખાવા ઉપર ઘણીજ પ્રિતી હતી તેથી તેઓ તાંદુલજાના નાંમથી ઓળ-ખાયછે. તેમની ગોત્રદેવી પરમચંડા નામની કહેવાયેલી છે. તેઓનો પાછળથી શ્રેષ્ટ ચાતુર્વિદ્ય બ્રાહ્મણોએ ત્યાગ કર્યો. કર્મકાંડની ઇચ્છાવાળા અને જપ ધ્યાનમાં પરાયણ એવા બાકી રહેલા તેરહઝાર બ્રાહ્મણો ચાતુર્વિદ્ય કહેવાયા.

તેઓમાંના કેટલાક સાબ્રમતી નદીને કાંઠે ઘાબ્યું ત્યાં રહ્યા, અને કેટલાક સુખવાસ નગરમાં રહ્યા. યુધિષ્ઠિર બોલ્યા, હે મુનીરાજ તમે ચાતુર્વિદ્યની કથા કહી પણ ત્રૈવીદ્ય બ્રા-

ણોનું શું થયું તે વિષે કશું કહ્યું નથી માટે તેમના વિષે જે કથા હોય તે વિસ્તારી કહો.

ધૌમ્ય બોલ્યા, ત્રૈવીદ્ય બ્રાહ્મણોનું મોટું ગોધન હતું. ગાયોને ચરાવવા તેમણે મૂર્ખ જુવાનીઆઓને રાખ્યા. ગંભીર સરોવરના થડમાં તે સઘળા શઠ યુવાનો હમેશાં ગાયોનાં ટોળાં ચરાવતા હતા. તેઓને ભોજન કરાવવા સારૂં ઘણું સુંદર અને મિષ્ટ અન્ન જળ લેઈ યુવાન વિધવાઓ વખત થયે ત્યાં જતી. તેઓને જોઇ તે યુવાન બ્રાહ્મણો સ્નાન કરી ભોજન કરવા બેસતા હતા. આમ કેટલાક દિવસ વીત્યા બાદ પરસ્પર ઠઠ્ઠા મશ્કરી કરતાં તેઓ વચ્ચે પ્રીતીભાવ ઉત્પન્ન થયો. અરસપરસ કામ ભાવ ઉત્પન્ન થતાં તેઓએ તે અરણ્યમાં વ્યભિચાર કરવા માંડ્યો. આ પ્રમાણે તેઓ હમેશાં ક્રીડા કરતા. તે વાત તેમનાં માબાપના જાણવામાં નહોતી. પરસ્પર ક્રીડા કરતાં કેટલાક માસ વિતી ગયા એટલે તે યુવાન વિધવાઓને ગર્ભ રહ્યા. તેમના માબાપને આ વાતની જાણ પડી એટલે એકઠા થઇ શું કરવું તેનો વિચાર કરવા બેઠા. સમજુ વૃધ્ધોએ એકઠા થઈને બ્રાહ્મણોની સભા મેળવી. વૃધ્ધો બોલ્યા, હે બ્રાહ્મણો ધર્મ સંકટ આવી પડ્યું છે માટે શો ઉપાય કરવો ! ધર્મનું રક્ષણ થાય અને તેઓ જાતી ભ્રષ્ટ ના થાય, તેમ કરવું જોઇએ.

બ્રાહ્મણો બોલ્યા—તે વિધવાઓનાં લગ્ન તે યુવાન બાળકો સાથે કરવાં જોઇએ તેથી ધર્મનું રક્ષણ થશે અને તેઓ જાતી ભ્રષ્ટ થશે નહિ.

તેઓ લોકોમાં ધેનુજા મોઢ એવે નામે વિખ્યાત થશે. તેમને માટે તેઓએ એક વિશાળ, રમણીક ધેનુજ નામનુ નગર વસાવ્યું. તે ધર્મ ભ્રષ્ટ થએલા યુવાનો પૂજાનું દ્રવ્ય, વસ્ત્ર, ઘરેણાં, અને વિધવાઓને લેઇને ધેનુજ નગરમાં ગયા. તે ધેનુજા બ્રાહ્મણોની સંખ્યા પાંચસેની હતી.

તેમની ભદ્રીક નામની કુળદેવી છે. તે દેવી ધનુર્બાણ ધારણ કરનારી, બે હસ્તવાળી અને મહિષ (પાડા) ઉપર બેસનારી છે. યુધિષ્ટિર બોલ્યા, હે ધૌમ્ય મુનીરાજ તમે મને ધર્મારણ્યને લગતું અતી પવીત્ર આખ્યાંન કહ્યું, હવે આ ભયંકર કળી-યુગમાં બ્રાહ્મણો કેવા થયા, તે તીર્થનું શું થયું, અને વણી-કોમાં ભેદ કેમ થયા તે કૃપા કરી કહો. આપ મહા બુધ્ધી શાળી અને સર્વજ્ઞ છો. વ્યાસ મુનીએ તમને સઘળાં પુરાણો કૃપા કરીને શીખવ્યાં છે, તે સઘળાં આપના હૃદયમાં રમી રહ્યાં છે માટે વણીકોના ભેદ વિસ્તારી કહો.

ધૌમ્ય બોલ્યા, હે રાજન્ મોહેરકપુર વિષે મેં જે સાંભળ્યું છે તે પ્રમાણે હું કહુંછું તે સાંભળ. આ સ્થળમાં રામની આજ્ઞા પાળનાર સુઘળા ગોભુજા (ગોધવા) વણીકો સારી

રીતે ત્રૈવીધ બ્રાહ્મણોની આજ્ઞામાં રહી પોતાનાં કર્મ કરતા હતા. એક વખતને સમયે કોઈક વાણીઓ સૂર્યકુંડ આગળ ગયો. ત્યાં તેણે એક ઝાડની છાયા નીચે થાકથી સુઈ રહેલા ક્ષપણ (ગોરજી)ને જોયો. તેણે મેલાં વસ્ત્ર પેહેરેલાં હતાં. થાકી ગયેલો, મેલો, ભુખ્યો, અને દીન બનેલો તે ભરનિન્દ્રામાં હતો. વણીકને પાસે ઉભેલો જોઈ તે ઝબકી ઉઠયો. વણીક બોલ્યો તું કોણ છે? કયાંથી આવ્યો છું? પીશાચ છું કે રાક્ષસ છું? તને અહીઆં કોણે મોકલ્યો છે? તારે શું કામ છે? તારે કયાં જવાની ઇચ્છા છે? તે તું મને કહે. તું ભુખ્યો થયોછું? તારો કોઇએ ત્યાગ કર્યો છે? તારે ભોજન કરવાની ઇચ્છા હોય તો ઉઠીને મારી સાથે મારે ઘેર ચાલ. હું તને જમાડી તારા કલ્પાન્ત કરતા આત્માને સંતોષ પમાડીશ. ધર્મલાભ કરવો મુકી દે. તારે જેની ઈચ્છા હોય તે માગી લે. આ ઠેકાણે કોઇ તારા ધર્મનો મનુષ્ય નથી કે જે તારી મન કામના પૂર્ણ કરે.

મોહેરકપુરમાં રહેનાર તે વણીકનું આવું નમ્ર વચન સાંભળી જતિએ મોઢા ઉપર લુગડું ઢાંકીને કહ્યું.

જતિ બોલ્યો—પૂર્વે વણીક જાતમાં ઉત્પન્ન થયેલો હું વિષયનો ત્યાગ કરીને ઘરબાર અને સ્ત્રી તજીને જૈનધર્મને આશ્રયે રહ્યોછું. મારૂં રેહેઠાણ એકજ ઠેકાણે નથી. ભોજન

પણ એકજ ઠેકાણે કરતો નથી. ભીક્ષાને શ્રેષ્ટ ગણીને અલ્પ ભોજન કરૂંછું. કોઈ પણ વખતે દ્રવ્યનો સંગ્રહ કરતો નથી. તેમજ કદાપી ધાતુને અડતો નથી. સર્વ પ્રાણી ઉપર હમેશાં દયા ભાવ રાખી, તીર્થ યાત્રાઓ કર્યા કરૂંછું. વખતે ભીક્ષા લઇ ઉનું પાણી પીઉછું. સંસારની કથા કરતો નથી. ધર્મની કથામાં પ્રિતી રાખુંછું. હમેશાં અર્હતનું સ્મરણ કરૂંછું, અને ગુરૂને નમુછું. વૃથા ભાષણ કરતો નથી. દયા ધર્મને અનુસરી કર્મ કરૂંછું. હમેશાં પુસ્તક વાંચુછું. હે વણીક મેં તને આવી રીતનો સીદ્ધ લોકોએ શેવેલો માર્ગ કહ્યો.

જતિનો આવો બોધ સાંભળી તે ગોભુજો વાણીઓ તેના જેવો થઇ ગયો. વશ થયેલા તે વાણીઆએ તે જતિને પોતાનું ઘર પાવન કરવા કહ્યું. જતિ બોલ્યો, હે વણીક વેદધર્મની ઇચ્છાવાળાની કુભિક્ષા હું ગ્રહણ કરતો નથી. ફકત જૈન મતને આશ્રય આપનારનુંજ ભોજન ગ્રહણ કરવું જોઇએ એવો અમારો મૂળ સિધાન્ત છે. વળી રાત્રીએ ભોજન કરવાનો ઘણો દોષછે. આ નગરમાં કોઇ જૈનમાર્ગી નથી તેથી હું ગામમાં પગ મુકીશ નહિ.

તે મુર્ખ વણીક બોલ્યો કે હે ગોરજી મહારાજ આપ એમ કેમ બોલોછો હું આપનો શીષ્ય થઈ ચુકયોછું અને આપને મારા ગુરૂ સ્થાપ્યાછે. હું તમારો દાસછું માટે મારે

ઘેર આવી ઘર પવીત્ર કરો. હું તમારી આજ્ઞા પ્રમાણે હ-મેશાં વર્તીશ. હે ગુરૂમહારાજ દૈવથી હું ઠગાએલાનો આજ જન્મારો સફળ થયોછે. વણીકનું આવું નમ્ર વચન સાંભળી તે જૈન જતિ તેને ઘેર ગયો. તેને આસન આપી તે વણીકે પોતાના સઘળાં સગાંવહાલાંને બોલાવ્યાં; તેમને બોલાવી તેણે કહ્યું કે ધર્મની ઈચ્છાવાળા આ મહા ભાગ્યશાળી, સઘળા પાપનો નાશ કરનાર જતિને સઘળા નમસ્કાર કરો. તેના સગાંવહાલામાંના કેટલાક તેના જેવા થઈ તેને નમવા લા-ગ્યા, અને કેટલાકે કહ્યું કે આ પાખંડછે. ભોજન કરાવી રાત્રે તેને સુવાનું સ્થાનક આપ્યું. બીજે દીવસે સવારમાં પાડોશમાં એક ઘર અપાવી પોતાનાં સગાંઓના અનુમતથી ચાતુર્માસ રાખવા નિશ્ચય કર્યો. સાંજરે કેટલાક વણીકો ત્યાં ભેગા થતા અને તે જતિ વેદની નિંદા કરી તેમને પોતાનો ધર્મ સમજાવતો. તે કહેતો કે સઘળા બ્રાહ્મણો રાગી, લોભ મોહમાં લુબ્ધ થયેલા, રાત દીવસ પરસ્ત્રી, પુત્ર અને ધન સારૂ અથડાયા કરેછે. જે મનુષ્ય પથ્થરને ગળે બાંધી તર-વા ઈચ્છે. તેનાથી તરી શકાય નહિ તેમ તેઓ તરવાને અશક્તછે. જેઓ પોતે તરશે નહિ તેઓ બીજાને શું તા-રશે? જેઓ પોતાનું કલ્યાણ નહિ કરે તેઓ બીજાનું શું કલ્યાણ કરશે? બ્રાહ્મણો યજ્ઞ કાર્ય આરંભીને પશુ હીંસાવા-

ળા ધર્મ આચરેછે. માંસાહારી તેઓ દયા રહિત બ-નેલા છે. હીંસા ન કરવી તેતો વેદમાં પણ મોટો ધર્મ માનેલોછે. સઘળા બ્રાહ્મણો વંતાક, મુળા આદી કંદમુળ ખાયછે. અને રાત્રીએ ભોજન કરેછે, તેઓ અસ્વચ્છ પા-ણી પીએછે, અને સઘળા કાર્યમાં રાગીછે માટે કીયા ગુણથી તેમને પૂજવા જોઇએ.

ભગવાન વિષ્ણુ, શીવ, ઇન્દ્ર, ચંદ્ર, સૂર્ય, અને બ્રહ્મા વિગેરે દેવોને ફળની ઇચ્છાવાળાએ કેવી રીતે પૂજવા જોઇએ. વિષ્ણુ દૈત્યનો નાશ કરતા હતા, ત્રીપુર દૈત્યનો નાશ રૂદ્રે કર્યો હતો, ઇન્દ્ર અહીલ્યા સાથે લુબ્ધ થયો હતો, અને ચંદ્ર ગુરૂની સ્ત્રીની ઇચ્છા વાળો થયો હતો, ભગવતીએ શુંભ અને ની-શુંભ વિગેરે અનેક રાક્ષસોનો નાશ કર્યો હતો તો એવા કુકર્મ કરનારા દેવોને પૂજવાથી શું સાર્થક થવાનું ? દયા, તીતીક્ષા, અને ઇન્દ્રીય નીગ્રહ રાખવી એ સર્વ ધર્મોમાં ઉત્તમ ધર્મ છે એવો અમારો મૂળ સીદ્ધાંત છે. આ પ્રમાણે હમેશાં વીવીધ પ્રકારે દંભ રૂપ ધારણ કરેલો તે જતિ ગોભુજા વણીકોને બોધ કરતો હતો. તેનાથી મોહ પામી તેઓ સ-ઘળા તેનાં વાકયો ગ્રહણ કરતા, અને પ્રિતિયુક્ત થઈ હ-મેશાં વિવિધ કથા સાંભળતા.

એ પ્રમાણે કેટલાક મહીના સુધી તે જતિ ત્યાં આગળ

કેમ થાય ? હે વણીકો આ ઉત્તમ સ્થાન તજીને જશો તો મહા દુઃખ પામશો, માટે વિરોધ તજી અત્રે રહેવાનું પસંદ કરો. બ્રાહ્મણો સાથેનો કલેશ તજી પોતપોતાને ઘેર સુખે રહો. આ પ્રમાણે વણીકોનું વચન સાંભળી જૈન મતવાદી વણીકો બોલ્યા કે બ્રાહ્મણોએ અમારા ગુરૂ તે તપસ્વીને મારી શા માટે કાઢી મુક્યો ?

ચાતુર્માસ એક આશ્રમમાં રહેવું અને સીમાનું ઉલંઘન ન કરવું એવો જૈન ધર્મનો નિશ્ચયછે. તે નિયમની અવગણના કરી જતિને મહા દુઃખ આપેલુંછે માટે તે મહાત્માને તેના સ્થાનમાં લાવો તો અમે ઘેર પાછા આવીશું, નીકર માથું ગયે પણ પાછા ફરનાર નથી. વણીકો આવું વચન સાંભળીને બ્રાહ્મણો પાસે આવ્યા, અને કહ્યું કે હે ભૂદેવો તમે અમારૂં વચન સાંભળો. કલેશનો નાશ કરવાને હે મહા ભાગ્યશાળી તમારે અમારૂં વચન માન્ય કરવું જોઇએ. મુનીઓ ક્ષણ ક્રોધવાળાછે, અને લાંબા વખત સુધી ક્રોધ રાખતા નથી, કારણ ક્રોધ એ ચંડાળછે એવું બુદ્ધિમાન પુરૂષો કહે છે. મહીનો અડધો મહીનો તે જતિને ચાતુર્માસ વીતે ત્યાં સુધી લાવી પાછો રાખો, તેથી કલેશની શાન્તી થશે. થોડા દીવસ રાખી પછી તેને કાઢી મુકીશું એટલે તે સંતોષ પામેલા વાણીઆઓ આ સ્થળ છોડી જશે નહિ. તેઓ તમારા નગરમાં રહેશે એવી અમારી પ્રાર્થનાછે.

બ્રાહ્મણો ક્રોધાયમાન થઈ બોલ્યા, અમારે એ દુષ્ટ જૈન-મતવાદી વાણીઆઓની જરૂર નથી. તેઓ ગમે ત્યાં જાય. આ પવીત્ર નગરમાં એ દુષ્ટાત્માઓને એક ક્ષણવાર પણ રાખવા જોઇએ નહિ. વેદની નીંદા કરનાર, પાપી, ધર્મ દ્રૂષ કરનાર, અને દુષ્ટ આચરણ વાળા તેઓ બીજાને અડધા ની-મીષમાં પાપી કરશે. જેમ તે જતિએ તેમનાં મન ફેરવી નાંખ્યાંછે તેમ તેઓ તમારાં મન ફેરવી નાંખશે, માટે જે વેદ-માર્ગથી જૂદા પડેલાછે તેમને જવા દો. આ પ્રમાણે વણીકોનું તે વચન બ્રાહ્મણોએ માન્ય કર્યુ નહિ એટલે તે જૈન મતવાદીઓ ત્યાંથી રીસાઈને ચાલ્યા ગયા. બીજા -હૃદયવાળા અને ક્રોધ પામેલા તે વણીકો તેમના કુટુંબ સહીત અડાલજ નગરમાં આવ્યા. એમ ગોભુજા વાણીઆઓની બીજી શાખા અડા-લજમાં વશી તે ઉપરથી તેઓ અડાલજાના નામથી ઓ-ળખાય છે. ચાતુરવિદ્યનો આશ્રય કરનાર તે વાણીઆઓની જાતી જુદી થઈ. બ્રાહ્મણોનો આશ્રય કરનાર કેટલાક શ્રી ક્ષેત્રમાં ગયા અને તેઓમાં કેટલાએક ધર્મને જાણનારા અને વેદ માર્ગની ઇચ્છાવાળા હતા. એ પ્રમાણે કાળ કળા-ને લીધે બ્રાહ્મણોનો અને વાણીઆઓનો જાતી ભેદ થયો. ગોભુજા વાણીઆમાંના કેટલાક નાવ ચલાવનાર (ખંભાતી) થયા અને જેઓ ઇક્ષુકરનાર થયા તે સીંધુને કાઠે રહેતા

હતા તે મધુકરો (ચાંપાનેરી) રમણિક ખારા પાણીથી ઘેરાએલા શોભાયમાન દ્વીપપુરમાં રહેવા લાગ્યા કેટલાએક તેલ કર્મમાં હુંશિઆર હતા તે જુદા પડ્યા અને તેથી તેઓ તેલી કહેવાયા. એમને વાણીઆઓએ દુર કર્યા. એ પ્રમાણે ખરેખરી રીતે તમને વણિકોનો અને બ્રાહ્મણોનો સઘળો જ્ઞાતિ ભેદ કહ્યો. દીવસે દીવસે આ કળિયુગમાં બ્રાહ્મણો તેમજ વાણીઆઓ આચાર ભ્રષ્ટ થવા લાગ્યા બ્રાહ્મણોમાં પરસ્પર વિરોધ થયો તેથી પાછળથી ધર્મના રક્ષણને માટે તેમણે માર્યાદા કરેલી છે.

ૠશિઓ બોલ્યા, મોઢ નામના બ્રાહ્મણોએ ધર્મના રક્ષણ સારૂં કેવી રીતે મર્યાદા કરી તે હે સુત તું અમને કહે.

સૂત બોલ્યા; પછી જે થયું તે હું તમને કહુંછું તે સાંભળો. જ્યારે મોહેરકપુરમાં પાખંડ ધર્મ નાશ પામ્યો અને વેદ ધર્મ ચાલ્યો ત્યારે સૂર્ય કુંડ આગળ આવેલા સ્થળમાં સઘળા બ્રાહ્મણો એકઠા થઇ હવે પછી આપણે કેમ વર્તવું તેવું પરસ્પર બોલ્યા. જેમ અહીં આગળ કોઈ બ્રાહ્મણું વેદ ધર્મને તજે નહીં તેમ હે શ્રેષ્ટ બ્રાહ્મણો ધર્મને સારૂ મર્યાદા કરવી જોઈએ. હવે પછી અન્વર્ણનું યજન ન કરવું અને હમેશાં ખરેખર નીચવર્ણનો પ્રતીગ્રહ ત્યાગ કરવો જોઇએ. જે સાત અંત્યજા (નીચીવંર્ણના) કહે-

વાયલા છે તેઓનો કોઇએ કોઈ પણ વખતે પ્રતીગ્રહ કરવો નહી અને જે મંદ આત્માવાળો તે કરેછે તેનું નીચ ઘર ગણવું જોઇએ. પોતાની પંક્તીનો માણસ દોશવાન થાય તે પાપીનો પ્રયત્નથી ત્યાગ કરવો અને શ્રેષ્ટ બ્રાહ્મણોએ તેનો પક્ષપાત ન કરવો, અને તેને ધર્મ શાસ્ત્રમાં કહ્યા પ્રમાણે પ્રાયશ્ચીત કરાવવું. અનાચાર વાળો જે બ્રાહ્મણ સંધ્યા સ્નાન વગરનો થયો તે અને વેદ ધર્મનો ત્યાગ કરીને પાખંડ ધર્મને આશ્રય આપે તે અને જે ધર્મની નિંદા કરે તે બ્રાહ્મણને દુર કરવો જોઈએ. જે વર્ષો વર્ષ શ્રાદ્ધ કરતો નથી તો તેને ઘેર ભોજન ન કરવું અને તેનો પ્રયત્નથી ત્યાગ કરવો. વૈશ્વ દેવને કર્યા વગર જે બ્રાહ્મણ ભોજન કરેછે તેને ધર્મનું રક્ષણ કરવામાં તત્પર થએલા સઘળા બ્રાહ્મણોએ તજવો જોઇએ. પરજ્ઞાતીના બ્રાહ્મણોને ઘેર જે ભોજન કરે તેને પણ પ્રયત્નથી મર્યાદાના રક્ષણ સારૂ દંડવો જોઇએ. જ્યાં કન્યા આપવી જોઇએ ત્યાં ભોજન કરવું જોઇએ કારણ કે પૂર્વે ચાલેલો માર્ગ કળીયુગમાં પ્રયત્નથી ત્યાગ કરવો જોઇએ. પૂર્વે સર્વ જ્ઞાતીમાં ભોજન કરવું એવી રીત હતી તે રસ્તો હાલ કળિયુગમાં શ્રેષ્ટ બ્રાહ્મણોએ ત્યાગ કરવો જોઈએ. કોઇ ઠેકાણે પાંચ પાતકવાળાનો સંસર્ગ થાય તેથી કોઈ પણ વખતે પર

ગ્નાતીમાં ભોજન કરવું ન જોઇએ. શ્રેષ્ટ બ્રાહ્મણોએ ધર્મ શાસ્ત્રમાં ભેદ કહેલો નથી તથાપી ડાહ્યા માણસોએ હમેશાં પોતાની ગ્નાતીમાં ભોજન કરવું જોઈએ. મનુ વીગેરે બીજાઓએ કહેલું છે કે બ્રાહ્મણોએ ચાર વર્ણની કન્યાનો પરીગ્રહ કરવો પણ તે રીત કળિયુગને લીધે ત્યાગ કરવી જોઇએ તેમજ ખાવા પીવાનો વહેવાર સ્વગ્નાતીમાં રાખવો. આ મર્યાદાને ધર્મારણ્યમાં રહેલા સઘળાએ રક્ષણ કરવી જોઇએ. જે અલ્પ બુદ્ધીથી કન્યાનું દ્રવ્ય તેકન્યાના સાસરામાંથી લેછે તે કન્યાવીક્રય કરનારને પણ પ્રયત્નથી તજવો જોઇએ. વીવાહ વિગેરે કર્મમાં જે માતંગીની પુજા નથી કરતો તેને પણ પ્રયત્નથી તજવો જોઇએ. જ્યારે હત્યા દોશ થાય ત્યારે વીધિ પ્રમાણે ધર્મ શાસ્ત્રમાં કહેલું સઘળું પ્રાયશ્ચીત કરવું જોઇએ. બ્રહ્મહત્યા થાય ત્યારે તેમજ સ્ત્રી, બાળક, અને ગાયનો વધ થાય ત્યારે ડાહ્યા માણસોએ બાર વર્ષ સુધીનું વ્રત કહેલું છે. સુરાપાન કરવું તે પણ બ્રહ્મહત્યા જેવું પાપ કહેલું છે. તેમજ ગુરૂની સ્ત્રી સાથે વ્યભિચાર કરે તેપણ સ્મૃતિમાં દંડવા ચોગ્ય કહેલો છે તે દોશવાન થએલાઓનો જે પક્ષપાત કરેછે તે પક્ષપાત કરનારો દોશવાન જેવો થાયછે, એમાં કાંઈ પણ સંશય નથી. કામથી મોહ પામેલો જે મનુષ્ય બીજી વર્ણની સ્ત્રી કરેછે તે દંડવા ચોગ્ય નથી પણ

શુદ્ર પેઠે તજવા યોગ્ય છે. જે મનુષ્ય બીજી નાતના બ્રાહ્મણોની કન્યા પરણે છે તેને નાતમાં ન રાખવો અને શ્રેષ્ટ બ્રાહ્મણોએ તેને તજવો જોઈએ. જે મનુષ પોતાની ગ્નાતીમાં ઉત્પન્ન થએલી સ્ત્રીને લગ્ન કર્યા વીના રાખેછે તે શુદ્ર જેવો કહેવાયછે માટે પ્રયત્નથી તેને તજવો. લોભ અને મોહવાળો થઈને જે જૈનધર્મનો આશ્રય કરેછે અથવા તે ધર્મને આશ્રય આપેછે તેને પણ પ્રયત્નથી દંડવો જોઇએ. જ્યારે થોડો કે વધારે દોશ થાય ત્યારે ધર્મ શાસ્ત્રમાં બતાવ્યા પ્રમાણે પ્રાયશ્ચિત કરાવવું અને વિધી પ્રમાણે દંડ કરવો જોઇએ. આ પ્રમાણે કરેલી મર્યાદાને હમેશાં બ્રાહ્મણોએ પાળવી જોઇએ અને જે તે ન પાળે તેને શ્રેષ્ટ બ્રાહ્મણોએ દંડવો જોઇએ.

સૂતબોલ્યા.—જ્યારે ભયંકર અઠાવીસમો વૈવસ્વંતનો કળીયુગ બેઠો ત્યારે બ્રાહ્મણોએ એ પ્રમાણે મર્યાદા કરી. અશુભ કળીયુગ જ્યારે પ્રાપ્ત થયો ત્યારે જે થયું તે હું કહુંછું તે તમે સાંભળો. બ્રાહ્મણોના શ્રાપથી પીડાએલા યાદવો શ્રેષ્ટ તિર્થ પ્રભાસમાં ભયંકર યુદ્ધ કરીને નાશ પામ્યા. દેવકીના પુત્ર જનાર્દન ભગવાન પૃથ્વીનો ભાર ઉતારીને દેહ તજીને સ્વર્ગમાં ગયા. શેષ નાગના અંશવાળા બળદેવજી પણ ઘણા સુંદર સરસ્વતીના ત્રઠ ઉપર દેહ તજીને પાતાળમાં ગયા. સર્વંળા દ્વારકાના રહેના-

રાઓ તે નગરમાંથી નીકળીને બાહાર રહ્યા ત્યારે વીષ્ણુએ ત્યાગ કરેલું તે નગર સાગર ગળી ગયો. સર્વ લોકોને લેઇને અર્જુન ત્યાંથી નીકળ્યો ત્યારે દુષ્ટ આત્માવાળા ચોરોએ રસ્તામાં તેનું સઘળું ધન લુંટી લીધું. વજ્રને રાજા બનાવીને ઇંદ્રપ્રસ્થમાં અર્જુન ગયો અને પછી હસ્તીનાપુરમાં જઇને રાજાને તે સર્વ હકીકત જાણ કરી. ઘણા દુ:ખી થયેલા ધર્મ પુત્ર યુધિષ્ટિર રાજાએ તે સાંભળીને ભાઇઓ સહીત જલદીથી રાજ તજવાનો વીચાર કર્યો. દ્રૌપદીને અને પાંચ ભાઈઓને આગળ કરીને દુ:ખી થએલા તેઓ જલદીથી મોટા પ્રસ્થાનમાં ગયા. અભિમન્યુના પુત્ર પરિક્ષિતને રાજા બનાવીને સઘળા હીમાલયમાં જઇને દેહ તજી સ્વર્ગમાં ગયા. ધર્માત્મા અને મોહોટી બુદ્ધિવાળા પરિક્ષિતે રાજ્ય કર્યું અને બ્રાહ્મણના શ્રાપથી તક્ષકે તેને ડંશ કર્યો તેથી તે કેટલેક વખતે મરી ગયો. તેના છોકરા જનમેજયને મંત્રીઓએ રાજા બનાવ્યો તે રાજાએ લાંબા વખત સુધી રાજ્ય કર્યું અને સર્પયજ્ઞ કર્યો. ત્યાર પછી ઘણો ભયંકર કળી ફેલાવા લાગ્યો તેથી હવે પછી શું થશે તે તમે હે શ્રેષ્ટ મુનીઓ સાંભળો. જ્યારે કળીયુગ સંપૂર્ણ પ્રાપ્ત થશે ત્યારે સઘળા બ્રાહ્મણો વેદ વગરના, ગુરૂપદ વગરના, સર્વ ધર્મથી દુર થશે. રાગવાળા, લોભવાળા, પરસ્પર વિરોધ કરનારા, નીત્ય કર્મ નહીં કરનારા અને શુદ્રના આચાર્ય બ્રાહ્મણો થશે. શુદ્રની

આજ્ઞા પાળનારા તેમજ ઘરનાં કામ કરનારા અને વેદ માર્ગને તજનારા બ્રાહ્મણો થશે. ઘણા પવિત્ર ધર્મારણ્ય તિર્થમાં ચોર લોકોનું અને નીષાદોનું મોટું રહેઠાણ થશે. બ્રાહ્મણોની શેવાનો ત્યાગ કરીને સઘળા વાણીઆ વૈશ્ય વૃત્તિવાળા થઈને ધનને સારૂ દેશે દેશમાં જશે. કળિયુગમાં અહંકારવાળા, દાંભીક, તેમજ વૃત્તિ વગરના અને મ્લેચ્છ રાજ્યથી પીડાયલા બ્રાહ્મણો થશે. શુદ્રની શેવા કરનારા દીન અને મોહવાળા બ્રાહ્મણો થશે અને ઘણા પાખંડી શુદ્રો ઉપદેશ આપનાર થશે. કળીયુગમાં બુદ્ધિ વગરના, વેદ ધર્મ ત્યાગ કરનારા અને કન્યા વીક્રય કરનાર બ્રાહ્મણો થશે. લોભ મોહથી પીડાએલા, પરસ્પરના વીરોધથી ખુશી થએલા, શ્રેષ્ટ બ્રાહ્મણો દેશે દેશમાં જતા રહેશે. ક્રીયા વગરના, ઘણા કામાતુર, ધર્મ શાસ્ત્રનો વિરોધ કરનાર, અને લોભમાં તત્પર થએલા તેઓ શુદ્રોની શેવા કરશે. કળીયુગમાં ઘરો અને દેવનાં દેવળો પડી જશે અને વિર્ય વગરનાં તિર્થો થઈ જશે. હે શ્રેષ્ટ બ્રાહ્મણો પછી જ્યારે સત્યયુગ ચાલશે ત્યારે ધર્મ વિસ્તાર પામશે અને પૂર્વના જેવું ધર્મારણ્ય થશે. એ પ્રમાણે મેં સત્યવતીના પુત્ર વ્યાસની પાસેથી જે પૂર્વે સાંભળેલી હતી તે ધર્મારણ્યની કથા કહી સંભળાવી. ભક્તીમાં તત્પર થએલો જે મનુષ્ય આ ઉત્તમ આખ્યાન સાંભળે છે તે સર્વ સુખને મેળવનાર થાયછે એમાં સંશય નથી.

પાલનપુર.

૧૦ રતનજી કેશવજી. સીરસ્તેદાર પાલનપુર.
સુપ્રીન્ટેન્ડન્સી.

પેટલાદ.

૧ હારવાલા. ચુનીલાલ દામોદરદાસ.
૧ ,, ગોરધનદાસ દામોદરદાસ.
૧ ,, છોટાલાલ છગનલાલ.
૧ પારેખ. ગોરધનદાસ વાહાલાભાઈ.
૧ વકીલ. માણેકલાલ હરીલવદાસ.
૧ મો. માધવલાલ ભગવાનદાસ
૧ તલાટી. મણીલાલ પ્રાણજીવનદાસ.
૧ શા. મણીલાલ ડાહ્યાભાઈ.
૧ દવે. હરજીવન પરભુરામ.
૧ વકીલ. ભુરાભાઇ છગનલાલ.
૧ પેટલાદ લાઇબ્રેરીના સેક્રેટરી. મજમુદાર. છગનલાલ
લલુભાઈ.
૧ પરીખ. અંબાલાલ જેઠાલાલ. દલાલ.
૨૭ પટવારી. ગીરધરલાલ વિઠલદાસ. માણસાના
કારભારી સાહેબની મારફત.

માણસા.

૧ રા. રાજારામ ઘેહેલારામ.
૧ રા. હાથીભાઇ બલાખીદાસ.
૧ રા. ભાઇશંકર દેવકરણ.
૧ શા. અભેચંદ ગોપાળદાસ.
૧ રા. મગનલાલ લખમીચંદ.
૧ શા. હરજીવનદાસ અમરચંદ.

સાદરા.

૧ વકીલ. ફતેચંદ રામચંદ.

વરસોડા.

૨ ઠાકોર સાહેબ શ્રી કીશોરસીંહજી.
૧ રા. રવીદત્ત દલસુખરામ.
૧ રા. દેવરામ મનસુખરામ.
૧ મહેતા. પરભુદાસ દલુચંદ.

૧ શા. માણેકલાલ જેઠાભાઇ.
૧ પટવારી. કેશવજી જસરાજ.
૧ પટેલ. ત્રીકમ રણછોડદાસ.
૧ શા. મગનલાલ હીંમતરામ.

ઘોડાસર.

૪ ઠાકોર સાહેબ શ્રી દાદાસાહેબ સુરજમલજી.
૨ કારભારી સાહેબ. ગોકળદાસ ડાહ્યાભાઇ.
૨ રેવન્યુ કામદાર. બાળાશંકર હરજીવન.
૧ સીરસ્તેદાર. મોતીલાલ મુળજી.
૧ હેડઆકાઉન્ટન્ટ. છગનલાલ લખમીરામ.
૧ શા. જમનાદાસ ગોપાળદાસ.

વઢવાણકાંપ.

૧૦ કોઠારી. માધવજી વી. ભાણજી.

વઢવાણ.

૧ ટીકીટ કલેકટર ગંગાદાસ તાપીદાસ.

વડોદરા.

૧ મુનશી. જુગલભાઇ દોલતભાઈ.

અમરેલી.

૧ નાયબ સુબાસાહેબ. હરજીવનદાસ પુરશોતમદાસ.
૧૯ શા. વલવદાસ નરોતમદાસની મારફતે.

ધંધુકા.

૧ શા. માધવજી ચકલ.
૧ શા. છગનલાલ વાઘજી.
૧ શા. પરસોતમ ઝવેર.
૧ શા. કેશવલાલ મેઘજી.
૧ મોદી. બાપુ ગોરધન.
૧ પારેખ. ઝવેર મુળજી.
૧ ગાંધી. ચકુ મથુર.
૧ પટવારી. જસરાજ વલવદાસ.
૧ શા. વલવદાસ નરોતમદાસ.
૧ શા. ગોપાળદાસ મોરારદાસ.

રોજકા.

૧ શા. મોહનલાલ કાળીદાસ.

તગડી.

૧ શા. વણારશી રાયચંદ.

છત્રીઆણા.

૧ શા. ગોકળ ભાણજી.

ભલગામડા.

૧ શા. હીરાચંદ લખમીચંદ.

ધોળકા.

૫ શા. ભુખણદાસ અમથાશા.

નડીઆદ.

૧ ચોકશી. જેઠાલાલ નાથાભાઇ.

ભુજ.

૧ ત્રીપાઠી. હરજીવનદાસ ત્રીભોવનદાસ.

૧ ભટ. મકનજી વાસુદેવ.

૧ ત્રીપાઠી દયાશંકર સ્યામજી.

દેસલપુરકચ્છ.

૨ દ્વિવેદી. મોરારજી અજરામર.

૧૦ પારેખ. ગોવીંદજી નાનજી બુકસેલરની મારફત.

વેરાવળ

૧ રા. ઘેલાભાઈ દેવકરણ.

૧ રા. ઝીણાભાઈ વિરચંદ.

૧ રા. ચત્રુભુજ માવજી.

૧ રા. વલવજી વાલજી.

૧ રા. કેશવજી ગોવિંદજી.

૧ રા. દામોદરદાસ જીવાભાઈ.

૧ રા. કરમચંદ સવચંદ.

ચોરવાડ.

૨ રા. હરીદાસ ગોવિંદજી.

પાટણ.

૧ રા. ભગવાનજી દેવચંદ.

મદ્રાસ.

૪ પરીખ. કેસવલાલ હરગોવીંદદાસ.

૨ પરીખ. ગોવીંદદાસ વલવદાસ.

૧ શા. હીરાલાલ અમરતલાલ.

આ પુસ્તક નીચેને ઠેકાણે રોકડી કીંમતે મળશે.

અમદાવાદ—કર્તા પાસેથી.

વોહોરા છોટાલાલ પ્રાણશંકર ધના-
સુતારની પોળમાં શાસ્ત્રીને ખાંચે.

શ્રીજવલ્લવદાસ ચુનીલાલ ટીકીટ ક-
લેક્ટર સ્ટેશન ઉપર.

પેટલાદ— કાળીદાસ ચુનીલાલ કીનખાબવાળા.
આ. મા. એં. વ. સ્કુલ.

જુનાગઢ—પા. ગોવીંદજી વી. નાનજી બુકસેલર.